સત્યવચન મહાત્મ્ય અને સચ્ચરિત્ર સંયુક્ત

માનતુંગ-માનવતી.

(એક આલ્હાદક અદ્ભુત રસિક નૉવેલ.)

લખનાર—પૂર્ણચંદ્ર-રાજગોર પુરોહિત.

પ્રથમાવૃત્તિ—પ્રત ૧૦૦૦

પ્રકાશક—સવાઇભાઇ રાયચંદ શાહ-
અધિપતિ "સમશેર બાહાદુર"

અમદાવાદ.

સ્વકીય મુદ્રાલયમાં જનહિતાર્થે મુદ્રિત કર્યું.

સંવત્ ૧૯૬૦ સને ૧૯૦૪

કીમત ૫ આના.

પ્રારમ્ભ.

પ્રિય જૈનધર્માવલંબી મહાશયો ! આપને વિદિતજ છે કે, હાલમાં આ પંચમકાળના દુઃખદ પ્રભાવને લીધે આપણા જૈનબાન્ધવોની અને કુમળી વયના વિદ્યાર્થિયોની મનોવૃત્તિ સ્વધર્મના પ્રાચીન ગ્રંથાવલોકન તરફ નહિ પણ માત્ર રસિક નાટકો તથા મનપસંદ નોવેલ્સો તરફજ દોરાયલી જોવામાં આવે છે.

સદાનો નિયમજ છે કે, જે દિશાનો પવન જબરા જોરથી ફુંકાતો હોય તે દિશા તરફ ડાહ્યા જનોને પીઠ દેવી એજ ઉચિત છે, નહિ તો નેત્રો મહિપુત્રીથી પૂરિત બને એમાં જરા પણ નવાઈ નથી. જ્યારે એમ છે ત્યારે આધુનિક પ્રજાનિ મનોવૃત્તિને માન આપવા કદાચ મારિ વિચારણા પણ તેમની વિચારણાને મળતી થાય તો તેમાં કંઇ નવાઇ જેવું ગણાય નહિ. પરંતુ કેવી રીતે મળતી થાય? તેના પ્રતિઉત્તરમાં એટલુંજ કહેવું બસ છે કે. ભલે જે એમની વિચારણા હોય તેજ કાયમ રહો, પણ માત્ર મારો પ્રયાસ એજ છે કે તેઓને સ્વધર્મ સદાચારાદિથી ડગાવનારાં નૉવેલ્સો કે જેઓના વાંચવાથી મતિ વિભ્રમવંત થાય છે. તેવાં નહિ પણ સદાચાર સુબોધ સુનીતિ અને સ્વધર્મમાં અભિરૂચિ વધારનારાં જૈની પુરાતન ઐતિ-

હાલિક નૉવેલ્સો (સરસ અને સસ્તાભાવે) પ્રકટ કરી તેઓના મન મંદિરમાં તરણ તારણ જૈનધર્મની પ્રતિભા પાડવી એજ હેતુને અવલંબી આ સત્યવચન મહાત્મ્ય અને ચમત્કાર ગર્ભિત "માન-તુંગ-માનવતી" નું નૉવેલ્સ પ્રસિદ્ધિમાં મૂકેલું છે. અને આશા છે કે ઉત્તરોત્તર આવાંજ સ્વધર્મ રૂચિકારક વૃત્તાંતો પ્રકટ કરવા મારી વૃત્તિ ઉત્સાહ યુક્ત રહો અને તેનો મારા સ્વધર્મી બાંધવોને સુલાભ મળો એજ પરમાત્મા પ્રત્યે મારી પુનઃ પુનઃ પ્રાર્થના છે.

અમદાવાદ.
અક્ષય તૃતીયા
સં. ૧૯૬૦

પ્રસિદ્ધકર્ત્તા.

શ્રી વીતરાગાર્યનમઃ

માનતુંગ-માનવતી.

શ્રી ચરિત્ર અને સત્યવક્તા સતિનું અદ્વિતિય દ્રષ્ટાંત રૂપ
એક ઐતિહાસિક મનોરંજન સુબોધક

નૉવેલ.

પ્રકરણ પહેલું.

નૃત્યવિનોદ અને વાગ્વિવાદ.

જો તારે તારા મનની ગુપ્ત વાત તારા મિત્રને કહેવી હોય તો-પણ એકાંતસ્થળમાં, કોઇના સાંભળવામાં ન આવે તેવી રીતે, ચારે બાજુએ અન્ય જન નથી તેનો પક્કો તપાસ કરીને, અહંકાર રહિત, મધુર વચન યુક્ત, વિચારપૂર્વક, સ્વસ્થચિત્તથી, અને સાર્થવંત વાત કહેજે, નહિકે ચૌટામાં, રાત્રીએ, રસ્તે ચાલતાં, આસપાસના જનાદિનો પૂરતો તપાસ કર્યા વિના વ્યર્થ વાત કહી ઉપાધિમાં પડતો.

જસરાજ નીતિ.

પ્રહર રાત્રી અતીત થઇ ગઈ હતી. લોકોની હરફર કમતી પડી

ગઇ હતી. લોકો પોતપોતાના ઘરમાં કે દુકાનમાં દિવસના કરેલા ધં-ધા સબંધી કિંવા બનેલા સંયોગ સંબંધી વાતચીત કરવામાં ગુથયે-લાં હતાં. કોઇ નિદ્રાદેવીના ઉપાસકો નિદ્રાની પ્રાર્થના કરતા હતા, સંયોગીઓ સંયોગને લગતાં અને વિયોગીઓ વિયોગને લગતાં સં-ગીત કવિત્ત બોલી મનને સમજાવી રહ્યા હતા. કોઇ મકાનમાં મધુરાં સતાર; વીણા, સારંગી, વાંસળી, મૃદંગ આદિ વાજીંત્રો વાગી રહ્યાં હતાં ને કોઈ તો તે સાથે મધુરા સાદથી રસિક મનવેધક ગાયનો ગાઇ રહેલા હતા. કોઇ વિલાસીપુરૂષો ઉત્તમ વિલાસિનીઓના સહ-વાસમાં નીતિ-શૃંગાર હાસ્ય વગેરે રસનો અનુભવ લેતા હતા કોઇ અભાગીઆ કંકાસણી કુલટાના રડાકૂટાના સંયોગથી બિચારા મોતની માગણી કરી રહ્યા હતા. કોઇ સંતોષી સદાચારી ભક્તજનો ઇશ્વર કીર્ત્તન-પદ-આદિ બોલી ઇશ્વર સ્તવનમાં તલ્લીન બન્યા હ-તા. લોભીઆ ગૂંચૂપ પણે રૂપીઆની થેલીઓજ સભાળી વૃદ્ધે વરે-લી યુવાન વનિતાની સારસંભાળ કરવાની પેઠે લાલ પાલ કર્યા કરતા હતા. અને પરસ્ત્રીલંપટ પરધનહારક પુરૂષો તથા પરનરરક્ત કા-મિનીઓ સંકેત સ્થળે જવાની તક નજીક આવવાથી તે સંબંધી તૈ-યારી કરી રહ્યાં હતાં અને પૂર્ણિમાનો દિવસ હોવાથી પૂર્ણચંદ્ર પણ પોતાની શીતળ રસ્મીઓ વડે પ્રાકાશી રહ્યો હતો

એ સમયે એક ભવ્યાકૃતિનો પુરૂષ ધીરે ધીરે પગ ચલાવતો નિઃશંકપણે શહેરનાં ચૌટાં-ચકલાંઓ અને ગલીઓમાં ફરી ફરી જેની તેની ચર્ચા જોતો વાતો સાંભળવા કાન ધરતો વ્હેરાઇચકલા નજીક આવી પહોંચ્યો.

આ ભવ્યાકૃતિના પુરૂષની ગૌરકાંતિ હતી, જેનાં નેત્રો પાણીદાર અણીદાર કમળપત્ર સરખાં રાતા ખુણાઓ, યુકત, વિશાળ હતાં, જે-નાં ભમરો મદનના ચઢેલા ચાપ સમાન હતાં, અર્ધચંદ્ર સમાન વિ

કપાળ ભાલ હતું, નાસિકા શુક ચંચુવત અણી ઉતાર નમેલી હતી, મુખમુદ્રા મનોહર હતી, ઘેરાવાદાર વાંકડી મુંછ હતી, હોઠ પાકાં ઘો લાંબી રકતતાને પણ માત કરે તેવા રાતી હતા. દંતપંક્તિ દાડિમકળી સમાન એક સરખી ગોઠવાયેલી હતી, કંઠ કંબુની પેઠે આંટાદાર હતો, હૃદય વિશાળ હતું; બન્ને ભુજાઓ લાંબી અને હસ્તી શુંડવત્ ચઢા ઉતાર હતી, કટીપ્રદેશ સિંહકટી સરખો પાતળો લંકદાર હતો, ઝાંઘ પીડી પગ વગેરે અતિ મનોહર હતાં. પોશાક કાલા રંગનો વિચિત્ર હતો, મજબૂત બાંધાનો હતો. અને તેના તરફ ધારીને જોતાં કોઇ ધૈર્ય, શૌર્ય, સાહસ, દયા, દાતવ્ય બુદ્ધિવંત, ગંભીર, ગુસ્સાદાર, હઠીલો અને સાર્વભૌમ સરખો તેજસ્વી નર હતો. અને તે સાથે હાથમાં તલવાર ધારણ કરેલી હોવાથી વીરનર પણ કહેવાને પૂરતું સાધન હતું.

વ્હાલા વિવેકશીલ વાચકવૃંદ! આ પુરૂષ કોણ હશે અને તેવો તેજસ્વી નર રાત્રીએ મંદ ગતિથી હીંડતો જાણે છીપકાં જોતો કાન ધરતો હોય તેવાં આચરણ શા સારૂ કરતો હશે? એમ સ્હેજ તર્ક વિતર્ક તો આપના મનમંદિરમાં થતાજ હશે. તો મારે કહેવુંજ જોઇએ કે, એ પુરૂષ આપણી વાર્ત્તાનો નાયક મહારાજા **માનતુંગ** હતો અને પોતાના શહેરમાં રાત્રીએ મારા અને મારા કારોબાર માટે પ્રજાના કેવા ઉદ્દગારો છે, તે જાણવાને અર્થે નગરચર્ચા જોવા નીકળ્યો હતો. એ શહેરનું નામ તો તમારા જાણવા બહાર નથી, તો પણ કહેવું પડે છે કે ભૂખ્યા તરસ્યાનો માળવો-**માળવદેશ** તેનું પાટનગર **ઉજ્જયની** હતું. તેમાં વેશ બદલી મહારાજા માનતુંગ નગરચર્ચા જોવા દરેક મ્હોલે ચકલે ફરતો હતો, અને જ્યાં ત્યાં તેની શ્રવણેંદ્રીય ઉપર એવા બોલો આવી લાગતા હતા કેઃ—

"અહા! આપણાં મહારાજા સમાન અત્યારે અન્ય કોઇ શ્રેષ્ઠ

રાજા નથી. પ્રતિજ્ઞા પાળવામાં તો મહારાજા હરિશ્ચંદ્ર સમાન છે અને ભુજાબળીમાં ભીમસેન સમાન છે. એ પ્રચંડ પ્રતાપી મહારાજાના કઠોર કાયદાને લીધે ચોર, લુચ્ચા, લફંગા, ઠગારા વગેરેનો ડર પણ આપણા શહેરમાં છેજ નહિ; એટલુંજ નહિ પણ રસ્તામાં પડેલું તરખલું પણ કોઇ ઉઠાવતું નથી એવું રામરાજ્ય છે. કર દંડ (વેરાનો દંડ) કોઇ ઉપર છેજ નહિ, માત્ર સાધુઓ કર (હાથમાં) દંડ (લાકડી) ધારણ કરેલા જણાતા હતા. બંધીખાનામાં માત્ર ફૂલો બંધનમાં ગુંથાયલાં જણાતાં હતાં, ફાંસો માત્ર કુવા વાવડીમાં ફાંસાલા જલપાત્રતા ગળામાં દેખાતો હતો. આથી જાણીએ છિયે કે એ રાજા પ્રજાના ભાગ્યેજ જાણે રાજસ્વરૂપ ધારણ કરેલ હોયની? તેવી પ્રતીતિ થાય છે. હજુ લગી આપણા મહારાજાને કળિયુગનો વાયરો તો વાયોજ નથી! પ્રભુ! એ અમારા મહારાજા ચિરપ્રતાપશાળી થજો, એમને ઉન્હો વા પણ ન વાશો, એમની અલાબલા સર્વે ખારે દરિયે ઝંપાપાત કરજો. એમના મનની સમસ્ત આશા હમેશાં પરિપૂર્ણ થજો અને એમના શત્રુ કપાસ રૂપ થઇને ચરખામાં લોઢાજો. એ રાજેંદ્રના ગુણે કરીને જે યશનો ચંદ્રવો બંધાયો છે તેને હે ત્રિભૂવનપતિ! કશું નુકશાન ન લગાડીશ."

આ પ્રમાણે પ્રજાના મુખથી પોતાનાં યશગીત સાંભળી હર્ષવંત થયો અને મન સાથે કહેવા લાગ્યો:—"ધન્ય છે મારી પ્રજાને કે, જે મારા પર શ્રેષ્ઠ પ્રીતિ રાખે છે. અને એ પ્રજાનું હું પણ શ્રેયજ ઇચ્છુંછું એથી મારાં પણ અહોભાગ્ય માનું છું: કેમકે મારાથી મારી પ્રજાનું શ્રેય થાય તો જ હું ભાગ્યશાળી ગણાઉં."

આ પ્રમાણે યશગાન શ્રવણ કરતો અને હરખાતો નરવર અગાડી ચાલ્યો કે, ત્યાં એક કૌતુક તેના જોવામાં આવ્યું, તે એ કે, સુકુળવંતી, પાંચ કુમારિકાઓ કે જે સ્વરૂપ વિવેકમાં વર્દ્ધમાન હતી તથા તે, પાંચે,

નુ સરખું રૂપ, સરખું વય, સરખા ગુણ અને સરખા કુળની શોભાવંત હોવાથી દેવો અને મનુષ્યોનાં મનને મોહ પમાડતા હતી, એ ગુણના ગૃહ રૂપ કન્યાઓએ પીતાંબર પરિધાન કર્યાં હતાં અને સોળે શૃંગાર સજી રમવાને માટે બ્હેરાઇ ચકલે આવી પહોંચી. તે રાજાના દૃષ્ટિપથમાં પડતાં પોતે ગુપ્ત પણે-'તેઓ કેમ આવી છે અને શું કરવા ઇચ્છે છે? કિંવા તેઓ કોણ છે?, તેનો તપાસ કરવા ઊભો રહ્યો.

કન્યાઓએ તો રમત કરવાનો પ્રારંભ કર્યો. પગે ઘુંઘરા બાંધી લીધા, ઘેરદાર ઘાઘરા અને ચુંદડીના છેડા છૂટગાંઠ કર્યા, માથાના ફુમકાવાળા ચોટલા છૂટા મૂક્યા અને પછી રમત શરૂ કરી. બન્ને હાથોથી એક એકના ગળામાં દોડીને હાથ ઘાલતી હતી તે જાણે મતવાલા હાથીનાં બચ્ચાં છોડી મૂક્યાં હોયની? તેવો ભાવ દેખાતો હતો, ઘડીકમાં પગોને એકત્ર કરતીઓ હતી અને એક એકના હાથ ઠેકડો મારીને પકડી લેતી ફેર ફુદડી ફરતીઓ હતી, ઘુમતાં ઘુમર ઘાલતી પગની એડી તથા પંજાને ઠમકાવતી અને હાથમાંની ચળકતી ચૂડીઓના ચાલનસહિત સુકંઠથી ગાતી ગાતી, ઝાંઝરના ઝમકારાનો મનરંજન અવાજ પ્રકટ કરતી હતી તે જાણે વસંત ઋતુમાં આંબાની ડાળે રમત કરતી કોયલડીઓ ટહુકડા કરતી હોયની? તેવો તાલ મેળવ્યો હતો. એક એડી ઉપર ઊભી રહી ચાકડાની પેઠે ફેર ફરતી તથા દોડીને પાણીપંથા ઘોડાની પેઠે એક એકને ઘેરી લેતી હતી, એક એકને તાળી દેતી મલકાતી મલકાતી હાસ્ય વિનોદ કરતી હતી, તે વખતે દાંતોની જ્યોતિ નિહાળી જોતાં તે આગળ દીપકની જ્યોતિ પણ મંદ જણાતી હતી, આ પ્રકારે નવીન નવીન રીતિથી નાચતી અને વિવિધ રસિલાં ગીતો ગાતી હતીઓ કે જેને કિન્નરીઓ પણ ગાન કળામાં પહોંચી શકતી ન હતી.

આ વિસ્મયકારી ચરિત્રને નિહાળી માનતુંગરાજા અત્યંત વિ

રમય પામ્યો અને ચિંતવવા લાગ્યો—"શુ આકાશથી ઉતારી આવેલાં ઇંદ્રાણીઓ હશે! ઇંદ્રાણીથી વિશેષ તેને ઉપમા પણ શું આપી શકીએ તેમ છે! એઓના રૂપ ઉપર ઊર્વશીને પણ વારી નાખીએ તેવી છે, બાપડી દેવતાઓની દેવાંગનાઓ કિંવા વિદ્યાધરીઓ પણ એઓના જેવું નાચી શકે તેમ નથી. અથવા તો એઓ પાતાળની પદ્મ નાગણીઓ હશે? કે તેઓ રાત્રીને વિષે રમવા આવી હશે! મેં તો અત્યાર લગી એઓના જેવી મૃગલોચનીઓ ક્યાંએ દીઠી નથી. હું આજે નગરચર્ચા જોવા આ તરફ ભલે નીકળ્યો, નહિ તો આવું કૌતુક ક્યાંથી જોવા પામત? આજે મારાં નેત્રો પાવન થયાં અને શ્રવણોએ અમૃત બિંદુનું પાન કર્યું. અહા! એઓ કુમારિકાઓએ મારૂં ચિત્તજ ચોરી લીધું છે. મને એ વિચાર થાયછે કે કિરતારે એકી વખતે એક જેવી સુંદર સ્વરૂપવંત બાળિકાઓને શી રીતે નિપજાવી હશે! કિરતારને હાથે આવી કલમ શી રીતે હાથ બેસી ગઇ!!"

આ પ્રમાણે ચિંતવન કરતો ગુપ્ત પણે જરા નજીક આવી પુનઃ તેઓ બાળિકાઓનો વિનોદ જોવા ઉભો રહ્યો. અને તેઓનું સંગીત સાંભળવા લાગ્યો.

જ્યારે નૃત્ય સંગીત કરી કુમારિકાઓ થાકી ગઈ ત્યારે ખેદખિન્ન થઇને એક સ્થળે તેઓ બેસી ગઇ અને પરસ્પર વાદવિવાદ કરવા લાગી જેમ રોહિણી નક્ષત્રના પાંચ તારા શોભાયમાન હોય તેમ તે પાંચે સાહેલીઓ તેજવંત દેખાતી હતી. એ પાંચ બાળાઓમાં ધનદત્ત શેઠ કે જે ઉજ્જયની નગરીનો નગરશેઠ હતો તેની પુત્રી માનવતી કે આપણી ચરિત્રનાયકા છે તે જેમ લજ્જા સહિત શીયળ શોભે તેમ વિશેષ શોભાપાત્ર હતી. એઓ પાંચે જણીઓએ પોતપોતાના મનની છાની વાતો પ્રપંચ તજી દઇને ખુલ્લા મનથી કરવા માંડી. અને રાજા ચોરની પેઠે સંતાઈ તેઓની ખુબી નિહાળતો હતો.

માનવતી પ્રત્યે ચારે બાળિકાઓ કહેવા લાગીઃ—" વ્હાલી બહેન! આજે રમત રમતાં વખત ઘણો વ્યતીત થયો છે; તોપણ ફરી એકવાર રમવા ઉઠીએ અને ખેલખેલી જીવનનો લાહો લઇએ. હવે માત્ર રાત થોડીજ બાકી રેહી છે; તો પછી થોડા માટે વિશેષ કામ બગડે તેવું કરવું અયોગ્ય છે માટે રમત રમી શેષ રાત્રીને પણ વ્યતીત કરી પછી ઘેર જતાં રહીએ. આજની રાત્રી અને આજનો મેલાપ તો હવે સ્વપ્ના જેવોજ છે માટે ઉઠો, થાક તો ઉતરી ગયો, ઢીલુ શા માટે કરોછો. જે આજની રાત જાય છે તે ક્રોડ રૂપિયા જેવી જાય છે, માટે હે બોળી! અસુરૂં થાય છે પછી પાછું ઘેર પહોંચવું છે. જો લટકા ચટકામાં કંઇ મોજ માણીશું નહિ તો પછી આ બાળપણાની મઝા કોણ જાણશે!"

આ પ્રમાણે સાહેલીઓ વારંવાર આદર સહિત કહેવા લાગી, એટલે માનવતી બોલીઃ—" હે સખીઓ! આજે આટલી હઠ શા સારૂ કરોછો? સઘળી એક રાગે થઇ કેમ મારી કેડે પડીછો! બાઈ! મફતનો ઉજાગરો કોણ વેડે થોડામાંજ સ્વાદ છે માટે હવે તો મહેરબાની કરો. વળી આવતી કાલે ફરીને અહિયાં નવીન નવીન જાતની રમત ગમત કરીશું. અત્યારે તો આકાશમાં અશ્વિનીના ત્રણ તારા કે જેને લોકો હરણ્યો કહેછે તે પણ ઢળી ગએલ છે, જેથી જણાય છે કે હવે રાત્રી થોડી છે, માટે ઘેર જવુંજ ઠીક છે. પાછલી ઠંડી રાતના વખતમાં ગીતના ભણકારા શ્રોતાજનોના શ્રવણ ઉપર જઇ પહોંચશે તો તેઓ નિદ્રામાંથી ઝબકીને જાગી ઉઠશે. વિશેષ કલેશ કરશો તો ગેરફાયદોજ છે; કેમકે તબીયતમાં બીગાડો થશે, માટે ફરી આ સ્થળનોજ કાલે વાયદો રાખો કે સર્વે અહિયાંજ એકઠાં થઇશું."

માનવતીનું આવું બોલવું સાંભળી ચારે સખીઓ બોલીઃ—" બહેની! તને અમારી વાતની ખબર નથી એટલે તું એમ કહેછે, પ-

ણુ કાલે તો અમારા પિતાજી વિવાહમંડપ રચાવી ચારેને ચાર ઉત્તમ વર સાથે પ્રરણાવશે એટલે પછી તો સાસરેજ રહેવું થશે," ત્યાં તો સાસું સસરા, દીયર, જેઠ, જેઠાણી, નણંદ વગેરે સર્વે વડિલોની લાજ કહાડવી પડે, ઘરનું સઘળું કામ ઉતાવળથી કરવું પડે જેથી એક ઘડી પણ નવરાસ મળશે નહિ. પછી તો પતીની અને વડિલોની અનુયાયી–મરજી પ્રમાણે ચાલવુંજ પડશે. સદાનો નિયમજ છે કે, ચાહે તો મનુષ્ય જાતિની સ્ત્રી કિંવા વિદ્યાધરાણી કે ઇંદ્રાણી હોય તદપિ ધણીની ધણીયાણી થઇ એટલે તો પતિના કહ્યામાં જ રહેવું પડે. બાળપણાનો મૈત્રીભાવ ઘણો યાદ આવે અને તે ઉપર લગની વિશેષ હોય છે માટે હઠ કરીએ છીએ. પરણ્યા પછી તો ઘુંઘટાની અંદર મ્હોં ઢાંકયું જ રાખવું પડશે. ધીરા અવાજથી બોલવું પડશે. બે મીનીટ પણ પતિ પછી દૂર જવા દે નહિ. એ તો જાણે પાંજરામાં પોપટ પૂર્યો એવીજ ગતિ થવાની; માટે હે સખી! આજે પેટ ભરીને રમી લઇએ. મનુવાર માનો, બહુ આદર કરીને કહીએ છીએ, પછી આવી રીતે ફરી એકઠાં મળીને કયારે રમવા પામીશું તે તો વિચારો? આમ ગળિયા બળદની પેઠે કેમ બેશક બેઠાં છો. તારા સલૂણા બોલો અમોને કદી વિસરનાર નથી. અમો તો ઇચ્છિયે છિયે કે પ્રભુ તારા સંગમાં જ રહેવાનું કરે તેવી કૃપા કરે તો બસ છે."

સખીઓનાં વચન સાંભળી માનવતી ગર્વસહિત બોલીઃ–" હે સદ્ગુણી સાહેલીઓ! પરણ્યા પછી સાસરે જઇને સુંદર વહૂઆરૂ થઇને જો પતિથી ડરતાં રહેશો તો તમારા અવતારને ખચિત હું તો ધિઃક્કારને પાત્ર ગણું છું. જો પ્રિયતમને આપણે વશ કરીએ તો જ જીવ્યું લેખે છે નહિ તો કુસકી ખાઇ પેટ ભરવું એ તો મૂર્ખપણુ કરે છે. ગુણવંતી ગૌરી આગાડી બિચારો નાથ શું બોલવા જ પામે! જેમ બળદને નાથવડે ઝાલી જેમ ફેરવીએ તેમ ફરેછે તેમ પતિ આપણો ફેરવ્યો ફરે તો જ રંગ

કહેવાય! નારી ચરિત્રનો કોઈ પણ પાર પામી શકયા નથી, ચાહે તો જગતસર્જનહાર ક્રોડો વર્ષ લગી માથું ફૂટી મરે તો પણ સ્ત્રી ચરિત્રના ભેદનો વેદ જાણી શકે નહિ. સમજ્યાં? "

આ પ્રમાણે માનવતીના માનયુક્ત બોલો સાંભળી સખીઓ ચિત્તમાં ચમત્કાર પામી અને એની ગાંડાઈ સમજી તેને તેઓ ચારે જણીઓ ઠપકો દેવા લાગી:–" સાહેલી! ન્હાના મ્હોંએથી આમ મોટા બોલો ન બોલીએ. બોલ્યું બહાર પડે તેવું અઘટિત વચન નં બોલવું. નર અગાડી નારીનો શો આશરો કહેવાય? ભલે ક્રોડો રૂપિયાની મોજડી હોય તોપણ આખર પ્હેરવી તો પગમાં જ કે નહિ? સુંદર કૃષ્ણાગર ધૂપ હોય તોપણ દેવતામાં જ નંખાય, બહુ વાંકી વસમી નદી હોય તોપણ દરિયામાં જ સમાવાની, અને સાપ ઘણોએ વાંકો ચાલે તોપણ દરમાં સીધા દોર થવું જ પડે. તેજ પ્રમાણે સ્ત્રી ગમે તેટલી ડાહી હોંશીઆર હોય તોપણ પુરૂષને છેતરી ન શકે! અમે તો અમગા સ્ત્રી છીએ, દીડે માર્ગે જઇએ ને આવીએ, પતિના પગ પખાળીને પી જઇએ અને કંતનું ગાયું ગાઇએ–એજ અમારૂં પતિવશ માટે કામણ દુમણ છે. એ શિવાય વળી નવીન નવીન સ્નેહ બતાવી સુંદર વાતોથી રીઝવીશું કિંવા તો સુંદર રસોઇ બનાવીને જમાડીશું કે, સુંદર શૃંગાર સજી અથવા તો મધુરાં ગીતો ગાઇ ભરતારને રાજી કરીશું. પ્રિયતમથી છેક ઉપરવટ થયે ચાલેજ કેમ? જો પતિથી કપટ રમે તો પ્રાણનાથ રીસાય એટલે બારે વહાણ બૂડયાં. જેનાથી પાલવ બંધાયો તેનાથી કૂડ કર્યે કેમ નભાવ થાય? શું ગરૂડની અગાડી બાપડી ન્હાની ચકલી ક્યાં લગી ઉડીને નાશી જવા પામે? "

માનવતી છણકો કરી ભ્રકુટી ચઢાવી બોલી:–" બસ બસ બાઇઓ! છાની રહો, શું બનાવી બનાવીને વાતો કહોછો, નારીઓ તો કામણગારીઓ છે, બાપડા નર શી વિશાતમાં છે? નારીઓએ તો કં-

ઇ નરને છેતર્યા છે તે શું તમે તેવી વાતો નથી સાંભળી ? ! ઉમિયાએ શિવજીને, અહલ્યાએ ઇંદ્રને, અપ્સરાએ બ્રહ્માને અને ગોપીઓએ ગોવિંદને મદારીના માંકડાની પેઠે નચાવ્યા છે. જો સ્ત્રી જોરાવર હોય તો પતિ દાસવત્ થઇ રહે; પણ જે નબળી નારીઓ હોય તે પતિને વશ થઇને રહે તેનો જન્મ અલેખેજ છે" !

માનવતીનું ગર્વ સહિત ભાષણ સાંભળી સખીઓએ કહ્યું:—"સખી ! જ્યારે તુ પરણીશ ત્યારે અમે જોઇશું કે તું તારા પતિને કેવી રીતે વશ કરી ભેળવી રાખે છે."

માનવતી બોલી:-" જ્યારે હું પરણીશ ત્યારે મારા નાથને હું વશ્ય કરીશ, અને તે વળી કેવી રીતે વશ કરીશ કે, જ્યાર મારા પગ ધોઇને ચરણાંમૃત પીશે, મારૂં એંઠું જમશે, માથામાં ટુંબા ખમશે, અનેક મારાં યત્ન કરશે અને મારા પગ હેઠલ પોતાના હાથ ધરશે ત્યારે વશ થયો સત્ય ગણજો. અને જ્યારે કહ્યા પ્રમાણે કરી બતાવું ત્યારેજ શાબાસ કહેજો."

ચારે સખીઓ બોલી:—" બાઇ ! તુ જીતી અને અમે હારીઓ. તુ બોલેલું સાચું કરી બતાવજે " એમ કહી તે ચારે જણીઓ ઉઠી પોતાના ઘર ભણીનો માર્ગ લીધો. અને માનવતી પણ પોતાની હવેલી તરફ ચાલી નીકળી."

માનતુંગ રાજા તો માનવતીનાં વચનો સાંભળીને ધ્રૂજી ગયો અને વિચારવા લાગ્યો:—" એ બાળીકા શું બોલ બોલી ?! બાળિકા રૂપમાં સુંદર છે, પણ કડવા બોલી ને ખોટા હૃદય વાળી છે, ન્હાની છે છતાં ઝહેરની જ વેલ છે, અમૃત રૂપે વિષ જ દેખાય છે, એના ફંદ ખચિત જોવા જેવા જ છે! એના મનમાં હોંશ તો મોટી મેરૂ જે વડી છે. હજુ તો એ ઉછરતી બાળા છે અને વાતો કરે છે ધૃ-

ના જેવી! જુઓ તો એના મ્હોમાં દુધના દાંત છે છતાં આકાશથી બાથ ભીડે છે. ભુજાવડે સમુદ્રને તરવા ધારે છે—એ ખરેખર આશ્ચર્ય છે એ પ્રિયતમને કેમ પગે લગાડશે? એ બ્હેકી છકેલી બોલ બોલી ગઈ, પણ પાળવા મુશ્કેલ છે મેં તો એ પાંચેમાં તેને સારી રૂપવંતી ગુણવંતી ગણી હતી; પરંતુ એ રૂપ જોઇને રાજી થવા જેવું નથી. રૂપથી ગુણ અધિક છે, ગુણ વિનાનું રૂપ કશા કામનું નથી. દૈવે રત્નમાં નિઃશંકપણે મોટી ખોડ આપી છે, સમુદ્ર ખારો કર્યો છે. ચંદ્રમાને કલંક આપ્યું છે એજ પ્રમાણે એ બીજા ગુણોથી ભરપૂર બાળા છે, પણ એનામાં એક મોટો અવગુણ છે. કે હદથી વધારે બોલનારી, બહુ કપટી છે, નિર્ગુણી છે અને નિર્મોહી છે. એ પુત્રી કોની છે અને કયાં રહે છે? એ જોવા એની પાછળ પાછળ જાઉં અને છલ બલ કરી છેતરીને એજ કન્યાને હું પરણું અને પછી જોઉં કે તે મને કેવા પ્રકારે વશ કરે છે ને કેવી રીતે પગ ધોવરાવે છે. એ મારે પારખું જોવું છે. અને ખોટી પાડવી છે.”

એવા નિશ્ચયપર આવી માનતુંગ માનવતીની પાછળ કોપવંત બની ચાલ્યો.

પ્યારા પવિત્ર પાઠકો! આપના જાણવામાંજ છે કે, કુવચન દરેક જણને અળખામણું લાગે છે અને સુવચન સર્વેને પ્રિય લાગે છે. મનુષ્યોએ હમેશાં મિત્રોની અને દુસ્મનોની સાથે મધુર વાણીથી બોલવું, પણ અપ્રિય વાણીથી બોલવું નહિ; કારણ કે મધુર વાણી બોલનારો મયૂર જેમ લોકપ્રિય છે તેમજ મધુર વાણી બોલનાર મનુષ્ય પણ લોકપ્રિય થઇ પડે છે. જે મનુષ્યોને જગતમાં પ્રિય થવાની ઇચ્છા હોય તથા સત્કાર સંપાદન કરવાની ઇચ્છા હોય, તેમણે મધુર વાણી બોલવી. અને મધુર ભાષણ કરનારા તે લોકોને શ્રીમંત પવિત્ર ચરિત્ર વાળા અને મનુષ્યના આકારમાં દેવો જાણવા. જગતમાં કોઇ કોઇ

નો શત્રુ નથી. માત્ર પોતાની જીભજ પોતાનો શત્રુ છે. કોયલ કોઇને કઇ દેતી નથી અને કાગડો કોઇનું કંઇ લઇ લેતો નથી; પણ તે પોત પોતાના બોલવાની મીઠાસ કડવાસને લીધે વ્હાલા અળખામણાપણું પ્રાપ્ત કરે છે. મહારાજા માનતુંગનું માનવતીએ શું બગાડયું છે? માત્ર તેના કડવા બોલોથીજ રાજાને ક્રોધ ચડયો છે, અને એને લીધેજ માનવતીની પાછળ પાછળ જઇને જે ઘરમાં માનવતી દાખલ થઇ તે ઘરની નિશાની ખાતર ફૂલેલા ચંપાના ઝાડની એંધાણી રાખી તુરત પોતાના મહેલ ભણી ચાલ્યો, સ્વમંદિરમાં જઇ પહોંચ્યો. અને શય્યાને વિષે શયન કર્યું; પણ ચટપટીને લીધે જરા પણ નિંદ્રા આવી નહિ, ઘડીએ ઘડીએ માનવતીના બોલો સાંભર્યા કરતા હતા અને તેથીજ પરણવા માટે આતુર થઇ ગયો હતો, કહ્યું છે કે;—

"નિંદ પુરાતન ગેહુની, કયોં નહિ આવે દાય,
ચિંતા નવવધૂ દેખકેં, ઝાંખ ઝાંખ ગીરજાય.

પ્રકરણ બીજું.

પ્રજેશે પ્રધાન પાસે પ્રકટ કરેલી પ્રપંચી વિચારણા.

કોઇ પ્રકારનું કાર્ય સારી પેઠે પાર ઉતારવું હોય તો એકાગ્રચિત્ત રાખવાની આદત, આગ્રહ પૂર્વક કેડો લેવાનો ગુણ, સૂક્ષ્મ અને દિર્ઘ દૃષ્ટિથી તપાસ કરી જોવાની શક્તિ, કાર્ય કરવાની પદ્ધતિ, ચોકસ કરેલા સમયપર ધારેલું કાર્ય કરવાની ટેવ અને કાર્ય કરવામાં ઝડપ રાખવી—એ ગુણો અંગીકાર કરવા જોઇએ.

સેમ્યુઅલ સ્માઇલ્સ.

રાત્રી વ્યતીત થઇ ગઇ. પ્રાતઃકાળ થયો. અરૂણના ઉદયથી સૂ

વું સ્ત્રિયાએ તપાવેલા સુવર્ણ સરખા રંગની સાડી પરિધાન કરી. ચંદ્રની જ્યોતિ નિસ્તેજ થઇ. તારાઓ ક્યાંક ક્યાંક રહેજ ચમકતા દેખાવા લાગ્યા જળાશયોમાં કમળો વિકસ્વર થયાં, પુષ્પવાટિકાઓમાં પુષ્પ કલિઓ ખીલી ગઈ, ચકલા ચકલીનો સતાપ ટળ્યો, રાત્રીચરોનો ઉદ્યમ ભાગી પડયો. દિનચારી પશુ પક્ષીઓ જીવ જંતુ અને મનુષ્યોનો ઉદ્યોગ ચાલુ થવાનો સમયસમીપ આવ્યો. એદી આળસુ મનુષ્યો પથારીમાં આલોટતાં હતાં ઉદ્યોગીઓ પોત પોતાના ધંધા માટે તૈયાર થઇ રહ્યાની તેવડમાં હતા. ક્યાંકથી ઘમર ઘમર ફરતી ઘંટીનો અવાજ, તો ક્યાંકથી વલોણાનો, તો ક્યાંકથી ખાંડવા ભરડવાનો, તો ક્યાંકથી રડવા કૂટવાનો, તો ક્યાંકથી ગાન તાન વાજીંત્રાદિનો, તો ક્યાંકથી બાંગપોકારવાનો, તો ક્યાંકથી પ્રભાતી ભૈરવીપદ કીર્ત્તનનો, તો ક્યાંકથી ગાંજાની ચલમ ફુકવાની શરૂવાતમાં 'ઓમ્ ગીરનારી'નો, તો ક્યાંકથી ભરથરી ફકીર ટેલીઆ વગેરેના સ્વાલનો અને ક્યાંકથી શામ્ભહર ઉમાપતે—આદિને સ્મરણ કરવાનો અવાજ આવ્યા કરતો હતો. દેવમંદિરોમાં ઘંટ ઝાલર શંખ—આદિનો ઘણુણાટ ઝણુણાટ થઇ રહ્યો હતો. વાછડાં પોતાની માને ધાવવા તલપાપડ કરી રહ્યાં હતાં. પક્ષીઓ પોતપોતાના માળામાંથી બહાર ડોકીયાં કરી ઉડવાની તૈયારી કરતાં હતાં. વટેમાર્ગુઓ રાતે લીધેલા વિશ્રામસ્થળને તજી પંથે પરવરતા હતા. ભક્તજનો મ્હોંથી કંઇક બબડતાં ક્ષીપ્રાનદીના માર્ગે આવ જા કરતાં હતાં, સુઘડસ્ત્રીઓ પોતપોતાના ઘર કાર્યમાં મચી પડેલી હતી, ફુવડો કંકાસ કરવામાં, છોકરાં છૈયાંને રડાવવા મારવામાં શૂરી-પૂરી જણાતીઓ હતી. વૃક્ષોની ઘટામાં પક્ષીઓ કિલ્કિલ શબ્દ કરી રહ્યાં હતાં. જળાશયોપર પાણીઆરીઓની અને વૈષ્ણવજનોની બારે ભીડ જણાતી હતી, અને સંત સુજનો સુકૃત્યમાં

તથા દુષ્ટજનો દુષ્કૃત્યમાં જોડાઇ પરભવનું ભાતું બાંધી રહ્યા હતા

સૂર્યે પોતાનાં કિરણોથી સર્વત્ર પ્રકાશ પ્રસરાવી દીધો હતો. તે સમય કવિજનો બંદીજનો અને યાચકો રાજદ્વારમાં યશગાન બિરૂદાવળી ને આશીર્વાદ ઉચરી રહ્યા હતા. મહારાજા માનતુંગ તેઓ અર્થીજનોને ઇચ્છિત વસ્તુ આપી સંતોષિત કરી રહ્યા હતા. નિત્ય કર્મ કરી રાજસિંહાસનપર નિયમ પ્રમાણે બિરાજમાન થવાથી અમાત્યમંડળ અને સભાસદો વગેરે અદબ યુક્ત કેડ લગી નીચા નમી પ્રજેશનું દિર્ઘાયુ ઇચ્છતા હતા. કચેરીનો ઠાઠમાઠ છત્ર ચામર મોરચંગ સૂર્યમુખી વગેરે રાજચિન્હ સામગ્રીનો પૂર દબદબો પ્રકાશી રહ્યો હતો. કંચનીઓ નાચ ગાન કરી સકળ સભા અને સભાપતિ તરફથી ધન્યવાદ મેળવી ઉત્તમ નિવાજસ પ્રાપ્ત કરતી હતી. અને ખુદ મહારાજા તો રાત્રીએ બનેલા બનાવનુંજ ધ્યાન ધરતા હતા.

'ભરોંસાપાત્ર મનુષ્યને મનની વાત કહ્યા વિના આધિ વ્યાધિ ઉપાધિના અંતનો માર્ગ હાથ લાગતોજ નથી.'

એ વાકયનું સ્મરણ કરી મહારાજાએ પોતાના મુખ્ય પ્રધાનને વિચાર ભુવનમાં (ચેમ્બરમાં) બોલાવી રાત્રીએ બનેલા મનદૂષિતકારક સંયોગને પ્રકાશ કર્યો કે—"આજ રજનીએ હું એકલો નગરચર્યા જોવા ગયો હતો. ત્યાં એક સ્થળે પાંચ સખીઓને ક્રીડા કરતે દીઠી, તે પાંચ સાહેલીઓ મનોહર હતી. તે પાંચ કન્યાઓપૈકી એક મહા ધૂતારી, કડુવા બોલી, વિંછીના ડંખથી પણ વિશેષ પીડા કરનારી, બુદ્ધિના ભંડાર રૂપ હતી. તેણીએ કહ્યું કે—જે મને પરણશે તેને હું પગે લગાડીશ, માથામાં ઠુંબા મારીશ, પગ ધોઇને પાઇશ, અને હુકમને તાબે રાખીશ; વગેરે વગેરે કટુ વચનો બોલી. એ કથનો સાંભળીને મારૂં મન તેને પરણવા તરફ લલચાયું છે. સંતે -તેના આજ-

પાના લીધે શય્યામાં સુવા છતાં તારા સોગંદ ખાઇ કહુ છું કે નિંદ્રા પણ ન આવી. જેમ તેમ કરીં આટલો વખત ગુજાર્યો; પણ હવે હું કહુંછું કે જ્યાં લગી તું હું કહું તે નિશાની પ્રમાણે તેના આવાસ ને ખોળી કાહાડી તેના પિતાની મંજુરી મેળવી પાછો અહિયાં નહિ આવીશ ત્યાં લગી મારા જીવને જરા પણ કળ વળનાર નથી. વ્હે રાઇ ચકલા નજીક એક મોટી હવેલી છે કે, જેના અગાડીના ભાગ પર મેં પીક થુંકી નિશાની કરી છે અને તેથી વિશેષમાં તે મકાન સ્હામે ખિલેલા પુષ્પ સહિત ચંપાનું મોટું ઝાડ છે, તે નિશાની શો ધતો સીધો જા, અને તેના પિતાને ગમે તે પ્રકારે સામ, દામ, ભેદ, દંડાદિથી સમજાવીને ભોળવીને તું તારા હાથ કરજે. અને કહેજે કે તારી પુત્રીની માગણી માટે મને મહિપતિએ તમારી પાસે મોકલ્યો છે અને તમને મહારાજાએ સુખપ્રસન્નતા પૂછેલ છે. વગેરે વગેરે મારી વતી જે કંઇ કરવું પડે તે કરી સ્વાર્થ સિદ્ધ કરજે. હું તારો મોટો આભાર માનીશ અને જીવન પર્યન્ત આ વખતે કરેલો ગુણ હું કદિ નહિ ભૂલતાં તારૂં ઉત્તમ પ્રકારે લાડ સહિત પાલન કરીશ. એ કન્યા સાથે માત્ર વચનનો વિરોધ છે માટે જો તારી બુદ્ધિથી પરણું તો મને સુખ થાય."

વ્હાલા વાંચનાર! ગરજ કેવી ચીજ છે તેનો દર્શનિક દાખલો તમારી નજર અગાડી વિદ્યમાન્ છે અને આ સ્થળે કવિ ગંગનું કથન અવશ્ય પ્રકાશિત કરવું ઘટે છે.—

સવૈયો ૨૩ સો.

ગર્જસેં અંજની ધીરી ભઇ અરૂ ગર્જસેં ગોવિંદ ધેનુ ચરાવે;
ગર્જસેં દ્રૌપદિ દાસી ભઇ અરૂ ગર્જસેં ભીમ રસોઇ બનાવે.
ગર્જ બડી ત્રિહું લોકનમેં પ્રભુ ગર્જ બિના કોઇ જાત ન આવે;
ગંગ ભણે સુન શાહ અકબ્બર ગર્જસેં બીબી ગુલામપૈ જાવે.

અને એ ગર્જના જે લીધે આપણો ચરિત્રનાયક માળવપતી પણ પ્રધાનની પગારી કરી રહેલો જ છે નહિ તો રાજા કોના મીત્ર થયા સાંભળ્યા કિંવા દેખ્યા છે? પણ શું કરે. ગરજ સાકરથી પણ વધારે ગળી છે, તો પછી તેનેં અંગીકાર કર્યા વિના છૂટકોજ નહતો. તેમ પ્રત્યેક સુજ્ઞ પુરૂષને એ પણ યાદ રાખવુંજ ઘટે છે કે જે સમય જે વસ્તુની જેને જરૂર હોય તે સમય તે વસ્તુની હાજત તેને પૂરી પાડવી કે જેથી પાસા પોબાર પડે છે. નીતિવેત્તા મી. કોલ્ટને પણ કહ્યું છે કે—

"વખત બહુ ચતુર છે પણ અતિ સંતોષરહિત ચોર છે; તે બતાવે છે એવું કે જાણે તે પોતે કશું લઈ જતો નથી, પણ સર્વસ્વ લઇ જાય છે, અને તે આપણે લઇ જવા દઇએ છિયે, એટલુંજ નહિ પણ છેવટ આપણને એ જગતમાંથી લઇ જાય છે અને જગતને આપણા કનેથી ચોરી લે છે. ત્યાં સૂધી તેને સંતોષ થતો નથી. તે હમેશાં દોડ્યા કરેછે છતાં દોડતામાં તમામને પાછા પાડી પકડી લે છે. વખત એ આશાનું ઝુલણું છે, લોભીની કબર છે, મૂર્ખનો સખ્ત સુધારક શિક્ષક છે, સમજદારનો હિતચિંતક સલાહકાર છે. કારણ કે મૂર્ખને જેની બીક લાગે છે, તે સર્વ તેની સન્મુખ ઉભું કરી દે છે. અને ચતુર જેઓ ચિંતવે છે તે સર્વ તેમને લાવી દે છે.ઉહાપણ વખતની આગળ આગળ ચાલ્યા કરે છે તક તે તેની સંગાથે સંગાથે ચાલ્યા કરે છે અને પશ્ચાતાપ તેની કેડે કેડે ચાલ્યા કરે છે. જે મનુષ્યે વખતને પોતાનો દોસ્ત કર્યો તે મનુષ્યને પોતાના દુશ્મનોથી નહિ જેવું બીહવું પડે છે, પણ જે મનુષ્યે વખતની સાથે દુશ્મનાઇ રાખી છે તે મનુષ્યોએ પોતાના મિત્રો તરફની સહાયતાની નહિ જેવી આશા રાખવાની છે માટેજ દરેક મનુષ્યોએ મળેલા વખતનો તુરત ઉપયોગ કરવો, જો તે ગયો તો ફરી મળનાર નથી."

આ બાજુ માળવપતિનો મુખ્ય પ્રધાન સારી રીતે સમજતો હતો કે ગયો વખત મળવાનો નથી. ભવિષ્યના વખતની બિલકુલ પ્રતીતિ નથી. વર્તમાન વખત ઉપર પોતાની સત્તા છે. માટે તેનો ઉત્તમ રીતે ઉપયોગ કરવોજ યોગ્ય છે. એમ વિચારી બોલ્યો કે-"ધર્માવતાર! એ કન્યાનું શું ગજું છે! હે પૃથિવીના આધાર! એ કામ કરવું મારે મન સહેલ છે, માટે દાવ પેચથી કરીશ. આ તો મનુષ્યકન્યા છે, પણ કદાચિત્ ઇંદ્રકન્યા હોય તો પણ આપના પ્રતાપ વડે બળબુદ્ધિ સાહસે કરીને લાવવા હિમ્મત રાખું છું. મહારાજ! મણિધર સર્પના માથા ઉપર દેડકું કૂદાકૂદ કરે તે માત્ર વાદીનોજ પ્રતાપ હોય છે, શ્રી સદાશિવજીનો પોઠીઓ પાર્વતીજીના સિંહ સ્હામે ત્રાડુકા કરે છે તે માત્ર શિવજીના બળથી. એજ પ્રકારે હું પણ આપના આશ્રયથી દરેક કાર્ય કરવા શક્તિમાન્ છું. એજ કન્યાનું આપ સાથે પાણીગ્રહણ કરાવું તોજ હું રાજનો સાચો સેવક છું એમ માનવું."

આટલું બોલી માનતુંગ મહિપાળને ધૈર્યતા આપી ઉઠી ઉભો થયો અને પ્રણામ કરી મહારાજાના હુકમ પ્રમાણે માનવતીબાળાની શોધ કરવા રવાના થયો.

માનતુંગ મહિપાતને તેના કામ માટે પૂર્ણ પ્રતીતિ હતી તેથી તેના તરફના દિલાસાથી તેના મનને ધૈર્યતા પ્રાપ્ત થઇ હતી. અને હવે મારી ધારેલી ધારણા અવશ્ય સફળ થશેજ. હું એ ગર્વિતા નાયકાને વરીશ અને તેનો ગર્વ પૂર્ણપણે ઉતારીશ. વગેરે વગેરે શેખસલ્લી જેવા વિચાર કરતો હતો.

કહ્યું છે કે-જે વખતે જે મનુષ્ય જે ઇચ્છાને સ્વાધીન થઈ પરિતાપને પ્રાપ્ત થયું આકુળ વ્યાકુળ થતું હોય તે વખતે તે મનુષ્યને જો કોઇ યોગ્ય દિલાસો આપનાર મળે તો તેનું અર્દ્ધ દુઃખ દૂર થઇ જાય છે, નવીન આશાના અંકૂરો સ્ફુરાયમાન્ થાય છે અને મનને તનને ગુપ્ત શક્તિ પ્રાપ્ત થાય છે.

એ ન્યાય પ્રમાણે આપણો ચરિત્રનાયક પણ જરા શાંતિને પ્રાપ્ત કરી શકયો અને એથીજ અધિરા મનને જરા ધીરજ આપી ભવિષ્યની ધારણાને ભેટવા ઉત્સુક થયો. જેના પાસવાનો સુજ્ઞ, હિમ્મતવાન્, દૃઢાગ્રહી, સમયસૂચક અને બાળબુદ્ધિના હિમાયતી હોય તેનાં સકળ કાર્યો સિદ્ધ થાય છે.

પ્રકરણ ત્રીજું.

ધારેલી ધારણામાં મેલવેલી ફતેહ.

કુદરતે તમને જે કાર્યને માટે નિર્માણ કર્યા હોય તે કાર્ય કરશો તો તમે અવશ્ય ફતેહ પામશો, અને જે કાર્યને માટે તમો યોગ્ય નહિ હો તે કાર્ય કરવા યત્ન કરશો તો તમારો જન્મારો નિષ્ફળ જશે.

સીડની સ્મીથ.

જે મનુષ્ય પોતાની અક્કલ, ડહાપણ અને જુસ્સા ઉપર આધાર રાખે તે ફતેહ મેળવે છે. એ વાકયને આપણા માળવપતીનો સુબુદ્ધિ પ્રધાન સારી પેકે સમજતો હતો, જેથી સેરીઓ, ગલીઓ, અને પોળોને તપાસતો તપાસતો ને તાંબૂળના પિકની નિશાની તથા ચંપાનું વૃક્ષ શોધતો શોધતો જેમ કસ્તૂરીઆું મૃગ મૃગમદની સુવાસ લેવા બામણી તેમ ફર્યા કરતું હોય તેમ રાજમંત્રી ફરતો હતો. એક સેરી મૂકી, એક ગલી મૂકી અને એક પોળ મૂકી બીજીમાં પેસી બારીકીથી તપાસ કરતાં મુખ્ય પ્રધાનને જયારે પ્રજાજનોએ જોયો ત્યારે માત્ર નીચા નમી પ્રણામ કરતા હતા, પણ અન્ય કશું બોલી શકતા નહિ; તદપિ તેઓ મનમાં વિસ્મયતા યુક્ત વિચારમાં ગુંથાતાં હ-

તાં કે–"ગમે તેમ કહો ન કહો પણ આજે કાંઇ જોયા જેવો બનાવ હોવો જોઇએ. ગુપ્ત સંકેતના શોધ નિમિત્ત ખુદ મોટા પ્રધાનજી તપાસ કરેછે. હશે, જે હશે તે વખત ગયે પ્રકાશમાં આવશે. એમ વિચારતાં હતાં." પ્રધાન તો માત્ર જેઓ પ્રણામ કરતા તેઓની સલામ અંગીકાર કરી મૌન પણે પોતાના કાર્ય ઉપર ચોટ લગાવી પંથ પસાર કર્યા કરતો હતો. કહ્યું છે કે–' જે કાર્ય હાથમાં લીધું હોય તેની પાછળ ખંતથી મહેનત કરે, ગમે તેટલી મહેનત પડયા છતાં ને ગમે તેટલો વખત પાછા પડયા છતાં પણ તે કાર્યમાં જે મનુષ્ય મચ્યોજ રહે તે મનુષ્ય ધારે તે કામમાં વિજય મેળવ્યા વિના રહેજ નહિ. ' તો પછી સુબુદ્ધિ પ્રધાન એ ન્યાયને અનુસર્યા છતાં કેમ વિજય ન મેળવે? તેને પિકાંકિત અને ચંપાના વૃક્ષની નિશાનીવાળું મકાન હાથ લાગ્યું એથી હર્ષ પ્રાપ્ત થયો. અને એ મકાનમાં હિમ્મત સહિત રાજસેવકો સાથે જેમ દર્પણમાં દાગીના પોશાક યુક્ત ચહેરો પ્રવેશ કરે છે તેમ પ્રવેશ કર્યો.

પાઠકવર્ગ! જે હવેલીમાં પ્રધાન દાખલ થયો તે હવેલી એ શહેરના નગરશેઠની હતી અને જેનું નામ ધનદત્તશેઠ હતું. તે શેઠે જ્યારે પોતાના મકાનમાં ઓચિંતો મુખ્ય પ્રધાનને આવતો જોયો ત્યારે તેના મનની વૃત્તિ હાથીના કાનની પેઠે ચંચળ થઇ ગઇ; કેમકે વાણીઆ ઘણું કરીને પોચા, તોતળું ને ઉતાવળું–અડધું પડધું સમજાય તેવું બોલનારા અને સો ગરણેથી પાણી ગળીને પીનારા હોય છે; માત્ર તેઓ વ્યાપારમાં બડા હોંશીઆર હોય છે. પ્રધાનજીને જોતાંજ હાંફ્લો ફાંફ્લો બની નગરશેઠ ઉઠી ઉભો થયો, ખડખડ હસતો અને પાટલી ખોસતાં કાછડી નીકળી જતી ઠીક કરતો સ્હામો જવા લાગ્યો. અને વિસ્મયયુક્ત વિચાર કરવા લાગ્યો કે–" પ્રધાનનું આવવું મારે ઘેર શા કારણ માટે થયું હશે?

ડોસીના ઘરમાં વાઘ શી રીતે ખંટાય ! હું તો વ્યાપારી શેઠીઓ છું અને એ તો રાજાનું અંગ કહેવાય. પણ હવે તો વાણીઆવિદ્યા કરી આવ્યાનું કારણ તો જાણી લઉં, પછી જે થનાર હશે તે થઇ રહેશે. ” એમ વિચારતો ઉતાવળો હસ્તે ચહેરે જઇ બનાવટી પૂર્ણ પ્રેમ સહિત પ્રધાનજીને ભેટી પડયો. તુરત યોગ્યાસન બેસવા માટે હાજર કર્યું અને અનેક પ્રકારની ભક્તિઓ યુક્તિ સહિત સાચવી બન્ને હાથ જોડી અગાડી ઉભો રહ્યો અને વિનતિ કરવા લાગ્યો—“ હે સ્વામી ! આજે મારા ઉપર પ્રેમ લાવી કેમ કૃપા કરી? આજે હું આપના પધારવાથી કૃતાર્થ થયો છું. આજે મારે ઘેર ગંગાજી પ્રકટ થયાં માનું છું. હે, પ્રભો ! કયા પ્રસંગને અનુસરીને આપે અહિં આવવાની તસ્દી લીધી છે? મારા યોગ્ય જે કાંઇ કાર્ય હોય તે ફરમાવો હું તો રાજાનો દાસ જ છું માટે કોઇ સેવક લાયક ચાકરીની આજ્ઞા કરો કે તે હું હુકમ માથે ચડાવી અમલમાં લઉં.”

આ પ્રકારે ગોવિંદ પણ જેના ૫ંદ ન જાણે તે નંદે સાકરના કોથળા છૂટા મેલવા સરખું મીઠું બોલવા લાગ્યો. અને પ્રવીણતા યુક્ત આગતા સ્વાગતા કરવા લાગ્યો. આથી પ્રધાન બહુ રાજી થયો.

પ્રધાને કહ્યું—“ હું આજે ફક્ત તમોને મળવા માટેજ આવ્યો છું. તમે સજ્જન છો, અમારા નગરશેઠ છો, તમો ઉત્તમ કાર્યના કર્ત્તા છો, તમારા ઉપર નિરંતર મહારાજા વિશેષ મહેરબાની રાખે છે. જેવી તમારી સુપ્રશંસા શ્રવણેંદ્રીય પર આવી હતી તેવાજ ગુણપાત્ર જોઇ હું બહુ રાજી થયો છું.”

આ પ્રકારે પરસપર સાકર વ્હેંચવા માંડી. વાત ચીતની રમુજ આવતાં પ્રધાને પૂછ્યું કે—

“ તમો શું વ્યાપાર કરો છો ? અને તમારે કેટલાં સંતાન છે ? ”

આના ઉત્તરમાં **નગરશેઠે** કહ્યું—“ હે કૃપાળુ ! મારે વહાણનો

વ્યાપાર છે એટલે આ દ્વિપથી અન્ય દ્વિપે-અહિથી જે પરદ્વિપમાં ખપતો હોય તે માલ મોકલવો અને અપર દ્વિપનો ઉપયોગી માલ જે અહિ ખપતો હોય તો ખરીદી મંગાવવો. એ માટે જહાજનો ઉપયોગ લઉં છું. સંતાનમાં ફકત એક મારે **માનવતી** નામની કન્યા છે."

પ્રધાને પુનઃ પૂછ્યું:—"તે પુત્રી કયાં છે? મને તે બાલિકાને જોવાની ઇચ્છા છે માટે જો કશી અડચણ ન હોય તો અહિયાં તેડાવો."

નગરશેઠે કહ્યું–"પ્રભુ! તે અધ્યાપક પાસે પાઠ ભણવા ગઇ છે તે હમણાં જમવાનો વખત થયો છે માટે આવતીજ હશે."

પ્રધાને કહ્યું-"કયું શાસ્ત્ર ભણે છે?"

નગરશેઠે કહ્યું–"અમારા શ્રાવકના જૈન ધર્મ સંબંધી પ્રકરણોનો જૈનસાધુ પાસે અભ્યાસ કરે છે."

પ્રધાને કહ્યું–"તમારા જૈનધર્મનું તત્વ-રહસ્ય શું છે? તે અમને જરા સમજાવો."

નગરશેઠે કહ્યું-"જે અમોએ ધર્મગુરૂની સમીપથી તત્વ જાણ્યું છે તે આપને કહી સંભળાવું છું. કોઇ પ્રકારે પણ જીવની હિંસા ન થાય, તે જીવદયા અમારો ધર્મ છે. કોઈ પણ જીવને દુઃખ થાય કે તેનું મન દુભાય તેવું કદિ કાર્ય કરીએ નહિ. ન્હાવા માટે પણ પાણી વાપરવું હોય તો પણ ગળ્યા વિના વાપરીએ નહિ. પૃથિવી ઉપર પગ મૂકીએ તો પણ જીવ જંતુને જોઇને મૂકીએ. નવકાર મંત્ર જાપ કરવામાં નિરંતર મન દૃઢ રાખીયે છીએ. નવકાર મંત્રના પ્રભાવથી અસંખ્ય જનો મોક્ષ પદને પ્રાપ્ત થયા છે. એની અનેક શાસ્ત્રો શાક્ષી આપે છે. પોતે તરે અને બીજાને તારે એવા કેવળજ્ઞા-

ની જિનેશ્વર તેના ચરણની સેવના કર્મ રૂપી વીરસેનિકોને હઠાવવા અને મોક્ષનાં સુખ લેવા કરીએછીએ. જેણે ક્રોધને, માનને ને માયાને જીતેલ છે એવા મહા મુનીમા મુખની દાનાદિકના વિવેચન યુક્ત વાણી-ઉપદેશ સ્વહિત માટે પ્રેમ સહિત સાંભળીએ છિયે. શાસ્ત્ર, ઉપાશ્રય, જિનેશ્વરની ભક્તિ, સાધુ, સાધ્વી, શ્રાપક અને શ્રાવિકા એ સાતે ક્ષેત્રને વિષે શક્ત્યાનુસારે દ્રવ્ય વાપરીએ છિયે. બ્રહ્મચર્યાદિ વ્રત પચ્ચખ્ખાણ-પ્રત્યાખ્યાન, પોષધ અને પ્રતિક્રમણાં એ સર્વવિધિ પૂર્વક કરીએ છિયે. આ સંસારને સાર વગરનો જોઇને વિનયાભ્યાસને અનુસરીએ છિયે. પૃથિવી વગેરે છ કાયનો આરંભ કામ જેટલો જ કરીએ છીએ. જેવો પોતાનો જીવ વ્હાલો ગણીએ છિયે તેવોજ પરાયા પ્રાણીનો પણ જીવ વ્હાલો જાણીએ છીએ. શ્રાવકનાં બાર વ્રત એટલે પ્રાણાતિપાત-જીવ દયા રાખવી, મૃષાવાદ-જૂઠું ન બોલવું, અદત્તાદાન-વગરે આપેલી કોઇ ચીજ ન લેવી, મૈથુન-બ્રહ્મચર્ય પાળવું, પરિગ્રહનું પ્રમાણ રાખવું, દિગ્ વિરમણ-દરેક દિશિ વિદિશામાં જવાનું પ્રમાણ રાખવું, ભોગોપભોગ-ઘી, દુધ, તેલ, તાંબૂલ, આહાર, ફલ, ફૂલ, વસ્ત્ર, સુવર્ણ, સ્ત્રી અને ઘર વગેરેનું પ્રમાણ રાખવું. અનર્થ દંડ-વિના પ્રયોજને પ્રાણીને અડચણ ન કરવી, સામાયક, દેશાવગાશિક, પૌષધ, અને અતિથિ સંવિભાગ-એ બાર વ્રત ધારણ કરવાં ને પરનિંદયા ન કરવી. મિથ્યાત્વિઓના મતને અંગીકાર ન કરીએ, નાગ આદિનું પૂજન ન કરિએ, કોઇને મારતાં કે બંધન કરતાં જોઇએ તો અમે કંપી જઇએ. જૈનધર્મના ભેદ ઘણા છે તે કેવળજ્ઞાની વગર કોઇ જાણી શકે તેમ નથી. તત્વજ્ઞાન વગર જેમ તેમ કરીને જ્ઞાની અજ્ઞાન વડે કરીને જાણે છે, જેમ આંધળાઓ હાથીને જોઇ શકતા નથી, પણ તેઓ હાથીના અવયવોંના પ્રમાણથી જાણે છે. હાથીનું પૂર્ણ સ્વરૂપ તો આંખ્યો વાળાજ જોઇ શકે છે;

તેજ પ્રમાણે જ્ઞાની જનોજ સાત નયના વિસ્તારથી સાતસો ભેદ થાય છે તે જાણે છે.”

આ પ્રમાણે ધનદત્તશેઠનાં વર્ણન સાંભળી પ્રધાન હર્ષવંત થયો અને કહેવા લાગ્યો-“ વાહ! વાહ! ભાઇ! તમારો ધર્મ તો ખાસ પાવનકારક છે અને તેનું વર્ણન શ્રવણ કરી મારાં શ્રવણ પણ પવિત્ર થયાં.”

આ પ્રકારે પરસ્પર વાતો થતી હતી એટલામાં તો રૂમઝુમ કરતી આનંદસહ માનવતી આવી પહોંચી અને વિનય યુક્ત પિતાને પ્રણામ કરીને ખોળામાં બેઠી. પ્રધાન તો તે બાળાની લાવણ્યતા અને સૌંદર્યતા જોઇને વિચારવા લાગ્યો કે-“ માલવપતિ જે આ મનહર બાલિકા ઉપર એક તરફી સ્નેહ ધરે છે તે ખચિત વ્યાજબીજ છે. જો કૃપાળુ પરમાત્માનો હુકમ તો આ કુમારિકા સાથે માળવાધિશને પરણાવીશ. અહા! એના મુખની છબી જોતાં ભ્રાંતિ ઉત્પન્ન થાય છે કે શું ચંદ્રમા એના મુખ વિષે રમણ કરે છે કે આના મુખની છાયા ચંદ્રમામાં રમણ કરે છે! ક્રોડો બ્રહ્માઓ જો મથી મરે તો પણ આવી રતિને રતિ તુલ્ય દર્શાવે તેવી મોહકમૂર્તિ રચાય નહિ તેવી છે! આ તો જેમ ભમરો લાકડાને કોરવા જતાં અકસ્માત્ કોઈ અક્ષરના જેવો આકાર કોતરી કાહાડે છે તેમ બ્રહ્માથી પણ આ રૂપ રચાઇ ગયું હશે!!”

આ પ્રમાણે માનવતીનુ મનહર રૂપ નિહાળી પ્રધાનનું ચિત્ત ચમત્કાર પામી ગયું. તે પછી પ્રધાને શેઠ પ્રત્યે કહ્યું કેઃ-“ શેઠજી! જો તમો માનો તો એક વાત કહેવા ચાહું છું. કહ્યા પછી ન માનો તો તે કહેવું નકામું ગણાય. સોનાની અંકોડી કચરામાં નાખવી એ મૂર્ખનુંજ કામ છે.”

શેઠે કહ્યું—“ હે પ્રભુ! જે કંઇ મારા લાયક કામ હોય તે કહો. હું તો રાજનો ટેલીઓ છું અને આપ તો અમારા સ્વામી છો.

મને કામ બતાવવામાં આપને શું પૈસા બેસે તેમ છે? વિચાર કર્યા વિના બેધડકથી જે કહેવું હોય તે કહો. પાણી પહેલાં જૂતાં ઉતારિવાં નકામાંજ છે. સાહેબ! એવું અમારૂં ભાગ્ય ક્યાંથી કે આપનું કાર્ય કરવામાં વખત ગુમાવીએ! જે કંઇ કહેશો તે પ્રમાણે કરીશું. કહ્યા વિના તો સગી માતુશ્રી પણ ભોજન પીરસતી નથી."

આ પ્રમાણે શેઠનો અત્યંત આદર જોઇને પ્રધાને કહ્યું કે—"અમારી એ ઉમદા વિનતિ છે કે–તમારી માનવતી પુત્રી સાથે પાણીગ્રહણ કરવાની આપણા મહારાજાની ઇચ્છા છે. એ માટે તે વાત કહેવાજ ફક્ત અહિયાં આવ્યોછું, તો અમોને રાજી કરીને વિદાય કરો કે જેથી સર્વ આનંદ થઇ જાય. પૂર્વજન્મની તમારી પૂર્ણ સુકૃતવાળી કમાણી ઉદય થઇ છે કે જેથી માળવપતિ જેવો જમાઇ થશે. તમારી પુત્રી મહાન્ સુખ ભોગવનારી થશે. ત્યાં કોઈ વાતની કમી નથી કે સંકટ વેઠવાનું સ્વમ પણ આવે. આવો સમય ફરી ફરીને હાથ આવતો નથી. અવસર એ સહુથી વિશેષ કિમ્મતિ બક્ષિસ છે, છતાં તે અવસરનીજ સર્વ કરતાં કમતી દરકાર રહેછે. આપણને ખબરજ છે કે ગયો અવસર ફરી મળનાર નથી. તદપિ તે બેદરકારપણે ગુમાવીએ તો તે આપણી મોટી ભૂલ ગણાય. જે સમય જે દિશાનો પવન ચાલતો હોય તે દિશાને પીઠ આપવીજ યોગ્ય છે. દીર્ઘદ્રષ્ટીથી વિચાર કરવો ઘટે છે કે રાજા સાથે હઠ ન કરવો એ વિશેષ લાભકારી છે. માટે તુરત વિચારીને કામ કરવું એજ ઠીક છે. પછી જેમ કાંબળ ભીંજે તેમ ભારે થાય છે. મન ખોલીને હાકારો ભણો એટલે બસ છે. તમો જાણોજછો કે આપણા મહારાજા અંટસદાર–હઠીલા છે, તો તેથી પરિણામે કેવી ખરાબી ને ભેટવાનો તમને વખત હાથ લાગે તે માટે હું કાંઇ કહી શકતો નથી. પછી તો જે તમને રૂચે તે ખરૂં."

આવી સામ દાન દંડ ભેદયુક્ત વાર્તા શ્રવણ કરતાં જ બિચારો શેઠ તો પિંપળના પાંદડાની પેઠે કંપી ઉઠયો અને સમંયને માન આપી કહેવા લાગ્યો—"મહેરબાન! આટલું બધુ તાણીને કહેવાની કશી જરૂર જોતી નથી; કેમકે હું નામદારના વિચારથી કયારે જૂદો છું? જયારે આપ કહેશો ત્યારે મારી પુત્રી હાજર કરીશ. મારાં એવાં અહોભાગ્ય કયાંથી કે માળવપતિ વાજતે ઢોલે વરરાજા થઇ મારૂં મંદિર પાવન કરે! પુત્રીનું માગુ કર્યું, તેમાં તો કશી મને તસ્દી આપી નથી, પણ એ શિવાય કોઇ કઠોન કાર્ય હોય તે ફરમાવો કે તે બજાવી નામદારની કૃપાનું પાત્ર થાઉં. જગતમાં એવું કયું પુષ્પ છે કે જે સદાશિવજીને ન ચઢે? અને એવી કંઇ વસ્તુ છે કે માળવપતિને હાજર ન કરી શકીએ? જાઓ, આપ ખુશીથી રાજમંદિરે પધારો અને નામદારને નિવેદન કરો કે જયારે આપની ઇચ્છા હોય ત્યારે લગ્ન નિરધારજો. હે સચીવજી! મહારાજાને વધામણી આપજો કે ચોકસપણે વેવિશાળ કરયું છે."

આવું નગરશેઠનું ભાષણ સાંભળી પ્રધાન (પોતાની ધારણા સફળ થતાં) અતિ પ્રસન્ન થયો અને ત્યાંથી વિદાય થઇ રાજમંદિરનો માર્ગ લીધો.

પ્રકરણ ચોથું.

અલભ્ય લાભ પ્રાપ્તિથી દંપાતનો વધિ પડેલો આનંદ રંગ.

ભલે તું ગમે તેવા મોટા મનસૂબા કર, પણ તે તારા કરેલા મનસૂબા તારાજ મનમાં લય પામવાના છે; કેમકે તેં અને ભવિષ્ય-

દેવે સંપ કરી તે વિચારણાઓ મુકરીર કરી નથી. એથી તું જે ધારણા ધારે છે તે કરતાં ભવિષ્યદેવ તદ્દન વિપરીત જ વિચાર ચલાવે છે માટે નાહક હર્દદ્દેલા ન દેનતાં પરમાત્માને શરણુ જા કે તારા વિચારો પાર પડવાનો સમય પ્રાપ્ત થાય.

તુલસીદાસ.

સમય સાઢા દશ વાગ્યાનો હતો. ભોજનસમય વ્યતીત થઇ જતો હતો, ઉપરા ઉપર દાસીઓ જમવા પધારવાને અરજ કર્યા કરતી હતી; પરન્તુ માળવપતિ તે તરફ લક્ષ આપવા તદ્દન બેદરકાર હતો. એને ફક્ત દરકાર પોતાની વિચારણા સફળ થવાના આનંદ સમાચાર સાંભળવા માટેની જ હતી. જરા દાદર તરફ ખખડાટ થતો હતો કે તુરત તેનું મન એ જોવા ચોંકી ઉઠતું હતું કે—" શું મારો સુબુદ્ધિ મંત્રી શુભ સમાચાર લઇને આવ્યો છે ?! જો તેમજ હોય તો તો મારા પાસાપોબાર પડયા મનાય. પણ નહિ નહિ ત્યાં તો કોઇ નથી. મારૂં મન આતુરતાને આધીન થવાથી તેમ ભૂલ્યું ભમે છે. કોણ જાણે ત્યાં તો શું થયું હશે! નિશાનબંધ મકાન હાથ લાગ્યું હશે કે નહીં. અને કદાચિત્ નિશાનીને લીધે હાથ લાગ્યું હોય તોપણ તે એકદમ સુબુદ્ધિની માંગણીને તે સ્હામો ધણી સ્વીકારે કે નહિ તે વિષે મોટી શંકા છે. કદી ન સ્વીકારે તો શું કરવું. કંઇ નીતિ—ન્યાયનો ભંગ કરી તેના ઉપર જોહાકીદોર વાપરી પરાણે કન્યા પડાવી લેવાય પણ ખરી કે? સંબંધ બન્નેના રાજીપાથીજ બંધાય છે. હું જે રાજેંદ્રપદપર નિયત થયોછું તે પ્રજાનું સંરક્ષણ કરવા નહિ કે, ભક્ષણ કરવા. જે મારી પ્રજાને લાડ લડાવવાં ને તેઓનું પાલન કરવું જોઇએ તેમને શું મારો જ ન્યાય કાળરૂપ થઇ ખરાબીને સ્વાધીન કરે એ વ્યાજબી ગણાય? હું તેઓનો વોળાવો થઇ શું વાટપાડુનું કામ કરૂં? મારી વિચારણા પ્રમાણે તો અપરાધની

શંકા અને એતી એકજ છે. ઇર્ષ્યાખોર અને ગીબતખોરોથી અ-
પરાધ રહિત જનોનો કચ્ચરઘાણ વળી જાય ને પ્રમાણમાં તેવા જુ-
લમથી અવિશ્વાસની દ્રષ્ટિએ મારી પ્રજા મારા તરફ નિહાળે અને ઈ-
ન્માફને બ્હાને થતાં ખૂનોથી રાજ્ય ઉજડ થઇ જાય. માટે ન્યાયને
તો કદિ પણ બેદરકારી બતાવવી નહીં. જો તે કન્યાનો પિતા ખુશી-
થી હા પાડે તો જ કાર્ય સિદ્ધ થાય; પણ મારૂં વચનથી વેધાયલું મ-
ન તે ગર્વિતા ગૌરીની પ્રાપ્તિ વિના શાંત થનાર નથી. આમ બન્ને
બાજુથી ફસામણ થઇ પડી છે."

આમ અધિરો બન્યા છતાં રાજા ન્યાયને અવલંબી તર્ક વિતર્ક કર્યા
કરતો હતો, તેવામાં તો સુબુદ્ધિ પ્રધાનને હસતા ચહેરે જોસબંધ ચા-
લથી દાદરે ચઢતે જોયો. એટલે મહિપાળને કાર્ય સિદ્ધ થયાની પ્રતી-
તિ થવાથી ધૈર્યતા આવી. પ્રધાને આવી નમ્રતા યુક્ત પ્રણામ કરયા.
અને અધીરા મનને શાંત કરવા બનેલી સર્વ બિના રોશન કરી. એ-
થી માનતુંગ મહિપાળ અપાર આનંદ પામ્યો અને હર્ષઘેલો બની
વારંવાર તે વાતનીજ પૃચ્છાના ઉદ્દગારો પ્રદર્શિત કરવા લાગ્યો

પ્રધાને વિનતી કરી—" હવે મનના તરંગોને કાબૂમાં રાખી પ્ર-
થમ વિદ્વાન જોતિષીને બોલાવી ઘડીયાં લગ્ન લ્યો કે જેથી સક-
ળ સંકલ્પ વિકલ્પ શાંત થઇ જાય."

રાજેંદ્રે તે વાતને વધાવી લીધી. રાજસેવકોને મોકલી જોશી
મહારાજને બોલાવી, પાણીગ્રહણ મુહૂર્ત જોવાનું કહેતાં પહેલાં શ્રીફળ
અને પાંચ સોનામ્હોરો ભેટમાં મૂકી ઘડિયાં લગ્ન નિરધારવા વિચા
રણા દર્શાવી.

જોશીરાજે તુરત જોતિષનાં વિવાહપટલ—લગ્નચંદ્રિકા—મુહૂર્ત્તમા
ર્ત્તંડાદિ પુસ્તકો કહાડી, પંચાંગદ્વારા મીન મેષ વૃષભાદિ રાશીઓનું
આંગળીઓના વેઢા પર ગણિત ગણી; નાડિવેધ, વર્ગ વૈર, યોનિવૈર,

ગ્રહ ગ્રહોની મિત્ર શત્રુતા, ષડાષ્ટકાદિ પ્રીતિ વૈર નિર્માણ–અને ક્રાંતિ-સામ્ય, ગુરૂ શુક્રાસ્ત, મળ માસ, વૈધૃત વ્યતિપાત ગંડાંતાદિ કુયોગો અને ગ્રહોનું બળાબળ, વિચારી અઢાર દૂષણો રહિત પાણીગ્રહણનું મુહૂર્ત સિદ્ધ કરી પ્રકાશ કર્યું.

રાજેંદ્રે તે શુભ મુહૂર્તને વધાવી લઈ જોશીરાજને પુષ્કળ દ્રવ્ય આપી શુભાશિર્વાદ મેળવી અપાર આદર–સત્કાર સહિત ભૂદેવને વિદાય કર્યા,

તદનંતર માનતુંગ મહારાજા તો હર્ષના સમુદ્રમાં કલ્લોલ કરવા લાગ્યા. હર્ષ તો હૃદયમાં સમાતો નહતો. ઉપરથી તો વિવાહના ઉત્સવનો ભારે ઠાઠ રચવો શરૂ કર્યો અને અંદરથી તો જુદાજ ઘાટ ઘડાતા હતા. **'મન જાણે પાપ અને મા જાણે છોકરાનો બાપ'**–એ કહેવત પ્રમાણે રાજાના મનની વાત તો કોઇના જાણવામાં ન હતી એથી સર્વ જનો તો બંધાયલા સંબંધને સત્ય પ્રેમપરાયણ માનેલો હતો.

વ્હાલા વાંચનાર! તીર ગોળી બરછી કટાર કે ખંજર વગેરેનો માર જો કે વિશેષ દુઃખ દાયક છે; તદપિ તે મારને હું તો ઠીક માનું છું. કેમકે તે મારથી ઘણે ભાગે પ્રાણનો અંત આવી જાય છે. જેથી તેના મારની ખટકનો પાર આવી જાય છે. પરંતુ કટુ વચનનો જે માર હૃદયમાં ભોંકાયલો હોય છે તે માર જ્યારે જ્યારે તે વચન યાદ આવે ત્યારે ત્યારે અત્યંત પીડારૂપ થાય છે. તે છેક જીવનપર્યંત લગી મટતી નથી. અને એટલાજ માટે મહોપાધ્યાય શ્રી ન્યાય વેત્તા યશોવિજયજીએ પણ કથન કરેલ છે કે–" જે વૃક્ષો વનમાં દવ લાગવાથી દાઝી ગયાં છે તે વૃક્ષો મેઘવૃષ્ટિ થવાથી પાછાં નવ પલ્લવ થાય છે; પરંતુ જે કુવચનો રૂપી અગ્નિથી દગ્ધ થયેલાં મનુષ્યોનાં મન ફરિને તે ભવને વિષે પ્રફુલ્લિત થતાં નથી." આ ઉપરથી સાબેતજ થાય છે કે ખોટાં વચનોની ખટક સર્વથી વિશેષ ખરે

ફ્નાર છે. અને એથીજ આપણા ચરિત્રનાયક માલવપતિને પણ વ ચનની ખટકથી મનમોહન માનતી પુરે ભોતરની ભારે બળતરા. વૃદ્ધિ પામેલી હતી.

ચતુરશિરોમણી મનુષ્યની એજ રીતિ સ્તુતિપાત્ર મનાય છે કે જ્યાં સુધી ધારેલી ધારણા પૂર્ણ પણે પાર ન પડે ત્યાં સુધી મનમાં રહેલી વિચારણા લેશ માત્ર પણ કોઇ આગળ પ્રકટ કરવી નહીં. નિર્જીવ બંદુક પણ ધારેલા નિશાને ચોટ કરયા પછીજ અવાજ પ્રકટ કરે છે, તો પછી જ્ઞાનવાન્ મનુષ્યને શું તે બંદૂકનું અનુકરણ કરવું અવશ્ય ઉપયોગનું નથી? અવસ્ય ઉપયોગનું છે! અને જ્યારે એમ છે ત્યારે સુજ્ઞ શેખર મહિપાલ માનતુંગ ઇચ્છિત કાર્ય સિદ્ધિ ન થાય ત્યાં લગી પોતાની ગુપ્ત વિચારણા કેમ પ્રકાશ કરે?

મહારાજાના હુકમથી રાજસેવકોએ લગ્નના દિવસે સર્વ માર્ગોપર સુગંધિજળનો છંટકાવ કરાવ્યો. શહેરને ધ્વજા-પતાકાઓ વગેરેથી શણગારયું, સ્થળો સ્થળે કૃષ્ણાગરૂ ધૂપ કરી દોષિત હવાને દૂર કરાવી. ઠેકાણે ઠેકાણે ચંદનીઓ તરીઆ તોરણ બંધાવ્યાં તે પવનથી હાલતાં જાણે ચઢેલી મેઘઘટાને નિહાળી મોર નાચી રહ્યાં હોય તેવો ભાસ થતો હતો. ચોક ચોકને વિષે કસ્તૂરી, અરગજાદિ મહાન્ સુગંધદાયક પદાર્થોનો ઉપયોગ કરાવ્યો. ઘરોઘર ધવળ મંગળ ગીત અને મંગળ વાજીંત્રો વાગતાં સંભળાયાં અને કેસરનાં છાંટણાંવાળાં વસ્ત્રો પરિધાન કરી પાણીદાર ઘોડાઓ પર સ્વાર થઈ નરેંદ્રના માનાધિકારીઓ યાચકાદિને દાન આપતા હતા.

નગરશેઠ ધનદત્તે પણ પોતાની શક્તિ પ્રમાણે હવેલી અને લગ્નમંડપને પુર ભભકાભર રચનાવંત શણગારયાં હતાં. અને વહેલ પાલખી આદિ ઉત્તમ વાહનોને પણ ઉત્તમ પ્રકારે શણગારયાં હતાં.

લગ્ન સમય સમીપ આવતાં મહારાજા જાનની તૈયારી કરી, મ

જ્જન કરી અમૂલ્ય વરરાજાને યોગ્ય વસ્ત્રાલંકાર પહેરી, શિરપેચમાં, કલગી તોરા શોભાવી, કેસરી રંગનો સોનેરી વાગો ધારણ કરી, ભાળ માં કુંકુમનું તિલક કરી અખંડ ચોખા ચોટાડી અને હાથમાં શ્રા-ફળ ગ્રહણ કરી સોનેરી રત્નજડિત સાજવાળા અશ્વ ઉપર આરૂઢ થયા. આગળ સુંદર સાજેલા ઘોડાઓ નચાવી રહ્યા હતા, ભુંગળી, શરણાઈ, ઢોલ વગેરે વાજીંત્રો વાગી રહ્યાં હતાં, ગંભિર અવાજદાર મોટી નોબતો કે જે પોતાના નાદથી ગગનને ગજાવી રહી હતી, હવાઈઓ વગેરે દારૂખાનું ફૂટયા કરતું હતું, નવીન નવીન નૃત્ય સંગીત થઇ રહ્યાં હતાં અને અત્તર ગુલાબજળ આદિ ઉત્તમ પરિમળકારી પદાર્થોના ગરકાવ સહિત અમીર ઉમરાવો વગેરેનું પવિત્ર સાજનમંડળ ચાલતું હતું. આ પ્રમાણે પૂર દમામથી રાજ્યઆડંબર યુક્ત નગરશેઠને આંગણે આવી પહોંચ્યા. એટલે સાસુએ મોતીડેથી વધાવી વિધિપૂર્વક પુંખી માયરામાં પધરાવ્યા. તે પછી ચૉરીમાં વર કન્યાને પધરાવ્યાં. જેમ રતિ અને કામદેવની જોડી શોભે તેમ તે દંપતિની જોડી શોભતી હતી. વેદપાઠી બ્રાહ્મણે પંચામૃતનો હોમ વેદધ્વની સહિત કર્યો. સુંદર મંગળ વાદ્યો વાગતાં હતાં. ગુણવંતી ગોરીઓ મધુરા કંઠથી મનોહર ગીતો ગાતીઓ હતી. છેડાછેડી બાંધી ચૉરીમાં ચાર ફેરા ફર્યા. યવ તલ હોમી અગ્નિને સંતુષ્ટ કર્યો. અગ્નિની શાક્ષીએ પાણીગ્રહણ કર્યું. કંસાર આરોગ્યો. અને ક્રમે કરી લગ્નવિધિ પૂર્ણ થયો.

માનવતી ઘુંઘટામાંથી પતિમુખ નિરખવા વારવાર કટાક્ષ ફેરવતી હતી અને પતિનું મનહર સ્વરૂપ નિહાળી મનમાંને મનમાં હર્ષ પામી અહોભાગ્ય માનતી હતી.

તદનંતર સંબંધીજનોને ભોજન વગેરેથી સર્વને સંતોષી, અર્થિ જનોને-યાચકોને ઘટતું દાન-સન્માન આપી સર્વનાં મન રાજી કર્યાં

આ પ્રમાણે તમામ વ્યવહારિક નિયમો સાચવીને સુંદરીને રથમાં બેસારી મહારાજા પોતાને મહેલે પધાર્યા.

શહેર નિવાસી નગરશેઠના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા—"નગરશેઠની કન્યાનાં અહોભાગ્ય છે કે આપણા મહારાજાની રાણી થઇ. અને જોડી પણ બ્રહ્માએ જેવી જોઇએ તેવીજ રચી છે. ઈશ્વર એ એોની અખંડ જોડી રાખો." આ પ્રમાણે વાતો કરતા આનંદ પામતાં હતાં.

ધનદત્તશેઠ તો મનમાં મલકાતો હતો કે—"આ સગાઇ પ્રભુએ ઠીક મેળવી છે. માળવપતિ સરખો મારો જમાઇ ને તે પણ મારે આગણે આવ્યો તો હવે મારે કઇ વાતની ઓછાસ રહી! ગીરૂએ મારો હાથ પકડયોછે તો સર્વે સારૂંજ થશે. નાગરવેલના આશ્રયથી ખાખરાનું પાંદડું પણ રાજાના હાથમાં જઇ ચડે છે. નીચ જાતની સંગાથે થએલી મિત્રતા કયાં સુધી કાયમ રહે છે? અર્થાત્ થોડો વખત રહે છે! જેમ ગધેડું પ્રથમ બહુ ઉચા સ્વરથી ભુંકવા માંડે પણ પછીથી મંદમંદ શબ્દ સાથે ભુંકતું વિરામ પામે છે. મતલબ કે જેવી સ્થિતિ શરૂવાતમા હોય છે તેવી છેવટ લગી કાયમ રહેતી નથી, પણ ઉતરતે દરજ્જે થતી જાય છે, તેમ નીચ મનુષ્યની દોસ્તી પણ પહેલાં ઉંચ પ્રકારની જણાય છે પણ થોડાજ સમય પછી ઓછી ઓછી થતી જણાતાં છેવટ બંધ પડે છે. પરંતુ આ તો ઉચ્ચ પુરૂષ સાથે સંબંધ બંધાયો છે એ અહોભાગ્ય માનુંછું. તેમ મારી પુત્રીનું પણ અહોભાગ્ય છે કે તે માળવપતિના અંતઃપુરમાં વસનારી રાજપત્નિ થઇ. વિશ્વંભર! તારી પણ અકળ કળા છે!!"

આ પ્રમાણે ઉજળું એટલુંજ દુધ જાણી ધનદત્તશેઠ તો મનમાં અપાર મલકાતો હતો; કિન્તુ રાજેંદ્રના મનમાં જે દાવપેચ રમી રહ્યો

હતો, તે શેઠના જાણવામાં ન હતો કે તારી પુત્રીપર [illegible] શું ગ: જબ ગુજારવા માગે છે. કહ્યું છે કે-"ગુપ્તયુક્તસ્યદંભસ્ય બ્રહ્માપ્યંતં ન ગચ્છતી શુદ્ધ અને યુક્તિયુક્ત જો કપટ રચના રચવામાં આવે તો બ્રહ્મા સરખા પણ તેના ભેદને જાણી શકતા નથી.' તો બિચારો ધનદત્ત શેઠ શી વિશાતમાં હતો કે રાજાની ગુપ્ત મસલત જાણી શકે! જેના મનમાં કપટ હોય તેજ કપટની ગતિને જાણી શકે છે. કપટનો મહિમા અગાધ છે અને જગતનું મંડન માયા વડેજ થયલું છે.

પ્યારા પાઠકો! કપટ મહિમાના કથન વિષે કવિ (શ્રીપાળ નૉવેલ અને આ નૉવેલના કર્તા પૂર્ણચંદ્ર) શર્માનું એક ગાયન છે તે આ સ્થળે ગમ્મત સાથે જ્ઞાન આપનાર અને સમયને અનુસરતું જાણી ટાંકવું ઉચિત છે અને યાદીમાં રાખવા યોગ્ય છે કે-

લાવણી.

સકળ જગત વ્યવહાર સલૂણી, છળબળથી તો ચાલે છે;
છળબળથી સહુ સ્થળમાં માનવ, મોજમઝાહથી મ્હાલે છે. ૧
માયામય સંસારચક્ર છે, કથે એમ કોવિદ જ્ઞાની;
તો તેમાં માયા વિણ શું કોઇ, મોજ મેળવશે મનમાની? ૨
લોક[1] વિષે લોકોની લજ્જા, કપટ[2] વડે કાયમ રહે છે;
કહો ચતુર તે વિણ કેમ ચાલે? જગત તણું જીવન જે છે. ૩
યોગી યતિ સંન્યાસી સાધુ, ત્યાગી થઇ બેઠા તદપી;
પંથ પ્રસરવા વિવિધ જાળ રચી, વશ્ય કરે જન મધુ[3]જલ્પી. ૪
વ્યાપારી વ્યાપાર વિષે પણ, વદે વિવિધ છળયુત વાણી;
બેસાડી વિશ્વાસ પછી બહુ, દામ તુરત લે છે તાણી. ૫

૧ દુનિયાં. ૨ કપડાં-વસ્ત્ર. ૩ મીઠું બોલી.

કપટપુરૂષ કામિનીને પણ, પળ[૪]માં લીન[૫] કરી લે છે;
થાપ વગાડી મોહ લગાડી, મૃગયુ[૬] મૃગ વીંધી દે છે. ૬
પ્રપંચ વશ કરિ[૭] કેશરી[૮] પન્નગ[૯], પકડાઇ આજ્ઞા પાળે,
છળબળથી જળમાં રિપુદળનો, દર્પ[૧૦] ટેક મોટમ ટાળે. ૭
કોરટમાં પણ કપટકુશલનર, જીત મેળવે છે જલ્દી;
પ્હેલવાન પણ દાવપેચથી, કરે કુસ્તી હારે ન કદી. ૮
કિંબહુના કહું છળ ગુણ મહિમા, જો યુક્તિથી કરી જાણે;
તો સહુ વિપદ વિદારી વેગે, મંજુલ[૧૧] સુખ સૈન્ય માણે. ૯
(માટે) યોગ્ય સમય છળ રચના યોજી, મનવાંછિત સિદ્ધિ હાથ કરો;
પ્રિયજન પુર્ણચંદ્રની શિક્ષા, કંઠમણિ[૧૨] ગણિ કંઠે ધરો. ૧૦

એ ન્યાયે આપણો ચરિત્ર નાયક પણ કપટકુશળતા વડે મનવાંછિત સિદ્ધિ હાથ કરી આનંદ પામ્યો.

પ્રકરણ પાંચમું.

મનની આશા મનમાંજ સમાણી.

પ્રેમરૂપી મદિરા પીવા ઇચ્છતાં પહેલાં તું પૂરો વિચાર કરજે કે તે નિશો તારાથી જીરવાશે કે નહિ; કેમકે તે પ્રેમવારૂણીનો કેફ ઘણુંજ આકરો છે. તારા જેવું સ્હામું મનુષ્ય પ્રેમ મદિરાના કેફવાળુ

---

૪ બે ઘડીના બરાબર કાળનું એક માપ. ૫ આશકત. ૬ શીકારી. ૭ હાથી. ૮ સિંહ ૯ સર્પ ૧૦ અહંકાર. ૧૧ મનહર ૧૨ ગળામાં પ્હેરવાનો મણિ.

નહિ મળશે તો તું મુંગેમાર ખાઇને તારી ફજેતી હાથે કરીને લૂંટાવીશ.

મણિલાલ. ન. દ્વિ.

રાત્રીનો પ્રથમ પ્રહર વીતવા આવ્યો હતો. દંપતિ પોતાના રંગ મહેલમાં પોત પોતાના રંગમાં તલ્લીન જણાતાં હતાં. પ્રથમ સમાગમની સર્વ તૈયારી કરેલી દૃષ્ટિગોચર થતી હતી. પણ માત્ર પ્રેમ ગ્રન્થી જોડાવાની તૈયારી નહતી બલ્કે તૂટવાની તૈયારી હતી. આવો વિપરીત સંયોગ પોતાનો પ્રભાવ પ્રકાશ કરી રહ્યો હતો. અર્થાત્ માનતુંગ રાજા તુંગ નિજનજહાર બની પોતાની નવલ વિવાહિતા સમીપ પીઠ બતાવી બેઠો હતો. જો કે માનવતી તો મનમાં મલકાતી હતી કે—" અહા! ક્યાં માળવપતિ અને ક્યાં હું વાણીઆની દીકરી કે જેનો કોઇ દિવસ વિવાહ આવો સંભવેજ નહિ તે છતાં આ પ્રસંગ બન્યો છે એથી ખચિત હું મહાન્ ભાગ્યશાળીશું. પણ મને સંકા થાયછે કે આ તે સત્ય બનાવ છે કે સ્વપ્ન છે?! ખરેજ પૂર્વ લિખિત લેખથીજ આવો સંયોગ બન્યો છે. હું મારા પતિદેવને મારા ગુણો વડે વશ કરીને મારા સ્વાધીન બનાવીશ. જો પરમાત્માએ આવી સલુણી પ્રાપ્તિનો સંયોગ નિર્માણ કર્યો છે, તો એકજ વક્રકટાક્ષથી મારા છેલ છબીલા છત્રપતિને પ્રેમના ફંદમાં ફસાવી દઇશ. કેમકે જે પ્રેમના રહસ્યને જાણનારા—વેધક પુરુષો છે તેવાઓને પોતાને તાબે કરતાં જરા પણ વાર લાગતી નથી."

આવા વિચારો કરતી માનવતી મનમાંને મનમાં આનંદસાગરમાં નિમગ્ન થતી હતી, પણ તે જાણતી ન હતી કે મારા વિચારથી મારા પતિ કેવળ વિરૂદ્ધ વર્તનવાળા બની જૂદાજ ઘાટ ઘડે છે. રાજા તો કેવળ ચિત્રામણની મૂર્તિની પેઠે કિંવા વૈરાગ્યમાં લીન થયેલા યોગીજનની વિરક્ત દશાની પેઠે ગતિ ધારણ કરી બેઠેલો હતો. ન તો કોઇ પ્રકારની વાર્ત્તા કે, ન તો કોઇ પ્રકારના વિનોદ તરફ તેનું ધ્યા

ક્ષ હતું. જેમ કોઇ ગામઠી દારૂની મસ્ત લ્હેરમાં મસ્ત બની ગયો હોય અથવા તો જેમ કોઇ ફણીધર—સાપને કોઇ વાદીએ મંત્ર બળથી ખીલી લીધો હોય તેમ તે નવલવધૂના સમાગમ સમય સ્તબ્ધ બની પુંઠ ફેરવી બેઠો હતો. કોપ વડે જેના ભ્રકુટી વાંકી બની રહી હતી, નેત્રોમાં લાલી છવાઇ રહી હતી, મોહોડા ઉપર કોપની પ્રભા પ્રકટપણે દર્શાતી હતી, મૂછ ઉપર હાથ ફેરવ્યા કરતો હતો અને માત્ર સુંદરી બોલાવા આવે તે સમય પોતાના મનનો ઉભરો કાહાડવાની તક ખોળતો હતો.

આવા પ્રકારની પ્રથમ સમાગમે પ્રાણનાથની વિપરીત ચેષ્ટા જોઇ માનવતી વિચારવા લાગી—" હું પ્રિયતમને મળવા અતિ ઉત્કંઠાવંતછું, પણ મારા મનનાશોદાગર મારી સાથે નજર પણ મેળવતા નથી તેનુ કાંઇ કારણ સમજાતું નથી. રસમાં વિરસ—રંગમાં ભંગ શા માટે કરતા હશે? જો એમ ન હોય તો છાસઠના અંકની પેઠે ગતિ શા સારૂં ધારણ કરે. પ્રેમવેત્તાઓએ કહ્યુ છે કે. **તજ છાસઠ છત્તીસંકું, તેસઠ સુખ રહિયો; જો ચતુરો પ્રીતિ ચહો (તો) વાચક ઇણ વહિયો.** એટલે કે જેની સાથે પ્રીતિ થઇ તેની સાથે ૬૬ ના આંકની પેઠે ન રહેવું એટલે કે એક મિત્ર રિસાઇ જતો હોય ને બીજો તેના પાછળ મનાવા જતો હોય તેવો પ્રકાર કોઇ વખતે પણ ન થવો જોઇએ. તેમ મિત્રની સાથે ૩૬ ના આંકની પેઠે એક એકની સાથે ઉંચાં મન રાખી પીઠ ફેરવી પણ બેસવું નહિ; કેમકે તે રીતિ પણ કુમિત્રોની છે માટે પ્રિય પ્રેમીજન સાથે સદૈવ ૬૩ ના આંકની પેઠે સન્મુખ દૃષ્ટિ જોડી પૂર્ણપ્રેમરસ યુક્ત વાર્ત્તા વિનોદ કરવો. એજ સત્ય પ્રીતિનું લક્ષણ છે. પણ પ્રાણનાથ તો પ્રથમ સમાગમે ૬૬ અંકવત્ થઈ રહ્યા છે. શું મારાં વ્હાલાએ મારામાં કોઇ પ્રકારનો અવગુણ દીઠો હશે? જ્યારે મારાથી હજી લગણ બોલ-

તા નથી, ત્યારે તેનું અવશ્ય કારણ હોવુંજ જોઇએ. [illegible]નો. પતિદેવ કામદેવની લીલાના પૂર્ણ અનુભવી જણાય છે, હું નવયૌવના કામકુતૂહલ સંપન્નછું, એકાંત રમ્યમહેલમાં સકળ કામોદ્દીપનકારી સાધનો મૌજૂદ છે, હેમંતઋતુનો પૂર્ણ અમલ પસરેલો છે અને પ્રથમ સમાગમનો સમય હસ્તક છે; તદપિ ભોગીની ભોગદશાનો તિરસ્કાર કરી યોગીની યોગદશાનો સત્કાર કરી બેઠા છે, તેથી સ્પષ્ટ સમજાય છે કે મારા પ્રત્યે દુર્ભાવ હોવોજ જોઇએ. પરંતુ તેમ થવાનું કારણ શું, તે જાણવાની અત્યાવશ્યકતા છે. જ્યારે આજથીજ આવું સબળ રૂસણું લઇ બેઠા છે ત્યારે જીંદગીના સાટા લગી શી રીતે નિર્વાહ થશે! જે ભોજન જમતાં પહેલે કોળીએજ માખી આવી તે ભોજન પછી શી રીતે આનંદ આપે! "

આ પ્રકારે વિચાર કરતી હાથ જોડી પ્રાણનાથ પ્રત્યે વિનવવા લાગી–" અહો મારા પ્રાણના આધાર! આપ શા કારણને લીધે ઉદાસ છો? હું તો આપની લુંડીછું, મારા ઉપર આવી રીસ કરવી યોગ્ય નથી. જો વાડ વેલાનેજ ખાશે તો પછી રક્ષણ કોણ કરશે! જે જન પાલવને વળગી રહેલ છે તે શી રીતે અલગ થશે. આશ્રિતને તરછોડતાં તેનું અવશ્ય દિલ દુભાય છે. માટે હે નાથ! કૃપા કરીને મારી સાથે વાર્તાવિનોદ કરો. હું ખોળા પાથરી કહુંછું કે આપ રીસ છોડી દો. હું આપના વિયોગને લીધે કેવળ અધીરી બનીછું માટે હવે ધૈર્યતઃ રહેતી નથી, એથી મને આનંદ આપો. કીડીના ઉપર કટક અને તરખલાને કાપવા કોવાડાનો ઉપયોગ કરવો એ નિરૂપયોગી છે. હે સાહેબા! આપને પરમાત્મા સુબુદ્ધિ આપો ને મારા સન્મુખ નિહાળો, હે મહારાજા! આપ સબળની અગાડી મારા જેવી અબળાનું શું ગજું છે માટે મારી અરજ સ્વીકારી આપ પાણીગ્રહણના સર્વ હક્ક પૂર્ણ કરો. "

વિનિત વનિતાનાં આવાં વેધક વચન શ્રવણ કરી માનિતુંગ મહિપાળ કોપયુક્ત બોલ્યો–" રે પ્રિયા! તારી સંગાથે આજની રીસ નથી પણ લાંબા વખતની રીસ છે અને એથીજ મેં તને કપટવડે કરી વિવાહિતા બનાવી છે માટે યાદી આપુંછું કે–હવે તું તારા પગ ધોઈ તે ચરણાંમૃત મને પાજે, એંઠું અન્ન જમાડજે અને તારે પગે લગાડજે. તું જરા પણ તારી હોંસ પૂરી પાડવામાં ઓછાસ રાખીશ નહિ. જો તું મને વશ કરી ન લે તો તને મારા જ સોગંદ છે. "

આવું પ્રાણજીવનનું ભાષણ શ્રવણ કરતાંની સાથેજ ચતુરા મનમાં ચોંકી ઉઠી અને ચિંતવવા લાગી કે–" અહા હા! હે પરમાત્મા! મારા નમહેરા નાથે શું વાર્તા કહી!! નિસ્નેહી નાથ નારી સાથે રીસાઇ બેઠા છે તે હવે કયા પ્રકારે મનાવી શકાય? **મન વિનાનું મળવું તે ભીંતે ભટકાવા બરોબર છે.** હે વિધાત્રી! તેં આવો મને છેક નિર્મોહી નાથ ક્યાંથી મેળવી આપ્યો! પ્રિયતમના આવા બોલાથી હું આગળ લાંબા દિવસો કેમ કરીને વ્યતીત કરીશ. મારા મનમાં અત્યંત આશા હતી કે પ્રાણનાથ સાથે રતિસુખવિલાસ રમીશ; પણ અદેખો દૈવ તે મારા વિલાસસુખને ન સહન કરવાના કારણને લીધે તેવો સંયોગ થવા દેવા જ રાજી નથી એ માટે પ્રથમથીજ નિરાશાદેવીનાં દર્શન કરાવ્યાં. મેં તો મારા નાથને કલ્પવૃક્ષ જાણી આલિંગન આપ્યું હતું, પણ આ તો કડવો લીંબડો કિંવા કાંટાળો બાવળ નિકળ્યો! હાય! મારા કર્મની ગતી તો જુઓ કે જે સદૈવ સુખ દુઃખનો સાથી નાથ તે જ પ્રતિકૂલ થઇ બેઠો છે!! હાય! હાય! મને છેલ છબીલે છેતરીને પરણી હવે કઠોર મન કરી બેઠેલ છે. ખરેજ નાથે મને ઊંડા કુવામાં ઉતારી હવે વરત વાઢી લેવા માંડેલ છે. શું કોઇ વૈરીએ આવી મારા નાથના કાન ભંભેરયા હશે? કે

આમ થયું છે? હાય! આ દુઃખની વાત હું કોના આગળ જઈને કહું. હું તો ક્ષણમાત્રને પણ લાખેણો સમય ગણતી હતી કે હું માળવપતિની અંગના થઇ છું જેથી મારાં અહોભાગ્ય છે! પરંતુ, આ વ્હાલાએ તો પહેલી રમતમાં જ વેષ કહાડી બતાવ્યો. राजा मित्रं केन दृष्टंश्रुतंवा–રાજા કોઇના મિત્ર થયા દીઠા પણ નથી ને સાંભળ્યા પણ નથી. એ કથન ખચિત સત્ય જ છે. મારા પિતાશ્રીએ પણ આ નાથ સાથે સંબંધ જોડતાં મોટી ભૂલ ખાધી છે. જો હું પ્રથમથીજ આવું જાણતી હોત તો આવા નાથ વિનાજ નભાવી લેત ને કુંવારીજ રહીને પરમાત્માનું ભજન કરી મારો અવતાર સફળ કરત. પણ આવી ન સહન થાય તેવી બળતરા વ્હોરત જ નહી. જે સુંદરીને પોતાના પતિનું સુખ નથી તે સુંદરીનું જીવન નકામુ જ છે. વારૂ પણ કયા વખતના કથનથી મારા નાથને માઠું લાગ્યું હશે? તે તો મને યાદીમાં પણ નથી. અને હોય પણ શાનું! કેમકે કોઇ વખતે નાથ સાથે સંભાષણ થયું નથી, તો પછી બોલ્યા વિના શી રીતે વાંધો પડયો? માટે તે તો પ્રથમ ખુલાસો પૂછું કે આમ રીસાવાનું સબબ કારણ શું છે!"

આવું વિચારી પ્રાણનાથને વિનતી કરી–"હે પ્રાણનાથ! શા માટે મારી સાથે મન મેળવતા નથી? એવો મારો શો ગુન્હો પડયો છે? જે ગુન્હો હોય તે મારા ખોળામાં ધાલો કે હું તેની માફી માંગું. માટે આપ નિઃશંક થઇ સવિસ્તર હકીકત કહો. જો પ્રથમથીજ તરછોડવી હતી તો મારા સાથે પાણીગ્રહણ જ શા માટે કર્યું? અને આપ કહો છો તેવાં વગર વિચારનાં વચનો મેં ક્યારે આપને કહ્યાં છે? કે આપ આવાં મ્હેણાં દો છો?"

માનવતીનું આવું બોલવું થતાં માનતુંગ મહિપાળે જવાબમાં

જણાવ્યું કે-" હું જૂઠું બોલતો નથી. જૂઠું શા માટે બોલવું જોઇએ. યાદ કરો કે જે વખતે ચંદની રાતે સાહેલીઓ સાથે રમત રમતાં વચનો કહ્યાં હતાં કે હું પતિને બળદની પેઠે નાથ ઘાલીને ફેરવીશ, વગેરે વગેરે અહંકાર યુક્ત બોલો બોલ્યાં હતાં તે મેં જાતે સાંભળ્યા હતાં અને તેથીજ હું તને વરયો છું."

આ કથન સાંભળતાંની સાથે માનવતીના કાન ઉઘડ્યા અને મન સાથે વિચાર્યું કે-' પ્રાણનાથ જે કહે છે તે સાચું જ કહે છે, તો પછી હવે તે માટે રકઝક કરવી એ નકામી જ છે. માટે તે વચનની આંટી દૂર કરવા યોગ્ય શબ્દોમાં પ્રાર્થના કરી નાથનું મન શાંત કરવું ઘટે છે.' એમ વિચારી પ્રાણનાથ પ્રત્યે વિનવવા લાગી-" હે જીવનના આધાર! રમત રમતાં તો વગર વિચાર્યે બાળ ચેષ્ટાથી કંઇ લવારો કર્યો હશે, પણ પ્રાણવલ્લભ! એવા નજીવા સમયનાં નજીવાં વચનો ઉપર આવી રીસ રાખવી અયોગ્ય છે. અને હું ખોળો પાથરી કહું છું કે જે કંઇ મારો અપરાધ થયો હોય તે માફ કરો. મને આપે વિશ્વાસ આપી મારો પાણીગ્રહણ વખતે હાથ પકડ્યો છે તો હવે શા માટે તરછોડો છો. જો આ વિશ્વાસઘાતીનું કાર્ય કરશો તો આપ જ હૃદયમાં વિચારી જુઓ કે એ પાપમાંથી શી રીતે મુક્ત થશો? હે નાથ! થોડા માટે મારાથી સ્નેહનો નાશ કરો છો, હું ફરી ફરીને ખોળા પાથરી કહું છું કે અબળાનો અંત ન લ્યો. હું જેમ જેમ પગે લાગી કરગર્યા કરૂં છું તેમ તેમ આપ બરમ થતા જાઓ છો. જો ગુણહીન મોરી હોય તે ખુંદવું ખમે; પણ હું આપની મરજીને આધીન છતાં પણ આપ આમ દમ્યા કરો છો તે શું યોગ્ય છે? જરા વિચારીને કાર્ય કરો. આ અગાડી શહાણપત નહિ ચાલે, બાંધી મુંઠી રહે તો મહારાજ! લાખ છે એટલામાં જ સમજો."

આવાં માનવતીનાં વચન સાંભળી માનતુંગ મહિપાળ ચિત્તમાં

ચોકી ઉઠયો અને જેમ ઘા ઉપર ખાર મૂકવાથી અસહ્ય બળતરા થાય તેમ રાજાના મનમાં વિશેષ બળતરા થઇ અને મન સાથે વિચાર્યું કે 'જે આપણું કહેણું હોય તેમાં તો મીન મેષ જેટલો ફરક રાખવો વ્યાજબી જ નથી, માટે એના બોલેલા બોલનો બદલો લેવો એમાં હવે શરમ શાની? માટે હવે પ્રકટપણે તેને કહી જ દેવું ઘટે છે.' એમ વિચારી ક્રોધયુક્ત કપાળે સળ ચઢાવી રાજા બોલ્યો—"રે સ્ત્રી! નરના આગળ સ્ત્રીનું તે કેટલું મૂલ્ય છે. નર જે ચાહે તે કરી શકે છે, લંકા જેવા ગઢ પણ હસ્ત કરી લે છે, સિંહ સરખાને પણ મારી નાખે છે, હાથીને પણ લોટપોટ કરી નાખે છે, દેવતા અને રાક્ષસોને પણ વશ કરી લે છે, પાણી ઉપર પુલ બાંધી દે છે, પર્વતને પણ ફેરવી દે છે, અને શત્રુના દળનો પણ નાશ કરી નાખે છે. અનેક સાચાં જૂઠાં કૃત્ય કરી નર સ્ત્રીનું પેટ ભરે છે. બિચારી સ્ત્રી તો ઘરનું કામકાજ કર્યા કરે. સ્ત્રી પુરૂષની દાસી છે એ વાત આખી દુનિયાં જાણે છે. જો પુરૂષ સ્ત્રી ઉપરથી હાથ ઉઠાવી લે તો સ્ત્રી કોના આધારે જીવન ગુજારે? જે સ્ત્રી પતિથી દૂર રહે તો તેનું સુખ જોવું પણ વ્યાજબી નથી. સોનાની કટારી ઘણી સુંદર હોય તદપિ ભેટમાં બંધાય પણ પેટમાં મરાય નહિ. તું તો જગતમાં જોરાવર સ્ત્રી પૈદા થઈ જણાય છે. બાપડી તારૂં મ્હોં તો જોઉં કે તું પુરૂષને દાસ કરી રાખનારી કોણ છું!"

પ્રિતમના આવા કોપયુક્ત બોલો સાંભળી માનવતીએ વિચાર્યું કે-હવે નાચવા ઉભી રહી તો ઘુંઘટો કહાડવો શા કામનો છે? માટે પતિને ચોખો ઉત્તર દેવો જ ઘટે છે. એવા નિશ્ચય ઉપર આવી બોલી કે—"હે જીવન! આમ હદપાર સ્ત્રીની છેડ ન કરો. સ્ત્રી ચરિત્રનો પાર દેવો પણ પામ્યા નથી. જે જે કામો સ્ત્રીથી થાય છે તે તે કામો પુરૂષથી થતાં નથી; નર તો બિચારા સ્ત્રીના મજૂર છે.

કે સ્ત્રી આગાડી હાથ જોડી ઉભા રહે છે. સ્ત્રી જે મ્હોંથી બોલે તે કોઇથી ખોટું થઈ શકે નહિ. હાથીના દાંત જે બહાર નીકળ્યા તે ફરી પાછા મુખમાં પેસતાજ નથી. મને સ્ત્રી ન જાણશો, મને છેક છેડો છો તો કહુંછું કે જો હું તમને મારે પગે લગાડું તો જ મારો મુજરો માનજો અને જો હું બોલ્યું પળું તો જ હું માનવતી ખરી માટે હે નગણા નાથ ! તમે હવે કોઇ પ્રકારની ઓછાસ ન રાખશો. "

આ પ્રકારના સ્ત્રીના શબ્દ સાંભળી રાજાએ તુરત પોતાના મુખ્ય પ્રધાનને બોલાવ્યો અને તે આવ્યો કે તેને હુકમ કર્યો કે—" પ્રધાનજી ! જે તળાવના મધ્યમાં આપણો એક સ્તંભીઓ મ્હેલ છે તે હાલને હાલ જઇને ઉઘડાવો અને તેમાં ઘી ગોળ અન્ન વસ્ત્ર વગેરે જોઇતી સર્વ સામગ્રીની ગોઠવણ કરો; કેમકે હાલમાં મારો ત્યાંજ નિવાસ કરવા વિચાર છે. "

હુકમ થતાંની સાથેજ પ્રધાને તે હુકમનો અમલ કર્યો અને થોડા જ વખતમાં પાછા આવી તે હુકમને પાછો સોંપ્યો. અર્થાત્ હુકમ પ્રમાણે કામ કરી આવ્યોછું એમ નિવેદન કર્યું. તદનંતર માનતુંગ રાજા માનવતીનો હાથ પકડી તે એકાંત મહેલમાં જઇ પહોંચ્યો અને ત્યાં માનવતીને બેસાડી કહેવા લાગ્યો કે—" અહિયાં તમે એકલાં જ રહેજો. સર્વ ભોજનાદિની સામગ્રી તૈયાર છે તે રસોઇ બનાવીને મરજી મુજબ જમજો. દર વર્ષે હું ખબર લઇશ માટે જરા પણ ફિકર કરશો નહિ. પરંતુ તું મને તારા પગે લગાડજે અને મને દાસ કરીને રાખજે. તું જરાપણ ઉદાસ ન થતાં તારા બોલેલા બોલ પળજે, રખેને તે બોલો વિસારી દેતી નહિ. "

માત્ર આટલુંજ બોલી મહેલની ચોમેર પ્હેરાનો પાકો બંદોબસ્ત કરી રાજા પોતાની મહેલે ચાલ્યો ગયો.

પ્રકરણ ૬ ઠું.

ઉદ્યમ એજ સુખનું મૂળ છે..!

દરેક કામ શરૂ કરતાં પહેલાં તે માટે વિચાર દૃઢ કરવો, તે-ને લગતાં સર્વ સાધનો મેળવવાં, વિઘ્ન આવે તદ્દપિ તેમાં મક્કમ-ણે ટકી રહી આગળ વધવું અને સાહસ-બુદ્ધિ-હિમ્મત-આદિનો યોગ્ય ઉપયોગ કરી ફતેહ મેળવવી.

ગજેંદ્રચન્દ્ર.

પ્રેમી પાઠકો! બિચારી અબળા બંધીખાનામાં પડી ગઇ, તળા વની વચ્ચે બંધાવેલા મ્હેલમાં એકલી અને ચોમેર સખ્ત પ્હેરાએ ના બંદોબસ્ત સહિત ઘેરાઈ પડી. આ બનાવ જોઇ તમો જરા શોક યુક્ત તો થયા જ હશો અને એમ પણ જણાયું હશે કે બિચારી બાળાનું બોલ્યું મ્હોંમાં જ રહ્યું. જો છુટી હોત, સખી-સાહેલી દાસી-ઓ યુક્ત હોત અને અન્ય ઘટતાં સાધનોની સહાયતા હોત તો તે મનનું ધાર્યું કદાચિત્ કરી શકત; પણ તેમાંનું અહિયાં તો કશું ન થી એટલે શું કરે? પરંતુ આટલા બનાવથી જ ઉદાસ ન થઇ જા-ઓ. જરા ધૈર્યતા રાખો. કષ્ટ વિના કયું કામ પાર પડતુ નથી માટે તે તરફ જરા લક્ષ આપો. અને સ્ત્રીચરિત્રની ગમ્મત નિહાળી અબળા પણ સબળાનાં માન મર્દનારી માનવતીને ધન્યવાદ આપો. વાંચકો! હવે તે દુખિયારી વિયોગિની માનવતીએ પોતાનો બોલ પાળવા કેવા ઉપાય લીધા તેથી વાકેફગાર થઇએ.

માનવતી મનમાં પશ્ચાતાપ કરતી પોતાના પૂર્વોપાર્જીત કર્મને નિંદતી અને મન વચન શરીર એ ત્રણેની શુદ્ધિવડે તેની આલોચ

ના કરતી હતી કેઃ–" મેં નિરંતર એકેદ્રિયાદિ જીવોને દુહવ્યા હશે, તલ વગેરેને ઘાણીમાં ઘાલીને પીલાવ્યા હશે, કોઇનાપર નાહક રોષ કર્યો હશે, કોઇને કુડાં કલંક ચડાવ્યાં હશે, કે ખોટાં ખત લખ્યાં લખાવ્યાં હશે, ધાવતાં બાળ વિછોડયાં હશે, કીડીઓનાં દર પૂર્યાં હશે, મતો અંગીકાર કરી શિક્ષા ગ્રહણ કરી અભક્ષ્યભક્ષ્ય કર્યાં હશે, કંદમૂળ વગેરે ખાધાં હશે, એથીજ આ ભવમાં તે પાપનો ઉદય થવાથી આવી દશાને પ્રાપ્ત થઇછું. અહા! કરેલાં કર્મો ભોગવ્યા વિના છૂટકો થતો જ નથી આ સર્વ વિધાતાનો જ વાંક છે એ નિર્વિવાદનીજ વાર્તા છે. હે સરજન હાર! તેં આવા લેખ મારા ભાગમાં કેમ લખ્યા? મેં તારી શી ચોરી કરી છે કે મને મારા વ્હાલાથી વિયોગ કરાવ્યો, એ તારાં લક્ષણો સારાં નથી. હે કિરતાર! સ્ત્રીનો અવતાર તેં શા માટે આપ્યો? તેમ જ આવા નિર્મોહી નાથથી કયાં સંયોગ મેળવ્યો? માતા પિતા પણ મને હમેશાં ખોળામાં બેસાડી રમાડતાં હતાં તે પણ મને મૂકી કયાં જતાં રહ્યાં! આ અબળાને એકલી આ આવાસમાં મૂકતાં હે પ્રભુ! તને જરા દયા પણ ન આવી?! નથી પાસે સખી કે દાસી કે નથી મારો નાથ પણ હજૂર કે જેથી મારા દુઃખનો નિસારો કરૂં. મેં શાં તારાં ગામડાં ઉજડ કર્યાં હતાં કે આવો વખત આવ્યો. અરે! કુલના ગુરૂ–ગોત્રદેવ કે જેની નિરંતર સેવા કરતા હતા તે પણ આ વખતે કયાં જતા રહ્યા! શું તે સેવાની કદર પણ આવીજ કરનાર છે? આ મહેલ બંધ કરી અંદર રહેવાવાળી હવે હું શું બુદ્ધિ ચલાવું કે જેથી આ પ્રાણસંકટમાંથી બચું અને નઠોર નાથ કયા પ્રકારે મને નમે તેની યુકિત ખોળું! (મનમાં ધૈર્યતા લાવી) અરે! પણ આમ ટળવળ્યે શું થાય હવે તો ધૈર્યતાનીજ જરૂર છે. શું ગયે કયાંય રાજ રહ્યાં છે? અહિંમાં હું રોયા કરીશ તોપણ કોણ મારી બાંહ ઝાલે તેમછે?

જેને દુઃખ તેને જ પીડા થાય ! દુઃખથી નિસ્તાર કરવા તપ સમાન અન્ય એકે અકસીર ઉપાય નથી માટે એ જ આદરૂં કે જેથી સર્વે મનકામના સિદ્ધ થશે.” ”

આવા નિશ્ચયપર આવી નવપદનો જાપ તથા દૃઢ મનથી આંબીલ-વ્રત સહિત એકાંતવાસમાં બે ટંક પ્રતિક્રમણ, સામાયક આદિ બનતી ક્રિયા કરણી કરતી પોતાનો કાળ વ્યતીત કરવા લાગી.

વિવેકી વાંચકો! ધર્મથી સદા જય જ છે, ધર્મ એ જ ભાગ્યાનો ભેરૂ છે, આડઆડીમાં ખાનારને આધાર રૂપ છે અને ધર્મના પ્રતાપથી વિ-પત્તિનો વિનાશ થાય છે; પરંતુ એકાગ્રચિત્તથી કરવાની જરૂર છે. જ્યારે આપણી વાર્ત્તાની નાયકા માનવતી પણ તપમાં તલ્લીન મન ક-રી કાળક્રમણ કરવા લાગી ત્યારે તેનું તુરત જ ફળ મળ્યું એટલે કે, એક સમય માનવતીએ વિચાર્યું કે—“ આમ નશીબ ઉપર આધાર રા-ખી બેસી રહેવું એ તો કપૂતનુ કામ છે. ઉદ્યોગી મનુષ્યો ભાગ્યેજ દુશ્મનશીબને નામે ફરિયાદ કરે છે, ફકત એદી, આળસુ કે સટોરીઆઓ નશીબની કઠિણુતા સામે રોકડાં રડે છે. કોઇ પણ કાર્ય એવું નથી કે જે કારણ વિના બની શકે. સાધન વગર જે મનુષ્ય કાર્ય સાધ-વાની આશા રાખે છે તેને શું ડાહ્યો જાણવો? ઉદ્યોગ મોટી જાગી-રોનો પાયો નાખે છે, નશીબ રડે છે, ઉદ્યોગ કીલકારીઓ કરે છે માટે સાધન સહિત તનમનથી ખંત ધરી ભગીરથ યત્ન આદરીશ તો જ મનની મુરાદ બર આવશે. એક કવિએ કહ્યું છે કે.—

બેસ ન કર દેઇ કર્મપર, કર નર પૂરણ યત્ન; સાગર મથતાં સુર કરે, ચઢયાં ચતુર્દશ રત્ન. માટે ઉદ્યમ કર્યાથીજ ન-શીબ યારી આપે છે. ભાણામાં ભોજન પિરસાયાં છતાં પણ મ્હોંમાં કોળીઓ હાથ હલાવ્યા વિના પેસી શકતો નથી એથી ખુલ્લું જ જ-ણાય છે કે ‘ ઉદ્યમ વિણ જગમાં નરો, સરે ન એકે અર્થ. ’

આવા ચોક્કસ નિશ્ચયપર આવી અરધી રાત વીત્યા પછી પથારીમાંથી ઉઠી ઉભી થઇ એક ન્હાની બારી હતી તે ઉઘાડી અને બહાર નજર કરી તો તે વખતે અન્ય સર્વ પશુ પક્ષી માત્ર શાંતપણે નિંદ્રાદેવીનાં ઉપાસકો બનેલાં હતાં, પણ માત્ર પોતે અને બિચારો પરાધીન પ્હેરાગીર એ બે જ જાગતાં જણાયાં. હિમ્મત સહિત પ્હેરેગીરોના જમાદારને સાદ કર્યો અને તે પણ રાણીજીનો સાદ શ્રવણ કરી તુરત બારી નીચે આવી સલામ કરી ઉભો રહ્યો અને વિનતી કરવા લાગ્યો કે–" બાઇ સાહેબ ! આપના આ નફરને કેમ આપે યાદ કર્યો ? જો કંઇ મંગળ સંદેશો મહારાજા સાહેબને કહેવરાવવો હોય તો ફરમાવો કે તે હુકમ પ્રમાણે તુરત પહોંચાડીશ. વિશેષમાં અરજ કરતાં પહેલાં બેઅદબીની માફ માગી કહું છું કે આપ આ અટારીપરની બારી કયા પ્રકારે ઉઘાડી શકયાં ? તથા આ એકાંત વાસમાં એકલાં રહતાં આપના દિવસો કયે પ્રકારે ગુજરે છે ? અને આ ભુવનમાં શું આપને ઓછે છે ? જો હોય તે દાસ અગાડી કહેવામાં અડચણ ન હોય તો સુખેથી પડદો તજીને કહો કે મારાથી બનતી સેવા બજાવીશ. હે બહેન ! આ તમારૂં અસહ્ય દુઃખ જોઇ મને સહન થઇ શકતું નથી, પણ લાચારછું કે અન્નદાતા અગાડી મારૂં જોર ચાલે તેમ નથી. મને પૂર્ણ પશ્ચાતાપ થાય છે કે હું પણ આ પાપી પેટ ભરવા માટે કયાં આપના અદાપ જોવા અહિયાં નોકરી કરવા રહ્યો ! જેનો કોળીઓ ખાઇએ તેનો ઘોળીઓ વાળવો એ જગતની રીતિ છે એટલે નિરૂપાયછું. નોકરની વૃત્તિ ધણીના આધીન છે એટલે તે જેમ હુકમ આપે તેમ કરવુંજ જોઇએ. અમારી તરફથી જે સખ્તાઇ રહે છે તે બાબતમાં અમારો જરા પણ ગુન્હો નથી, પણ સઘળો વાંક મહારાજાનો જ છે અમે તો તેના ચરણના સેવક એટલે હુકમને માન આપવું જ પડે. " ચાહે તો

માલેક ગમાર હોય, કેમ બોલવું તેનું પણ જેને પૂરું ભાન્ન હોય, અક્કલથી બાર ગાઉ અલગ રહેનારો હોય; તોપણ 'જી સાહેબ, આપ કહોછો તે બરોબર છે.' એમ કહી ખોટાં વખાણ કરવાં પડે; છતાં પણ કેટલાક માલિકો વખતે વગર વિચારયે તુંકારા—અપશબ્દો-નો ઉપયોગ કરે તથાપી મુંગે મ્હોડે સહન કરી હુકમને તાબે થવું પડે. આપણામાં માલેક કરતાં વિશેષ બુદ્ધિ ચાતુરી કે વિદ્યા—કળા હોય તોપણ મૂર્ખશેખર માલેકનું મન રાજી રાખવા ખુશામત કરી મહેરબાની મેળવવી પડે છે. ઘોડો દોડી દોડીને મરે ને સ્વારને હિ-સાબમાં પણ ન હોય તેવો ઘાટ કેટલીક વખતે બને છે, તે વખતે તો તે બેકદરની નોકરી કરતાં મરણ લાખગણે દરજ્જે સારૂં લાગે છે, પણ ભાગ્યવિના પાછું નાચી કૂદી મોરની પેઠે પગ સ્હામે જ જોવું પડે છે. ભાઈ! पराधीन सुपने सुख नाहीं!"

આ પ્રમાણે જમાદારનું બોલવું સાંભળી વિયોગીની નાયકા ગ-ગળી થઇને બોલી કે—"ભાઇ! જો વાત ધ્યાન દઇને સાંભળે તો તારા લાયક કામ છે માટે જો કરે તો કહું. જો એટલું મારૂં કામ કરશો તો હું મોટો આભાર માનીશ. અને એ કામના બદલામાં પહેલાં જ આ નવસર હાર લે, ભાઈ! જલ્દીથી તું મારૂં કામ કૃપા કરીને કર. વિરહરૂપી તાગ વગરનો સમુદ્ર છે તેમાં બૂડતાં તું કૃપા કરી આધાર આપ."

આટલું કહી તેના તરફ નવસરો હાર નાંખ્યો અને તેને જોઇ જમાદાર પણ ટાઢોટમ થઇ ગયો. અહા! અજબરંગ પૈસા!! તારી પણ ન્યારીજ ખુબી છે. તું મુનિવરનાં પણ મન ચળાવી દે છે અને તું જે જે ધારે તે તે કરી શકે તેવી તારી અગાધ શક્તિ છે. કવિ (પૂર્ણચંદ્ર) શર્મા પણ તારી સ્તુતિ કરે છે કેઃ—

(અહા કામ તણી બલીહારી! એ રાહ.)

અહા ! દામ અજબકૃતિ તારી, તુજ ગજબ ગતિ છે ન્યારી-અહા.
તજે જ્ઞાન, ભૂલે ભાન, સુણી ત્હારૂં નામ, અહા.
સાખી-તુજ દીઠે મુનિમન ચળે, યુવતિ જોડે હાથ;
ન્યાયી અન્યાયી બને, મહિપ નમાવે માથ. અહા. ૧
નિર્ગુણિને ગુણિ તું કરે, ભિક્ષુકને કરે ભૂપ;
અપૂજ્યને પૂજક કરે, નીચને ઉચ્ચ સરૂપ. અહા. ૨
તુજ પ્રતાપથી સહુ સ્થળે, મળે માન્ય બહુ બેસ;
વિષ્ણુવાદિક વશ થઇ નિકટ, હાજર રહે હમેશ. અહા. ૩
જગમાં જરીએ તુજ વિના, કામ સરે નહિ કોય;
તુજ કરૂણાથી તેજ ક્ષણ સહુ સુખ હાજર હોય. અહા. ૪
હુન્નર હાથ હજાર છે, પણ જો તું પ્રતિકૂલ;
ફોકટ ફાંફાં એ બધાં, ધાર્યું થશેજ ધૂળ. અહા. ૫
જગજીવન પણ તું જ છે, તું છે જગદાધાર;
પતિત જનો પાવન થવા, છે સુરસરિતા સાર. અહા. ૬
રોજ રહી અનુકૂળ તું, કરો સિદ્ધ સહુ કામ;
પૂર્ણચંદ્રની વિનતી, સ્વીકારો સુખધામ. અહા. ૭

અને એથીજ બિચારે નિમકહલાલ જમાદાર પણ નિમકહરામ થઇ હાથ જોડી બોલ્યો કે—"બાઇ સાહેબ! જે કામ હોય તે મુખેથી કહો હું તુરત આજ્ઞા પ્રમાણે બજાવી આવીશ."

વિયોગી બાળા બોલી કે—"ભાઇ! કામ તો એટલુંજ છે કે ફક્ત હું જે કાગળ લખી આપું તે હમણાં જ મારા પિતાને ઘેર જઇ તેમને એ પત્ર હાથો હાથ સોંપી અને કહે જો કે રાજા સાહેબે કપટ તન્ત્રથીજ પરણી છે, તેની તમને પહેલાં ખબર નહતી. પણ હવે મને એક થંભીયા મહેલમાં એકલી રહેવું પડે છે—

આવું દુઃખ છે." આટલું કહી તેણે કાજળ પાણીની શાહી બનાવી સળી વતે લખી તે કાગળ બારીએથી નીચે ફેંકી દીધો. અને તે જમાદારે પણ તે કાગળને ગ્રહણ કરી રસ્તો બાપ્યો અને તે જ સમય ઝડપથી તે જમાદાર કોઇને તે વાર્તા ન જણાવંતાં નગરશેઠને ઘેર જઈ પહોંચ્યો અને શેઠનું મકાન ઉઘડાવી સલામ કરી શેઠને તે પત્ર આપ્યો અને જે મુખનો સંદેશો કહ્યો હતો તે પણ કહ્યો, શેઠે કાગળ ઉકેલ્યો અને તેને જોતાંજ વિસ્મય પામ્યો કેમ? કાગળમાં લખ્યું હતું કેઃ—

શ્રી જીનેંદ્રાય નમઃ

સુ. સહર.

પરમપૂજ્ય સકળ સદ્‌ગુણ સંપન્ન શ્રીયુત્ પિતાશ્રીજી!

અતીવ નમ્રતા પૂર્વક વિનતી કે અહિયાં હું કુશળ પૂર્વક છું; પરંતુ એક મહા સંકટ છે તે એ કે, માહારાજાશ્રીએ દ્વેષભાવના લીધે મારૂં પાણીગ્રહણ કરયું હતું, તેથી મને એક સ્તંભીઆ મહેલમાં એકલી રાખી વિયોગથી પિડા આપવામાં કશી મણા રાખી નથી માટે તે દુઃખમાંથી છોડવવા તાકીદે ઊપાય કરવાની ઘણી જરૂર છે. એ હેતુ માટે આ પત્ર પાઠવ્યો છે તો હવે કોઇ ન જાણે તેવી રીતે મારા રહેવાના મહેલ સુધી સુરંગ ખોદાવી મને આપજો ત્યાં આવવા જવાની સ્હેલાઈ કરી આપો. વિશેષ શું લખું. હાલ તો એટલેથીજ વિરામું છું ખુલાસાવાર વિગત રૂબરૂમાં કહીશ. એજ વિજ્ઞપ્તિ.

લ. આપની દુખીઆરી બાળા

માનવતીના ભક્તિભર પ્રણામ અંગીકાર કરશોજી.

પુત્રીનું પત્ર વાંચી પિતાના મનમાં અતિ દિલગીરી થઇ, પણ થઇ ગયલા બનાવનો શોચ કરવો નકામો છે એમ ધારી ચિંતા

આવું નવવધૂનું ભાષણ સાંભળી માનતુંગ મહારાજા પોતાની છાવણી તરફ રવાના થયો અને સુંદરી પોતાની ધારેલી ધારણા પાર પાડવા આગળ વધી.

પ્રકરણ તેરમું.

ધારેલી ધારણામાં માનવતીએ મેળવેલી ફતેહ.

નિર્જીવ બંદુક પણ પોતાના નિસાન પર મારો કર્યા વિના અવાજ કરતી નથી, ત્યારે શું બુદ્ધિમાન્ મનુષ્યે પોતાની ધારેલી ધારણા પાર પડયા વિના મનની છુંપી વાતને પ્રકટ કરવી એ વ્યાજબી છે?

નીતિવચનાંમૃત.

રાજાના વિદાય થયા પછી સલુણી સુંદરી પોતાનો શૃંગાર ઉતારી તે સર્વ વીણાયંત્રમાં પૂર્વે જે પ્રકારે ગોઠવેલો હતો તે પ્રમાણે ગોઠવી દઇ પુનઃ પૂર્વવત્ યોગિનીનું રૂપ સજી જે રસ્તેથી આવી હતી તે રસ્તેથી પાછા ઉતારે ન જતાં અન્ય માર્ગે થઇ છાવણીમાં જવા પંથ પસાર કરવા લાગી. રાજા અને માનવતી બન્ને પોત પોતાના મનની મુરાદ પૂરી થવાથી મનમાં ને મનમાં મકલાતાં હતાં. રાજા સુંદરીની રાહ જોઇ બહુએ ઉંચો નીચો થયો પણ તે તો ફરીને નજરે પડીજ નહિ. એથી આશા ભંગ થઇ ગયો, પણ પાછી યોગિણીની બીક હતી. કદાચ તે જાણી જાય તો રંગમાં ભંગ કરી દે, એ કારણને લીધે જેમ ચોરની મા કોઠીમાં મ્હોં ઘાલી રૂએ તેમ પોતાની દશા થઈ પડી હતી. એવા સમયમાં યોગીણીને આવતી દીઠી કે સુંદરીને વિસારી દઇ તેની ઠઠમઠ કરવા મચી પડયો. સિંહાસન ઉપર બેસાડી

બહુ માન સાચવી ભોજનાદિથી સંતોષી પ્રસન્ન કરી. અને યોગિણીએ પણ ગાન તાન વગેરેનો આનંદ આપી રાજાને પ્રસન્ન કર્યો.

રાજાના મનમાં વારંવાર નવલવધૂની વાર્ત્તા સ્મરણ થતી હતી. અને ચિંતવન કરતો હતો કે–" તે સુંદરીએ થોડી વાર પછી આવવાનો વાયદો કર્યો હતો છતાં સવા પહોર થઇ ગયો તદપિ તે કેમ ન આવી ! શું એ વનદેવી તો નહિ હશે ! ખરેજ તેમજ હશે અને મને મોહ લગાડી પોતાના વનમાં આનંદવિહાર કરતી વિસરીજ ગઈ હશે. કિંવા કોઈ ઠગારી હશે કે મને ઠગી તે ઠગડીએ પોતાનો બોલ પાળ્યો હશે? ગમે તેમ હો, પણ એટલું તો સત્યજ છે કે, મ્હોંમાં આવ્યો કોળીઓ જતો રહ્યો. મેંજ ભૂલ ખાધી કે તેને છોડીને ચાલ્યો આવ્યો સ્ત્રીઓનો ભરોંસો રાખવો એજ પશ્ચાતાપનું નિદાન છે હવે વિચાર આવ્યો તે શું કામનો! પાણી પીધા પછી કોનું ઘર છે એમ પૂછવું અને હજામત કરાવ્યા પછી શું વાર હતો એમ પૂછવું એ નકામુંજ ગણાય. હશે જે થયું તે થયું. ગતંન શોચામી–ગઇ વસ્તુનો શોચ ન કરવો. હવે જો હું એ સુંદરીના માટે વિશેષ શોચ સંતાપ કરીશ તો ચાલાક યોગિણી મારી આકૃતિ વગેરેથી તે વાતને તાડી લેશે માટે એ વાતને જાણે જાણતાજ નથી, તેમ કરવું એ વધારે સારૂં છે. નહિ તો યોગિણી મારો જાન લઇ જશે. અને મારી મશ્કરી કરી મારાં ઓતરાં બાળી મૂકશે માટે સબસે ભલી ચૂપ."

આ પ્રમાણે વિચાર કરી રાજા અજાણુંજ થઇ ગયો. ત્યારે શું યોગિણી તે વાતનો ઇસારો પણ પ્રકટ જણાવે તેવી હતી ! કદિજ નહિ ! તેને તો હજુ પોતાનો બોલ પાળવો બાકી રહેલો છે, તો તે કાર્ય પાર પડયાવિના કેમ ગુપ્ત ભેદને ખુલ્લો કરવા યત્ન આદરે ! હમેશાં નીતિવચનને દરેક મનુષ્યે યાદ રાખવું ઘટે છે કે–' બની શકે ત્યાં સુધી તારી છૂપી વાર્તા કોઇને કહીશ નહિ. કારણ તે કહ્યાથી આનંદ

કે શોક થશે. જો દુઃખની હશે તો દિલગીરી થશે અને સુખની હશે તો કોઈની નજર લાગશે. તેથી તારી છાનીવાતના ઝનાનામાં કોઇ પણ મનુષ્યને કોઇ પણ વખતે પેસારો કરવા દઈશ નહિ જો તારા મતલબની વાત તું પોતે છાની રાખી શકતો નથી તો પછી જેને જે વાતથી કશી કાર્યસિદ્ધિ હાથ લાગવાની ન હોય તો તેને તે તારી છાની વાત પેટમાં રાખવા માટે શી દરકાર હોય ? તારી વાત તુંજ છુપાવી રાખ, કારણ કે તે છાની વાત છુપાવી રાખનાર બીજો કોઇ પ્રાપ્ત થનારજ નથી.' આ નીતિ વચનોને કંઠમણિ ગણી કંઠે ધારણ કરવાંજ ઘટે છે. હવે અહિંથી છાવણી ઉઠાવી આગળ કૂચ કરવામાં વિલંબ કરવો યોગ્ય નથી. "

આ પ્રમાણે વિચાર કરી બન્ને જણ પોતાના છુપા ભેદને ગુપ્ત રાખી ત્યાંથી છાવણી ઉઠાવી પ્રયાણને આગળ ચલાવ્યું. અને મજલદરમજલ કરતાં કરતાં રાજસેના દક્ષિણ દેશના મુગીપાટણ શહેરની સમીપ જઇ પહોંચી. એટલે રાજા પ્રત્યે **યોગિણી** કહેવા લાગી કે:–

" રાજન્ ! મેરે મનમેં એક બિચાર હૈ સો તું સુન. મેં યોગી ઔર તુ ભોગી, ઉંન દોનોંકા સાથ રહેના ઠીક નહ. કયોં કિ યહ અસંભવ વૃત્તાંત દેખ કર લોક ચેષ્ટા કરેંગે. અપના ગુડ અપને ચોર કર ખાના વોહી દુરૂસ્ત હૈ. પરદેશમેં આકર અપની ગુપ્ત વાર્ત્તા કિસીકો જાહેર કરની વોભી અચ્છી નહિ. તેરી મેરી સચ્ચા પ્રીતિ હૈ વો કયા અલગ અલગ મુકામ કરનેસેં ભિન્ન હો જાયગી ? યદ્યપિ શુદ્ધં લોક વિરુદ્ધં ના કરણીયં ના ચરણીયં–ઇસ કારનસેં મેં યહ શહેર કે બહાર બગિચા હૈ વિસીમેં ઠહેરના ચાહતી હું. જબ પાનીગ્રહન કર અપની રાજધાની તરફ મંગલ પ્રયાણ કરોગે તબ મેં ફિર તુમારે સાથહી ચલુંગી. મગર બહુત દિન ન હોવે તો અ

ચ્છી યોગીકાં દુનિયાંદારીસેભી યોગાચાર કાયમ રહા નીતજ્ઞાનાહી મંજૂર હૈ”

આ વાત શ્રવણ કરી રાજાએ પણ તેનું મન જાળવવા–તેમ કરવાની હા કહી, એટલે યોગિની શહેર બહાર વાડીમાં નિવાસ કરીને રહી. અને મહારાજા માનતુગે દલથંભણના સામૈયા સહિત મોટી ધામધૂમથી શહેરમાં પ્રવેશ કરી જાનીવાસના મહેલમાં મુકામ કર્યો. દલથંભણ રાજાએ દરેક પ્રકારે જમાઇની રતગજા સાચવવા ગોઠવણ કરેલી હતી તેથી સર્વ પ્રકારે માળવપતીનું ચિત્ત પ્રસન્ન થયું. માળવપતી પેતાને ત્યાં ખુદ પરણવા આવેલા જોઇ, તેઓને દેવ સ્વરૂપ માની દલથંભણ રાજા તેઓની વિવિધ પ્રકારે ભક્તિ યુક્તિ કરતો હતો. અને અતિ ઉમંગથી એજ ચહાતો હતો કે હું કયારે શુભ લગ્ન મુહૂર્તના દિવસે લગ્નમંડપમ શાસ્ત્રવિધિ પ્રમાણે રત્નવતી પુત્રીની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ભાગ્યશાળી થઇશ. અહા! છોરૂ વરાવવા વખતે પણ પૂજ્યજનોને કેવો હર્ષ હોય છે. ?

વિવેકી વાચકવૃંદ! હવે જરા આપણે પેલી શહેર બહાર રહેલી યોગિણી તરફ વિચરી, તેણીએ કળા કેળવી કયા પ્રકારે પોતાની ધારેલી ધારણામાં ફતેહમંદ થઇ તેથી વાકેફગાર થઇએ.

જ્યારે રાજા માનતુંગથી તે યોગિણી છૂટી થઇ બાગમાં ઉતારો લીધો ત્યારે તેણીએ વિચાર્યું કે–' પ્રિયતમને પ્રથમ પગે લગાડ્યો, તે પછી ચરણોદક પાયું, બળદની પેઠે ફેરવ્યો અને હવે માત્ર એંઠું અન્ન જમાડવું એજ શેષ રહેલ છે માટે તે કાર્યને પાર પાડવા હવે જલદી કાંઇ ઉપાય રચવાની જરૂર છે.' એમ વિચારી તેણીએ યોગિનીનો વેષ વિસર્જન કરી સજની કહારણ (ખવાસણ) નું રૂપ ધારણ કરી લીધું, અને તે જ્યાં રત્નવતી રાજકુમારી હતી ત્યાં જઇ પહોંચી.

રત્નવતીએ જ્યારે મહાસ્વરૂપવંત સ્રીને પોતાની ભેટ લેવા આવેલી જાણી ત્યારે તેનું સન્માન કર્યું. અને તે સુંદરી પ્રત્યે પૂછયું કે- " તમો કોણ છો ? ક્યાંથી અત્ર આગમન થયું છે ? અને શું પ્રયોજન છે ? તથા તમારૂં નામ શું છે તે જરા પ્રથમ કહી બતાવો કે તે પછી સર્વ આનંદ થાય. તમારૂં રૂપ જોતાં તો તમે કોઇ રાજ્ય મંદિરને શોભાવનારાં છો એમ પ્રતીતિ થાય છે "

રત્નવતીના પ્રશ્નના ઉત્તરમાં **સુંદરી** બોલી-" હું ઉજ્જયનીથી આવેલી છું. મારૂં નામ માનવતી છે અને હું મહારાજા માનતુંગની વ્હાલી વડારણ છું. મને મારા મહારાજાએ એ કારણને માટે અત્ર પાઠવી છે કે. માત્ર આપનું રૂપ લાવણ્યતા ચાતુરી નિહાળવા માટેજ (અહિં આવી છું.) નહિ કે અન્ય કંઇ કારણ છે. "

આવું સુરંગી સલૂણી સુંદરીનું બોલવું સાંભળી રત્નવતી બહુજ રાજી થઇ તેનું યોગ્ય સન્માન કર્યું. તે પછી રત્નવતી પોતાની મા પાસે જઇ પોતાની હજૂરમાં આવેલી વડારણનાં વખાણ કરવા લાગી કે-" પૂજ્ય માતુશ્રી ! આજે મારી આગળ જે માળવી વડારણ આવી છે તે એવી તો ખૂબસુરત છે કે તેના સમાન અન્ય કોઈ સ્રી મારા જોવામાં આવીજ નથી. ખરેજ તેનું સ્વરૂપ જોવા જેવું છે. જો આપની ઇચ્છા હોય તો આપના હજૂર તેને તેડી લાવું. "

ગુણમંજરી બોલી-" વત્સે ! એ વડારણને તું અહિં જલ્દીથી લઇ આવ, વાર નહિ કર. "

આવી માતુશ્રીની આજ્ઞા થતાં તરત રત્નવતી પોતાના મહેલમાં આવી તે વડારણને તેડી માતાજીની પાસે લઇ ગઇ. જ્યારે વડારણને નજરે દીઠી કે પટરાણી પણ મહા પ્રમોદ પામી. તેનો આદર સત્કાર કરી પોતાની હજૂરમાં નિરંતર આવવાની ઇચ્છા જણાવી. આનંદમાં નિમગ્ન થઇ.

માનવતી પણ દુધમાં સાકર ભળી જાય તેમ તેઓની સાથે હળીમળી વિવાહ પ્રસંગમાં મ્હાલવા લાગી અને ક્યા પ્રકારે મનની ધારણા પાર પડશે તે ચોકસ વિચારપર આવી તકને હાથ કરવા લાગી.

દલથંભન રાજાએ પણ લગ્ન મહોત્સવ માટે ભારે રચના રચી હતી, માંગલિક વાદ્યો વાગી રહ્યાં હતાં, સવાસણો ધવળ મંગળ ગીતો ગાઇ રહી હતી. પ્રથમ વરકન્યાને માયરામાં પધરાવી યથોચિત ક્રિયા કરાવી પછી ચોરીમાં પધરાવ્યાં.

માનવતી પોતાની ચાતુર્યતાવડે રાજમંદિરમાં માનીતી થઇ પડેલો હોવાથી દરેક લગ્ન સંબંધી કાર્યમાં તેણીએ વિશેષ ભાગ મળવાનો હક્ક સંપાદન કર્યો હતો. આમથી તેમ હર્ષઘેલો થયેલો ફરતો અને લગ્નનાં ગીત ગાતો મલકાતો જોવામાં આવતો હતો. તેને સહુએ વડારણ ગણી કહાડી હતી, પણ તે સત્ય રીતે કોણ છે તેનો ભેદ કોઇના પણ જાણવામાં આવવા પામ્યો ન હતો. લોકો તેના મધુરા સાદને લીધે તેનાપર બહુજ મમતા બતાવતાં હતાં અને આ વડારણ ઘણીજ ચાલાક ચતુર તથા ભલો છે એમ કહેતાં હતાં.

વરકન્યા ચોરીમાં આર્યશાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અગ્નિને સંતોષી તેની સાક્ષીએ ચાર ફેરા ફર્યા. અને રાજરીતિ પ્રમાણે સઘળો વિધિ સાચવી, યાચકાદિને સંતોષી માનતુંગરાજા જાનીવાસામાં વાજતે વાજતે જઇ પહોંચ્યો.

જ્યારે રાત્રી પડી ત્યારે રત્નવતીની માએ તેને પતિના ઉતારે જવાની સૂચના કરી, એટલે માનવતીએ વિનતી કરી કે—" વ્હાલી બાઈ! આપ રાજકુમારીને માળવપતી પાસે મોકલવાની તૈયારી કરશો, પણ તે વિષે હું કંઇ અરજ કરવા માગું છું. જો આજ્ઞા હોય તો રોશન કરૂં ?

પ્રેમપુરઃસર ગુણમંજરી બોલી—" વ્હાલી માનવતી ! ખુશીથી ક.

હી મને જાહેર કરો કે તે શું વાર્ત્તા છે? મને પક્કી ખાત્રી છે કે તમે જે વાત કહેવા માંગતાં હશો તે અવશ્ય અમારા લાભનીજ હકીકત હશે અને લાભની વાર્તા તરફ દુર્લક્ષ લખવે એવું કોણ મૂર્ખ હશે? કે તમે તેવી હિતકારીવાર્તા કહેવામાં આંચકો ખાઓ છો?"

ગુણમંજરીનો અત્યાગ્રહ જોઇ **માનવતી** બોલી-"બાઇ સાહેબ! મારા મહારાજાની કુળદેવી બહુજ આકરી છે. જ્યારે મહારાજા પોતાને શહેર જઇ કુળદેવીને નૈવેદ્યાદિથી પ્રસન્ન કરી લેશે ત્યારે રાજકુમારી સાથે સંસારિક સુખનો આનંદ લેશે માટે રાજકુમારીનું હાલ ત્યાં જવું ફોકટજ છે. એકાંતમાં દંપતિ મળ્યા છતાં વિયોગ જન્ય અસહ્ય પીડા વેઠવી એનાથી વિશેષ આકરી કઇ પીડા હશે? તો પછી હાથે કરીને તે પીડા શા માટે વ્હોરવી જોઇએ? જો આ વાત આપને યોગ્ય લાગે તો જલ્દી અમલમાં લેવાની જરૂર છે. હું ન્હાની મોટી રાજમંડળમાંજ થઇ છું અને આપના વેવાઇના ત્યાંની રીતિ વગેરેથી સારી પેઠે માહેતીગંત છું તેથીજ આ વાત મારા જાણવામાં છે માટે આપને રોશન કરી છે. મારે અસત્ય બોલવાનુ કંઇ પણ પ્રયોજન નથી. તેમ છતાં પણ જો આપની મંજૂરી મળે તો માળવપતિને આ વાત સંબંધી ખુલાસો પૂછી આવું."

આ પ્રકારે માનવતીની વાત સાંભળી **ગુણમંજરી**એ કહ્યું-"તમારૂં કહેવુ વ્યાજબીજ હશે, તો પણ એકવાર મહારાજા પાસે જઇ ખુલસો મેળવાય તો વધારે સારૂં. પછી તેમની જેવી આજ્ઞા થશે તે પ્રમાણે વર્તીશું."

આવી આજ્ઞા થતાંજ માનવતી ઉઠી ઉભી થઇ યોગ્ય શૃંગાર સજી હાથમાં કંસારથી ભરેલો થાળ લઇ રૂમકઝુમક કરતી રસીલી રમણી રાજેંદ્રની પાસે જવા વિદાય થઇ. જ્યાં પતીરાજનો ઉતારો હતો ત્યાં જઈ હોંચી [illegible] પ્રણામ કરી ઘુંઘટો કહાડી રા-

જવળાની રીતિ પ્રમાણે મર્યાદા સહિત માનતુંગ મહારાજાના આગળ થાળ મૂકી ઉભી રહી.

માનતુંગ રાજેંદ્રે પૂછ્યું-" તમે કોણ છો? અહિ શા પ્રયોજને આવવું થયું છે? અને આ કંસારપૂરિતથાલ લાવવાનું કારણ શું છે? તે સર્વ સત્ય હકીકત કહો."

માનવતિ બોલી-" મહાન્ પ્રતાપવંત પ્રભુ! હું આપનાં નવલવધૂ રત્નવતીની મહેતીજી છું. મારૂં નામ માનવતી છે અને જે આ કંસાર લાવી છું તેનુ કારણ એ છે કે-અમારા રાજાજીને ત્યાં એવી પરંપરાનો રીતિ છે કે, જે અમારા રાજાજીની રાજકુમારી સાથે જે રાજેંદ્ર પાણીગ્રહણ કરે તે વરરાજેંદ્ર આ કંસાર પ્રાસન કરે, અને એથી કુળદેવી પ્રસન્ન થવાથી કોટિ કલ્યાણ થાય છે; પરંતુ જો તેમ કરવામાં બેદરકાર રહે તો તે વરકન્યાને અનેકાનેક વિઘ્નો ઉપાધિ કર્ત્તા થાય છે માટે જો આપ નામદાર પણ જાતને કુશળ રાખવા ઇચ્છતા હો તો આ મારો એંઠો કંસાર હર્ષ પૂર્વક પ્રાસન કરવોજ યોગ્ય છે."

ભોળા અને ભલા ભૂપતિએ ભામિનીનું ભલાઇ ભર્યું ભાષણ શ્રવણ કરી તેની સઘળી વાર્તા સત્યમાની ભોળવાઇ ભામાને ભરોસે પરંપરાની રીતિને માન આપી કહ્યું-' હે સુલક્ષણાં! જો પરંપરાની આાજ રીતિ પાલન કરવાથી દંપતિ આનંદમય રહેતાં હોય તો તમારા કથન મુજબ એંઠો કંસાર આરોગવામાં પણ હું કસી ગ્લાની સમજતો નથી. કેમકે જે કાર્ય કરવાથી પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો હોય તો તે અયુક્ત કાર્ય જણાતું હોય છતાં પણ કરવામાં જરા વિચાર કરવો નહિ. શું સુવર્ણ અપવિત્ર વસ્તુથી વેષ્ટિત જણાયા છતાં પણ તેનો કોઇ ત્યાગ-અનાદર કરે છે? બપ તેનો દોષ શો? માટે જે રીત હોય તે પ્રમાણે વરતવા હું તૈયાર છું " આટલું બોલી એંઠો કંસાર આ

રોગ્યો અને પછી જળપાન કર્યું. તદનંતર પુનઃ **માળવપતિ** એ કહ્યું કે-" આ શિવાય અન્ય પણ કંઇ વિધિ અંગીકાર કરવાનો હોય તો તે પણ કહો કે તરત અમલમાં લઉં. વળી હું એ પણ પુછું છું કે-હજી લગણ નવવિવાહિતાદેવી કેમ આવ્યાં નથી? તમો તેને તેડીને કેમ ન લાવ્યાં? શું કંઇ ન આવવાનું સબળ કારણ છે?"

માનવતી એ કહ્યું-" હે માળવપતીજી! આપને આપનાં દેવી છ માસ પછી સુખાનંદ આપશે. અહિં એવો રીવાજ છે કે-પ્રથમ ગુરૂ ગોત્રજાદિનું પૂજન કરવું પડે છે અને તે પૂજનાદિ વિધિ સાચવતાં છ મહિના લાગે છે, તો તેટલો પખત આપનામદારને પણ અહિંજ રહેવું પડશે. આ ગુપ્તવાર્તા કોઇને ન જણાવતાં માત્ર આપસાહેબ મનમાંજ ગોપવી રાખશો. પ્રભુ! હું આપને નિરંતર એવી વાતોથી વાકેફ કરવા આપ હજૂર આવીશ." આટલું બોલી માનવતીએ કારમાં નેત્રકટાક્ષનો મારો મહિપતિપર ચલાવ્યો અને હાવ ભાવ વગેરેથી ભૂપાળને ભોળવી કામદેવના તાબાનો કેદી બનાવી દીધો, જેથી માનતુંગ તો માનવતીનો વગર દમડે વેચાણ થઇ ગયો અને તેનાજ રંગમાં તલ્લીન બની ગયો. અહા! મદનનો માર પણ અકથનીય છે!! અને **स्त्रीभिः कस्य न खंडितं भुवि मनः** —સ્રીએ જગતમાં કોના મનને ખંડન કર્યું નથી? અર્થાત્ ચરાચર જીવોના મનને ખંડન કરેલ છે, તો પછી માનતુંગ મહિપાળની આવી દશા થાય તેમાં આશ્ચર્ય જેવું પણ શું છે.?

તત્પશ્ચાત્ **માનવતી** ગુણમંજરી પાસે ગઇ અને બોલી કે-"બાઇ સાહેબ! આપ રાજકુમારીને પ્રાણનાથ સાથે ભેટવા અત્યાતુર છો; પરંતુ એમના પ્રાણેશ્વરે તો કોઇ કાર્ય સિદ્ધ કરવા માટે એક વ્રત આદર્યું છે, એથી તેઓ છ મહિના સુધી અહિયાંજ રહેવા ઇચ્છે છે.

છ મહિના પછી તેઓ રાજબાળાની ભેટ લેશે. અને મહારાજાએ ભલામણ કરી છે કે આ ખાનગી વાર્તાને પ્રસિદ્ધિમા લાવવી નહિ. માટે વિનતી છે કે આ વાત કોઇના આગાડી પ્રકટ કરશો નહિ, ન હિતો માળવપતિની મારા પ્રત્યે ઇતરાજી થાય છ મહિના જતાં શું વાર લાગવાની છે માટે આપ તેવાજ નિશ્ચયપર રહેજો."

માનવતીનું ભાષણ સાંભળી ગુણમંજરી અહોભાગ્ય માનતી વિચારવા લાગી કે—" એવો સુદિન કયાંથી કે માળવપતિનું અહિ રહેવું થાય અને અમો તેમની પ્રેમપુરિત ભક્તિ સાચવીએ! " એમ વિચારી તેણીએ તે વાતને સત્યમાની અંગીકાર કરી.

પ્યારા પાઠકો! સ્ત્રીચરિત્ર અગાધ છે અને તે સ્ત્રી ચરિત્રોમાં પ્રવીણ પુરૂષ પણ કેવી રીતે ફસાઇ જાય છે તેનો દાખલો આપની દૃષ્ટિસમક્ષ વિધમાન્ છે. સ્ત્રીચરિત્રબળથી માનવતીએ માનતુંગ રાજાને કેવી રીતે છેતર્યો અને હજુ પણ વિશેષ છેતરવા કેવા પ્રયત્ન આદરે છે તથા બોલેલા બોલો પાળતાં છતાં મૃષા નહિ બોલવાનું વ્રત અડગ રાખી પોતાનું કાર્ય સાધે છે તેનો ખ્યાલ ખાસ ધ્યાનમાં લેવા જેવો છે. હવે ધૂતારી માનવતીએ માનતુંગને વિશેષ ધૂતવા માટે શું કર્યું તે તરફ લક્ષ દઇએ.

બીજે દિવસે માનવતી માનતુંગ મહિપાળની આગળ ગઇ અને પ્રેમવચનરૂપી શરથી રાજાને ઘાયલ કરી દીધો. રાજેંદ્રની કામદેવના બળથી શુદ્ધિ બુદ્ધિ ગતિભંગ થઇ ગઇ. જગત્ માત્રને માનતુંગ સ્ત્રીરૂપ જોવા લાગ્યો. માનવતીના ફંદામાં સજડ રીતે ફસાઇ પડયો. કેમકે માનવતીએ મદનની ફોજથી ચારે તરફ તેને ઘેરી લઇ બંદીવાન બનાવ્યો હતો. વિષયરૂપ આકરી વારૂણીના પાનથી માનતુંગ મતિવિભ્રમવંત બની મોહ પામી ગયો હતો. અને જેમ જેમ રાજાની મનોવૃત્તિ પોતાના આધીન બનતી ગઇ તેમ તેમ માનવતી વિશેષ

હાવભાવ કટાક્ષવડે રાજાને લીન કરવા લાગી. માનતુંગને એજ. લગ્ની લાગી રહી હતી કે કયારે માનવતી મને આલિંગનરૂપી પીયૂષવડે જીવનુંને કાયમ કરે. બિચારા માળવપતિને બિલકુલ ખબરજ ન હતી કે મારીજ સ્ત્રી મને મોહનું ચેટક લગાડી પોતાની ધારણા પાર પાડી વિજય મેળવવા આ ફંદ રચ્યો છે! એ તો ધોળું એટલું દુધજ સમજી તેના રૂંગમાં રંગાયો હતો અને એથીજ તેણે માનવતી અગાડી પ્રાર્થના કરી કે—" હેમત પ્રાણસંજીવની પ્રિયે! હું તારા રૂપ ગુણથી રંજન થઇ ફિદા થયો છું. હું કેવળ તારા પ્રેમનો ખરીદદાર છું, હું તારા નામમંત્રનો જાપક છું. હું તુજ પ્રેમમૂર્તિનો પૂજક છું. હું તારા હુકમનો અનુયાયી ભક્ત છું. હું તનેજ મારૂં તન મન ધન જીવન સમજુંછું. હું તને મારી અભિષ્ટ અધિષ્ઠાતા માનુંછું. તુજને મારો અમૂલ્ય કંઠમણિ ગણુંછું, તું મારાપર કરૂણા નજર કર. હસીને મને પ્રેમાલિંગન આપી મારા તનના તાપને શાંત કરો. મારી મનહરણ માનવતી માનુની! મને તારો પ્યારો ગણિ સાંસારિક સુખાનંદ આપો, હું જીવનપર્યન્ત તને મારા જીવનની મૂળી માનીને અમૂલ્ય વસ્તુની પેઠે સદા યત્નસહ મારી પાસેજ રાખીશ. તું હવે પોતાના પ્રાણનાથને વિશેષ ન તલસાવ. હવે હું વિરહાગ્નિની અસહ્ય જવાળા સહન કરી શકતો નથી. દેવી! મનમાની દેવી! રમણ ગનશાંત કરનાર રસિક દેવી! તને સેવી હવે આનંદની લહેર લેવી એટલુંજ ઇચ્છું છું. બસ, હવે જુદાઇને ત્યાગી દો. એક રસ બનો. એકાંગી પ્રીતિ અલગ કરો. સંયોગ સુખ સમર્પો. વ્હાલી! વ્હાલીનો સંયોગ થયા છતાં પણ વિરહજન્ય પીડાથી વ્હાલો વિહ્વલ બને એ જોતાં તું રાજી રહે એ શું તુજ સરખી સુગ્ન સુંદરીને છાજે તેવી રીતિ છે? હઠ છોડો, મન જોડો અને મનના કોડ પૂરો."

વિહ્વલ વલ્લભનાં વચન શ્રવણ કરી વિચક્ષણ વનિતા વદી

કે " અરે ! આપ આ શું બોલોછો ? શું મારી શિષ્યણી રત્નવલીની જંગાનો ચારજ લેવા મુજ મહેતોજીનેજ ફરજ અદા કરવાની અનીતીને આપજ ઉતેજન આપો છો ? શું પોતાની નવવિવાહિતા રત્નવતીથી પ્રથમજ છળ રમી પતિપત્નિના હક્કને છિનવી લેવા માગો છો ? ચોરીમાં હાથ પકડી તથા સમપદી વખતે કેવા કોલથી બંધાઇ નવલવધૂને વિશ્વાસ આપ્યો છે તેનો ઘાત કરવા ચાહો છો ? શું નવલવધૂ વરીને પણ આપના મનની આશા પૂર્ણ ન થઇ કે મારી સાથે આમ કામવિગ્હલ થઇ પ્રેમાલિંગનની પ્રાર્થના કરોછો ? જેની વાડ તેનીજ ધાડ જેવો ઘાટ આપજ કરશો ? શું આવી લબાડવિદ્યા અને ફોસલાવવાની કળા અમલમાં લેવા આપ જેવા નિતિજ્ઞ રાજેંદ્રને યોગ્ય છે ? જે પોતાની પરણેત પ્રમદા હોય તેની પાસે આવી માગણી કરીએ, પણ પરાઇ નારી પાસે આવી પ્રાર્થના ન કરીએ. મને મારા પતિદેવ પૂછનાર છે, તો પછી હું મનમાની રીતિ શી રીતે ચલાવી શકું તેનો જરી આપજ વિચાર કરો ? પરનારીનો પાલવ પકડવે શોભામાં ઘટાડો થાય છે. આ જન્મમાં અપયશ અને પરભવમાં કુગતિ પ્રાપ્ત થાય છે. આપ પ્રજારક્ષક છો, ન્યાયાન્યાયની ભિન્નતા દર્શાવનાર છો, તો આ વર્તણુંક આપને લાંછનદાયી છે. "

માનતુંગે કહ્યું-" પ્રાણપ્યારી ! એ સઘળું હું સમજુંછું, પણ એ બોધને હું અત્યારે લાયક નથી. તું રસની જ્ઞાતા છો, જેથી ટુંકામાં એટલું કહુંછું કે રકઝક મૂકો રમણિ રસીલો. હવે હદ થઇ ગઇ છે. તું પ્રથમ પ્રેમીને ઉંડા કુવામાં ઉતારી પછી વરત વાઢી લે અને અમૃત પાઇ ઉછેરી છેવટ વિષ ઘોળી પાએ છે એ અરસિકની રીતિ છે, જો આવા પ્રમાણિકપણાને વળગી રહેવું હતું તો પ્રથમ કટાક્ષબાણ ચલાવી મુજ નિરાપરાધિને ઘાયલ કરવાને પ્રયાસ જ નહોતો કરવો અને જો જાણીબૂઝીને તેમ કર્યું છે તો હવે આ

વાં વિરાગ વાકયો ઉચ્ચરી પ્રેમીના કોમળ કાળજામાં કટારી ભોંકવી એ કૃતઘ્નનું કામ છે. પુરૂષ કદી પ્રથમ પોતાના પ્રમાણિકપણાને ત્યજતો નથી, પણ પ્રથમ સ્ત્રીઓજ વિહ્વલ બની પુરૂષનું પશુ મૂકાવે છે માટે ખરી રીતે જોતાં તમેજ મને ગુન્હેગાર બનાવવાને મૂળકારણ રૂપ છો, તો તમને હવે આમ બોલવું વ્યાજબી નથી. બસ હવે એજ વ્યાજબી છે કે તરત પ્રેમાલિંગન આપી વિરહ શાંત કરો. પ્રીતિ પરાણે થતી નથી એ માટેજ જરા હું મર્યાદામાં રહી તમને બાહુબંધમાં ગિરફદાર બનાવતો નથી. હું જાણું છું કે તમે પોતે મને પોતાનો કરી લેવા પૂરાં પગલાં ભરીજ રહ્યાં છો તદ્‌પિ મને તલસાવવા આમ કરોછો એ ઠીક નથી. મારા કબજામાં આવ્યા પછી હવે કયાં જનાર છો ? શું મારા પ્રાણની હાની કરવાજ પ્રીતિ દર્શાવી છે? જો એમજ હોય તો થોડે થોડે નહી બાળતાં એકી વખતેજ પ્રાણનો ભોગ લઇ લો કે છૂટકો થઇ જાય."

અતિ તાણ્યે તૂટી જશે માટે થોડામાંજ રંગ રહે છે એમ ધારી **માનવતી** સ્મિતહાસ્ય સહ મધુર વચન વદી કે—" અરે પ્રાણપ્યારા ! આમ એકદમ અકલાઇ ન જાઓ. જરા ધીરજ ધરો. હું તો આપના ચરણકમળની દાસીજ છું. હું કાંઇ નાસીને જનાર નથી. કે આકુળ વ્યાકુળ થવું ઘટે છે. જે આપની ઇચ્છા હોય તે પાર પાડો હું તો આપનીજ અર્ધાંગના છું. જેમ આપ કહેશો તેમ વર્તવા હું હાજર છું. કહો સાહેબ ! હવે એથી વિશેષ શું ઇચ્છોછો ? " આટલું બોલી ઉત્સાહ ભર માનતુંગરાજાને પ્રેમાલિંગન આપ્યું અને રતિસુખનો આનંદ આપી પ્રાણપાતના મનને શાતા બક્ષી

માનતુંગરાજા માનવતીના પ્રેમમાં લુબ્ધમાન્ થઇ ગયો. માનવતી પણ મહારાજાનું મન જાળવવા સમયસર દરરોજ ડેરે આવી અચ્છી લહેજત આપતી હતી. દંપતીનાં આતુર રત્યાનંદને લીધે માનવતાને ગરભ રહયો, અને અનુક્રમે તે વૃદ્ધિ પામતો ચાલ્યો.

એક દિવસ માનવતી મહારાજા પ્રત્યે કહેવા લાગી કે-" હે પ્રાણાધાર ! આપના સંયોગથી હું સગર્ભા થઇ છું તે માટે હવે શો ઇલાજ કરવો? જ્યારે હું પુત્રરત્ન પ્રસવીશ ત્યારે તો આપ મહારાજા ઉજજયની તરફ મને અહિં મૂકી પધારી ગયા હશો. પછી આપજ વિચાર કરો કે હું પુત્રને કયા પ્રકારે પાળી પોષી મોટો કરી શકીશ? અને હે નાથ! લોકોમાં એ માટે કેવો અપવાદ બોલાસે તેને હું શી રીતે સાંખી શકીશ? હશે થનાર હતું તે થઇ ગયું, હવે શોચ કરવો એ તદ્દન નકામો છે, પણ મારા બચાવની ખાતર નીશાના આપો કે વખતે મને આપનું શરણ લેવું પડે તો તે વખતે આપેલી નિશાની બતાવવાથી આપને આ સમયનું સ્મરણ થાય કિંવા આપના ફરજંદને આપ આપેલી નિશાનીથી ઓળખી શકો, માટે સુંદર નિશાની આપો."

આ પ્રમાણે પ્રેમીપ્રિયાનું કથન શ્રવણ કરી પોતાના નામની મુદ્રિકા-વીંટી અને મુકતાફળ હાર એ બે નિશાની તરીકે આપ્યાં. અને એ બે નિશાની પ્રાપ્ત થતાં સર્વ વાંચ્છિત સિદ્ધિ હાથ થઇ જાણી માનવતી મહત્ આનંદ પામી. તે પછી માનવતી બોલી-" હે પ્રભુ! જો આપની આજ્ઞા હોય તો હું રાજકુમારી રત્નવતી પાસે જરા જઇ આવું. હું તરતજ પાછી આવીશ; કેમકે હવે મને આપ નાથના વિના જરી ચેન પડતું નથી."

પ્રિયાનું આવું બોલવું સાંભળી પ્રાણનાથે પણ તેનું મન રાજી રાખવા રત્નવતી હજૂર જવા રજા આપી એટલે માનવતી નમ્રતા યુક્ત પ્રણિપત્ય કરી પોતાના બગીચામાંના ઉતારા તરફ રવાના થઇ. બગીચામાં જઇ ધારણ કરેલો વેષ ઉતારી વીણાયંત્રમાં સંતાડી પુનઃ યોગિણીનું રૂપ ધરી ચિત્તમાં ચિંતવન કરવા લાગી કે-" હવે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ ગઇ છે માટે હવે પ્રિયતમથી પહેલાં ઉજજયની

જવું લાભદાતા છે. હવે અહિ રહેવાથી કશો પણ ફાયદો જોતી નથી. સ્વાર્થ સર્યા પછી પળવાર પણ ખોટી થવું નહિ. મારાં માતા પિતા પણ મારા માટે ચિંતા કરતાં હશે અને મારી વાટ જોતાં હશે. મારા દુઃખથી તેઓ ઝૂરીને ઝાંખરા જેવાં થઇ ગયાં હશે તો યોગ્ય છે કે તેમને આનંદ આપવા જલ્દી જવું ઘટે છે.” એવો વિચાર કરી તરત ધણીને હાથમાં લઈ એકલીજ જે માર્ગે આવી હતી તેજ માર્ગે પાછી ઉજ્જયની તરફ ધારેલી ધારણામાં વિજય મેળવી પાછી ફરી.

પ્રકરણ ચઉદમું.

શોકયની સગાઇ–રાજેંદ્રનો પશ્ચાતાપ.

ભાટને ભિક્ષુક છતાં ‘રાજા’ પદ દઇ બોલાવવો, ભોજકને યાચક છતાં ‘ઠાકોર’ કહી બોલાવવો, શોકયને દુઃખદાયી છતાં ‘બહેન’ કહી બોલાવવી, જવા બેઠેલી દૂખતી આંખ્યોને ‘આંખ્યો આવી’ એમ કહેવું અને ધગધગતા ડભેણાં ચાંપવાને ‘ટાઢા કર્યા’ કહેવું એ તદ્દન વિપરીતજ છે.

અખો ભક્ત.

કાર્ય સિદ્ધિ હાથ લાગ્યા પછી છ પાંચ ગણવામાં વિલંબ કરે તો તેને ડાહ્યો ન ગણવો. એ વાકય અનુસરી યોગિણી પોતાને માર્ગે પડી અને નિર્ભયપણે મજલ દરમજલ કરતાં જ્યાં નાથને નાથ ઘાલી ફેરવ્યો હતો અને ચરણોદક પાયું હતું તે સ્થળે આવી પહોંચી અને ત્યાંથી કેટલેક દિવસે ઉજ્જયનીએ પણ જઇ પહોંચી. માતા પિતાની પ્રેમસહ ભેટ લીધી અને ધણીને ધૂત્યાની સકળ હકીકત નિવેદન ક-

રી. એટલે તેની ચાલાકી અને રાજેંદ્રની અજ્ઞાનતા વિચારી સર્વ જ-ણુ હસ્યાં અને બોલેલા બોલ પાળી પતિનો અહંકાર મર્દન કર્યા બ-દલ તેને ધન્યવાદ આપ્યો.

તદનંતર સુરંદ્વારા એક થંભીઆ મહેલ તરફ પોતાનો અસ-લ સ્વાંગ ધારણ કરી જઇ પહોંચી. અને પહેરેગીરોને બોલાવી કુ-શળતા પૂછી.

પહેરેગીરોએ પૂછ્યું–" બાઇ સાહેબ! બહુ દિવસે આપ બા-રીએ પધાર્યા. આટલા દિવસ કેમ અમારા ઉપર કૃપા નજર ક-રી નહી? "

માનવતીએ કહ્યું–" વીરા! મેં એક વ્રત આદર્યું હતું તેથી મૌનપણે કાળ વ્યતીત કરતી હતી, તે વ્રત આજેજ પૂર્ણ થયું એ-ટલે તમને કુશળતા પૂછી. "

આવું રાણીજીશ્રીનું બોલવું થતાં પહેરેગીરો આનંદ પામ્યા. માનવતી પણ પ્રાતઃકાળ થતાં બ્રહ્મચાર સાચવી પતિને છેતરતાં ની-તિભંગ થયા સંબંધી જેજે પ્રાયશ્ચિત લાગ્યું તે તેની આલોયણા માટે પુનઃ આંબિલનો તપ આદર્યો. શુદ્ધ સમકિતને ત્રિકરણ શુદ્ધિથી પા-ળવા લાગી. બે ટંક પ્રતિક્રમણ કરવા લાગી અને સ્વાર્થને લીધે જે અવિધિ આચાર થયો હોય તેની પુનઃ પુનઃ મિથ્યા દુષ્કૃત દેવા લા-ગી. અલ્પભવી જીવની આવીજ રીતિ હોય છે; તે જીવ કદાચ પાપનાં કાર્ય આદરે; તોપણ તેનો ક્ષય કરવા આલોયણા લઇ નિર્મળ થાય છે. જેવી ગતી તેવીજ મતી. પૂર્વપુણ્યો પાર્જીત કરેલાનેજ સમ્યક્ત ઉદય આવે છે અને તેનાંજ મનનાં ધાર્યાં કાર્યો ધર્મ પ્રસાદથી સફળ થા-ય છે એથીજ ઉચિત છે કે દરેક મનુષ્યો સુકૃત કરી સત્પુણ્ય ઉપા-ર્જન કરવું.

જ્યારે આંબિલનો તપ પૂર્ણ થયો ત્યારે **માનવતી** પહેરેગીરોને

કહેવા લાગી કે–" ભાઇઓ ! મેં ગર્ભ ધારણ કર્યો છે એ સમાચાર અંતઃપુરમાં પહોંચાડો. "

પહેરેગીર વિચારવા લાગ્યા કે–" આ સ્થળમાં કીડી સરીખાનો પણ સંચાર નથી, તો પુરૂષનું આગમન સંભવેજ શી રીતે ? છતાં રાણીશ્રી સગર્ભા થયાનું કહે છે એ ખરેખર ચિત્તને ચોંકાવનારી જ વાત છે. કયાંય પુરૂષ સમાગમ શિવાય સ્ત્રીએ ગર્ભધારણ કર્યો સાંભળ્યો છે ? તો પછી આ અસંભવ વાર્તા કેમ સંભવે ! હશે આપણે શું. આપણે તો એમના કથન મુજબ સંદેશો પહોંચાડવો એટલુંજ પ્રયોજન છે. આપણે આપણી ચોકીમાં ખામી આવવા દીધી નથી. નાડે નરવા તો વૈદ શું કરનાર છે ? કદાચ જેમ હેમાલયથી પાર્વતી, સમુદ્રથી લક્ષ્મી, અને રૂપિ રૂધિરથી જનકજા પૈદા થઇ તેમ રાણીશ્રીને પણ સંતતી પૈદા થનારી હોય તો ઇશ્વર જાણે. બાકી તો સૃષ્ટીના નિયમ પ્રમાણે પુરૂષ સહવાસ વિના પુત્રોત્પત્તિ થાયજ નહી. "

આવા વિસ્મયકારી વિચાર કરતા પહેરેગીરો તાકીદથી અંતઃપુરમાં ગયા અને આશ્ચર્યકારી બનાવની મહારાણીજીને ખબર આપી. આ તાજુબી ભર્યા સમાચાર મળતાં શોકયનો ઘાટ ઠીક ઘડાશે એવી આશાને અવલંબી સઘળી રાણીઓએ હસીને હાથતાળી દઇ પરસ્પર કહેવા લાગી કે–" અરે ! આ તો દૈવ માયા વાળી દેખાય છે કે, પતિના સમાગમ વિના પણ સગર્ભા થઇ છે ! ! આતો જુલમની કરનારી જણાય છે. એક સ્તંભિયા મહેલમાં પણ જે સખણી ન રહી તો પછી અહિં જો આપણી પેઠે છૂટ પામેલી હોત તો તો શુંએ ચરિત્ર કરત ! હશે જે થયું તે ઠીકજ થયું છે. બહુ ગુણ રૂપ વાળાં હતાં તે હવે ઠબલાઇને ઠેકાણે આવવાનો ઠીક જોગ બન્યો છે. આપણે તો હવે એટલુંજ કરવાનું છે કે, પ્રિયતમને આ સમાચાર

લખી વિદિત કરીએ કે ટાઢા પાણીએ ખસ જશે. અણમાનીતી તો હતીજ પણ કદાચ માનીતી થવાનો વખત આવતે, પણ હવે તો પેલે ભવ માનીતી થવાનો વખત રહ્યો. કપાળમાં કાળો અંધ વ્હોરી લીધો. હાથે કરીને હલકી પડી. હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. બોલેલા બોલ પાળવાને બહુ બાધોડીઆં માન્તી હતી તે આ કરી બતાવ્યું. બસ જે થયું તે એના કર્મ લેખે. ભેંશનાં શિંગડાં ભેંશને ભારે છે તેમાં આપણે શું ? બસ ઝટપટ પત્ર લખી વિદાય કરો એટલે પોત પોતાનાં લાગ્યાં હશે એ ભોગવસે." આ પ્રમાણે વાતો કરી પત્ર લખી સાંઢણી સ્વારને હાથ સોંપ્યો અને જે ભલામણ દેવી હતી તે દઇ તેને તાકીદે રવાના થવાની આજ્ઞા આપી.

સાંઢણી સ્વારના વિદાય થયા પછી નિરંતર એજ વાતો કરતી હતી કે—"આપણ જાણતાં હતાં કે પ્રાણજીવન માનવતીથી મેળ કરશે, પણ આપણું ભાગ્ય ચડતું જેથી આ બનાવ બન્યો હવે તો મન ધારયા પાસા પોબાર પડયા જ્યારે નાથના હાથમાં પત્ર જશે ને વાંચશે ત્યારે માનવતીથી સદાને માટે અભાવ થઇ જશે એટલે બલા દૂર ટળશે. અને ખોડી બિલાડી પેઠે ખોડીલીની ખટક અપશું:ન કરતી આરીજ થશે."

વ્હાલા વાંચનાર! સોકયની કેવી સગાઇ છે તે તરફ જરા લક્ષ આપો, માનવતીએ બીજી રાણીઓનુ કશું પણ બગાડયું ન હતું. તેમ કેઇ વખતે તેઓના સંબંધમાં વિરૂદ્ધ વિચારણા પણ કરી નથી અને પરણીને આવી ત્યારથીજ પોતાની દુવિધામા પડી હતી જેથી તેને શોકય વિરૂદ્ધ વિચાર કરવાનો વખત પણ શાનો હાથ લાગ્યો હોય. જ્યારે ધણીની માનીતી હોય તો વખતે શોકય વિરૂદ્ધ પગલાં ભરવાનો વખત આવે, પણ તે તો પ્રથમથીજ અણમાનીતી હતી, છતાં પણ શોકય એ સગાઇજ દ્વેષ ભરી છે શોકયો હમેશાં એક બી

જાનાં છિદ્રજ ખોળ્યા કરે છે. મીણુની બનાવેલી પણ શોકય હોય કિંવા મરી ગયેલી શોકય હોય તો પણ નડે છે, તો જીવતી નડે એમાં આશ્ચર્યજનક શું ? સ્ત્રીને શૂળી કરતાં શોકય વધારે પ્રાણ ઘાતક છે. કાળજામાં ચુભેલા તીખા ભાલા કરતાં પણ શોકય વિશેષ ખટકે છે. શોકયને લીધે પતિને પણ અપાર પીડા આપે છે. જેના ઘરમાં બે સ્ત્રીઓ હોય તેના ઘરમાં હમેશ કજીઓ તો શરૂજ રહે છે. દિન રાત કંકાસ કકલાટ મટતોજ નથી. ચીડાયેલી કૂતરીઓની પેઠે વિના કારણે બાઝયાજ કરે છે. ખોટાં આળ ચડાવ્યાજ કરે મ્હેણાં ટોણા બોલ્યાજ કરે. પરસ્પર હાથના કડાકા ફોડયાજ કરે. અને એક બીજા સન્મુખ દોષ દૃષ્ટિથીજ જોયા કરે. વાચકો ! દૈવ રૂષ્ટમાન્ થાએ તો પુરૂષ પર અન્ય મહા વિપત્તિઓ વર્ષાવી દે તો ઠીક કે એકજ વખત તેની પીડાના ભોગ થવાય. પણ જો બૈરીઓ રૂપ અસહ્ય વિપત્તિ આપી હોય તો ક્ષણે ક્ષણે અપરીમિત પીડા-શોક-સંતાપને શરણ થવાય છે; એથી હુતો માનું છુ કે જેને બે બૈરીઓ હોય તેને ઇશ્વરે મોટામાં મોટી શિક્ષા આપી છે કે જેને જિંદગી પર્યંત જંપવા વારોજ ન આવે. રોગ-શોક-પીડા-ચિંતા વગેરેની પણ હદ હોય છે કે તેટલો વખત વીત્યા પછી મનુષ્યને આનંદ મળે છે, પણ બે સ્ત્રીના પતિને તો માત્ર ચિંતામાં સૂતા પછીજ આનંદ મળે છે. નામ તો બહેન કહેવાય છે પણ વેરણ કરતાં વિશેષ નડે છે. અને આનંદદાયી છતાં અનહદ દુઃખદાયી થઇ મરણને વ્હાલુ ગણાવે છે. લૌકિકમાં પણ કહેવત છે કે-

બહુત વણિજ બહુ બેટિયાં, દો નારી ભરતાર;
ઇતનેકો મત મારીઓ, ઉન્હે માર્યા હૈ કિરતાર.

પ્રકરણ પંદરમું.

પત્ર મળવાથી પ્રજેશને થયલો પરિતાપ.

જો તારે સાચો આશક બનવું હોય તો દુનિયાંદારી તજદે. સુખાનંદ છોડી દે. માશુકની જપમાળા ફેરવ્યા કર, સુખ દુઃખને સમાન ગણી લે, અને આશાને અવલંબી દિવસો ગુજારી લે.

પદ્મમાકર.

ગુણિયલ ગુરૂણીના ન આવવાથી રાજા કેવળ ઉદાસ બની ગયો, તેને તેનું મુખ જોયા વિગર જરા ચેન પડતું નહતું, ગુપ્ત પણે ગળગળો થઇ જતો હતો, ઉષ્ણ આંસુડાં ગાળ્યા કરતો હતો, ઉંડા નિશ્વાસ નાખ્યા કરતો હતો. મનમાંનેમનમાં કંઇક બબડયા કરતો હતો. સ્હેજ કોઇનો પગવા થતો કે ચોંકોને મનમાની માશુંક આવી છે કે શું ? તે જોવા આતુર જણાતો હતો, ખાન પાન ગાન તાન વગેરે પણ તેને પ્રથમની પેઠે રૂચતાં ન હતાં. અને તે તો કેવળ વ્હાલીના વિના વિહ્વલ બની મોહિનીનુંજ ચિંતવન કરતો હતો. વિચારતો હતો કે-" શું મારી મનહરણ માનવતી મારાથી રીસાઇ હશે ? સમર્ભા થયા પછી પુનઃ તેનું અહિં આગમન કેમ નહિ થવા પામ્યું હશે ? શું તેના પતિએ તેને કબજે રાખી હશે ? કે તે પોતેજ તેમ કરવા ખુશી હશે ? કોણ જાણે ? ઇશ્વર જાણે ! હતી તો નિર્મળ પ્રેમી પછી તો સ્ત્રીઓની સાચી વૃત્તિ કોઇથી પણ કળાય તેમ છેજ નહિ હું હરદમ તેનુંજ ભજન કરૂં છું, તો શું તેણીએ મને તદ્દન વિસારી દીધો હશે ? છટ, એમ તો હોયજ કેમ. પ્રેમની પીડાતો પરસ્પર સમાનજ હોય છે, તો પછી એક બીજાને ન્યૂનાધિક હોય એમ હેવાય જ નહિ. મારૂં જ મન અધિરૂં છે હોય ગાઢ કાર્ય પ્રસંગને લીધે કદાચિત્ થોડો સમય ન આવી શકાય તો શું તેના તરફથી પ્રેમ-

ની ખામી છે એમ કહેવાય પણ ખરૂ કે? કોણ જાણે તેની તબિયત જ કદિ નાદુરસ્ત હશે તો? માત્ર પોતાનો જ સ્વાર્થ વિચારી તેના પ્રત્યે શંકાની નજરે જોવું એ અનુચિત જ છે."

આ પ્રમાણે તરંગ રંગમાં તલ્લીન બન્યો હતો, એટલામાં તો હજુરી સેવકે ખબર આપ્યા કે–"ઉજ્જયનીથી માહારાણીશ્રીજીનું પત્ર લઇ સાંઢણી સ્વાર આવ્યો છે તે અંદર આવવા ચાહે છે તે માટે શી આજ્ઞા છે?"

કાગળ આવ્યો જાણી નવાઇ ભાસતાં હજુરીઆને હુકમ કર્યો કે–" તેને જલ્દી અંદર પ્રવેશ કરવા દો."

હુકમ થતાંજ તેને અંદર લાવવામાં આવ્યો. હલકારે અદબ સહિત પ્રણામ કરી પત્રિકા રજુ કરી મર્યાદાયુક્ત ઉભો રહ્યો.

માળવપતિએ પત્રનું પરબીડીયું ઉખેડી અંદરથી કાગળ કહાડયો અને વાંચવો શરૂ કર્યો તો તેમાં એવા સમાચાર હતા કેઃ–

શ્રી શંકર!

શ્રીમન્ મસ્તક મણિ વીરમણિ પ્રાણજીવન પ્રભુ!
પ્રેમ પુરઃસર પ્રણામ સાથે નમ્ર વિનતી કે–

આપના પધાર્યા પછી અત્ર નિવાસ કરનારી કિંકરીપર ખાનગી પત્ર પાઠવવા કૃપા કરી નથી એ ખચિત દિલગીરી ઉપજાવનારો પ્રકાર થઇ પડયો છે. પત્રથી અર્ધ મિલાપ જેટલો આનંદ ઉત્પન્ન થાય છે, પુનઃ મિલાપ માટે નવીન મનોવૃત્તિ ઉશ્કેરાય છે, પ્રેમની જાગ્રત દશા જણાય છે, ઉદાસીનાના અંતનો અવધિ દશ્યમાન્ થાય છે અને ચિત્તમાં શાંતિ વધે છે. છતાં આપે તે તરફ દુર્લક્ષ દાખવ્યું તે કોઇ કારણને અનુસરી યોગ્ય જ હશે તથાપિ વિરહ વ્યાકુળ વનીતાને એ પ્રકાર વિશેષ દુઃખદાયી થઇ પડેલો છે. તેમાં વળી ચિત

ને ચોંકાવનારી અને અપયશને આબાદ કરનારી એક બિનાએ જ ન્મ ધારણ કર્યો છે તે એ છે કે—

નવલવધૂજી માનવતીજી કે જે એકસ્તંભીઆ મહેલમાં સાત તાળાં અને મજબૂત પહેરાસાથે નિવાસ કરે છે તેમણે દૈવીમાયાથી ગર્ભધારણ કર્યો છે અને તે થોડા વખતમાં અમૂલ્ય સંતાનને જન્મ પણ આપશે. જો કે આપ નવવિવાહિતા રત્નવતી સાથે રંગ ક્રીડા કરી ર હ્યા છો; પરંતુ અહિં શું થાય છે તેની બિલકુલ ખબર લેતાજ ન- થી, તેમ ખબર પણ મોકલાવતા નથી તે યોગ્ય નથી. વિશેષ વ ખત વિના કારણે વિદેશમાં વસવું નીરમાંણુ નૃપતિને ઠીક ગણાતું નથી માટે જેમ બને તેમ આ તરફ ત્વરાએ પધારવા કૃપા કરશોજ. નવવધૂ પતિવગર પુત્રવતી થાય એ પણ પૂર્વોપાર્જીત પુણ્યબળનો જ પ્રભાવ છે. આ ખુશ ખબર માટે અત્રે પાન ગુલાબ મીઠાઇ વ- હેંચવામાં આવી છે અને આપ પણ વહેંચાવશોજ. આવી સ્ત્રીને તો ખાસ પાટરાણીજ કરવી ઘટે છે; કેમકે જેવી દેવી તેવી પાતરી ચડાવવીજ જોઇએ. આપ ત્યાં હવે ભલે મોજમઝાહ માણો અહિં તો આપ વિના પણ હમેશ રહેવાનો સરસ ઉપાય હાથ લાગ્યો છે એટલે હવે કશી હરકત પડે તેમ નથી. તો પણ અધરણી ઉપર તો જરા વ્હેલા પધારજો. ભલા આપના પધારવાથી પૂરો લ્હાવ મ- ળશે અને સકળ સંતાપ ટળશે. એજ અરજ દાસીયોગ્ય કાર્યસેવા ફરમાવશો. કૃપામાં વધારો કરશો. મર્યાદા બહાર લખાયું હોય તો ક્ષ મા કરશો. અને અત્ર તરફ વ્હેલા પધારશો.

લી. આપનાં ચરણ કમળ સેવનારી

પાટરાણી.

આ પ્રમાણેનો કાગળ વાંચતાં માનતુંગ મહીપાળ અતીવ આશ્ચર્ય પામ્યો અને વિચારવા લાગ્યો કે—" પાટરાણીએ આ આવા-

મંજસ અસંભવ વાર્તા શું લખી છે. મેં તો માનવતીને સાત તાળાં વચ્ચે મજબૂત પહેરામાં રાખી છે કે જ્યાં કીડી કિંવા પરીંદ પણ ફરકી શકે તેમ નથી તો અતર પુરૂષ સંચાર કરી દાખલ થવા પામે એ વાતજ સંભવિત નથી. માનવા જેવી વાત હોય તો તે માનવી પણ બનાવટી ને ગપ્પા સરખી વાત ઉપર વજન રાખવું યોગ્યજ નથી. શોક્યો વચ્ચે આવોજ ખાર ચાલ્યા કરે છે. ગમે તે પ્રકારે વધારે માનભંગ થાય તેવા માર્ગો આદરવા એ શોકયોનું મુખ્ય કર્તવ્ય કર્મ છે. કયાંય પુરૂષ સમાગમ શિવાય સ્ત્રી સગર્ભા થઈ છે? છટ કોઈ અન્ય પ્રપંચને અનુસરી પત્ર પાઠવ્યો હશે."

એમ નિશ્ચય કરી તે પત્ર તરફ દુર્લક્ષ દાખવ્યું. પરંતુ થોડા દિવસ પણ વિત્યા નહિ તેટલામાં તો ફરીને બીજો ખેપીઓ પૂર્વવત સમાચાર લઇ આવી પહોંચ્યો એટલે માળવપતિના મનમાં એ વાત ઉપર વિશ્વાસ બેસતો ગયો અને વાત ચોકસ જણાતાં વિચારના વમળમાં ગોથાં ખાવા લાગ્યો કે—"હાય! મેં માત્ર માનવતીને કડવા બોલીજ જાણી હતી, પણ આ કર્મ લગી પહોંચશે એમ તેના કુલિનતા તરફ નિગાહ રાખવાથી જાણી ન હતી. પરંતુ એતો વ્યભીચારિણી નીકળી. વખાણી ખીચડી દાંતે વળગી. મને નીચું જોતો કર્યો. પોતાની કુલિનતા ઉપર તેણે છીણી મૂકી. પોતાના ભણતર અને કુળધર્મને ભૂલી ગઈ. લાજને લીલામ કરી દીધી. સદાચારને શત્રુરૂપ ગણ્યો. રાણી પદનો રોળ વાળ્યો. જૈન ધર્મના તત્વને જાળવી ન શકી. અધમાધમ કૃત્ય આચર્યું એથી ખચીત એના ભણતરને એની ચાતુરીને અને એના જીવનને સતકોટી ધિઃકાર છે! ફિટકાર છે!! લખલ્યાનત છે!!! કુળહિણીને આવું કુકૃત્ય કરતાં લાજ પણ ન આવી? શું કાળું કર્મ કદિ છૂપું રહેવાનું હતું? અરે! પણ હું તેનોજ વાંક કહાડું છું એ પણ ગેરવ્યાજબી છે; કેમકે એને એકાં-

વમાં મેં સ્વતંત્ર એકલી શા માટે રાખી ? શાસ્ત્રકારોએ તો ચોખ્ખું કહ્યું છે કે, अंके स्थितापि युवति परिरक्षणीयं—ખોળામાં બેઠેલી સ્ત્રીનું પણ સંરક્ષણ કરવું નહિ તો તે વિકૃતવંત બને છે. છતાં પણ મેં એ નીતિ વાકય પર પગ મૂકી તેને અલગ રાખી તો તે નવયૌવનના કામનામદથી ઉન્મત્ત બનેલી બાળા બાવરી બની એ ચાલ ચાલે તેમાં તેનો નહિ પણ મારોજ દોષ છે. મેં તેનો કેવળ તિરસ્કાર કર્યો તો પછી એકાંત સદનમાં રહેલી સુરદનવંતી મદનનાવેગને બદનમાં કયા પ્રકારે સહન કરી શકે ? હું જલદી જવા ચાહતો, પણ અહિ છ મહિના ઓચિંત્યું રહેવાનું થયું એટલે નિરૂપાય. જ્યારે છ મહિના પાણી ગ્રહણ કર્યા થાય ત્યારે નવપરિણિતા ગોત્રજનું પૂજન કરશે અને તે પછી મને અહિથી વધૂ સહિત વિદાયગીરી મળશે. પણ તે પહેલાં જવું પણ શી રીતે ? મારે તો ઓકડાની માને બન્ને તરફથી મોત એવો ઘાટ થયો છે. હશે જે થશે તે ખરૂ હાલતો ફકત એ પીઆને પાછો કાગળ લખી આપીને રવાના કરવો એજ ઠીક છે.”

આ પ્રમાણે વિચાર કરી પત્રોત્તર લખી હલકારાને હાથ શોંપી તેને રવાના થવાની રજા આપી. હલકારો પણ જે માર્ગે થઇને આવ્યો હતો તેજ માર્ગે પાછો ઉજ્જયની ભણી રૂખસદ થયો. અને મજલદરમજલ કરતાં કેટલેક દિવસે ઉજ્જયનીએ જઇ પહોંચ્યો. માનતુંગ મહારાજાનો લખેલા કાગળ મહારાણીઓને આપ્યો. તેઓએ પણ પત્ર વાંચી અન્ય બહેનોને તેમાંના સમાચાર વિદિત કર્યા. આથી સર્વ રાણીઓ પ્રસન્ન થઇ પરસ્પર કહેવા લાગી—“હવે પ્રાણનાથ જલદીથી આવશે અને માનવતીનું માન તરત ઉતરશે. ભારે થએલા વાંસાને ઘોડાના ચાબૂક વડે હલકો ફુલ જેવો કરી દેશે, અને તે જોઇ આપણને ગમ્મત થશે, કહો કેવી મજાહ જામી લ્યો ખુશખુશાલોની તાળીઓ. હવે ભુંગળ વિનાની ભવાઇ શરૂ થઇ. ભવની ભાવઠ

જવાનો વખત ઠીક હાથ લાગ્યો. મારી લાડવાઝનો આંકડો તો જરા નમતોજ નહોતો, પણ હવેજ ખબર પડશે. માટી મનમાનનો મેથી પાક આપશે અને આદાની શુંઠ કરી નાખશે ત્યારેજ પાંસરાં નેતર જેવાં થશે ને નમીને લુંડાપો કબૂલ કરશે તો!"

આ પ્રમાણે આનંદ રંગમા રંગાઇ મકલાતી માલતી પોત પોતાના દિવાનખાનામાં જઇ મસ્ત બની બેઠી.

પ્રકરણ સોળમું.

માનતુંગનું વિસ્મય અને પરિતાપને વશ થવું.

સ્ત્રીઓની મહોબતજ સંતોષ, શુદ્ધતા, દૃઢવૃત્તિ, સદાચાર, મૈત્રીધર્મ, સ્તકર્મ અને સદ્ધર્મ સાધન–આદિને ખલેલ પહોંચાડનાર છે, કુગતિને આપનાર, યશ–પ્રતિષ્ઠા–નીતિ વગેરેને કલંકિત કરનાર અને ધારેલી ઉત્તમ ધારણાને ધૂળમાં મેલાવનાર છે.

ચીનુભાઇ.

રત્નવતી સાથે પાણીગ્રહણ કર્યાને પૂરેપૂરા ૭ માસ થઇ ગયા. એટલે **માનતુંગ** રાજા પોતાના સસરા અગાડી જઇ કહેવા લાગ્યા–" હવે ૭ મહિનાનો અવધિ પૂર્ણ થયો છે માટે તમારી કુંવરી ગોત્રજનું પૂજન પૂર્ણ કરી રહી હશે જેથી હવે વિદાયગીરી મળવી જોઇએ છે."

વિસ્મય સહ **સસરો** જમાઇ પ્રત્યે કહેવા લાગ્યો–" ગોત્રજ પૂજન કેવું? મેં તો એ વાતજ આજે શ્રવણ કરી છે. તમારે તો ઉજ્જયનીએ જઇ ૭ મહિના થયે ગોત્રજ પૂજવાની છે. પણ અમારે ત્યાં તો એવું કશું બપછેજ નહિ. માત્ર ૭ મહિનો અહિ મહારા-

જાને એક શુભ અનુષ્ઠાન પ્રસગે અહિ રહેવું થશે ને તે પછીજ વિવાહિતાને સ્વીકારી સ્વસ્થાન તરફ ગમન કરશે એમ આપની વડારણ માનવતીજ કહી ગઇ હતી. જે કંઇ ઢીલ છે તે આપુનીજ છે અમારી તરફની તો કશી ઢીલ છેજ નહિ. આટલા દિવસ જે રોકાણુ થઇ તે પણુ અમારા તરફથી થઇજ નથી પણુ આપ તરફથીજ થઇ છે. ”

આશ્ચર્ય પૂર્વક **માનતુંગે** કહ્યું–“ મારે તો ગોત્રજ પૂજવાનીછેજ નહિ. તમારી રાજગોરાણીજ મને આવી લગ્ન થયાં તે દિવશે એંહું ખતરાવીને કહી ગઇ હતી કે તમને છઠે મહિને નવપરિણિતાની ભેટ થશે માટે તેટલા અવધિ સૂધી તમોને તમારો સસરો જવા દેશેજ નહિ એવું તેણે કહ્યું તેથીજ અહિ રહેવું થયું છે, બાકી મેં કશું અનુષ્ઠાન આદર્યુંજ નહોતું. મારી સાથે કોઇ વડારણ પણ છેજ નહિ. ”

દલથંભને કહ્યું–“ મારે ત્યાં કોઈ રાજગોરાણી પણ છેજ નહિ. એ તો કોઇ ઠગારી ધૂતારી તમને અને મને ધૂતી બનાવી ગઇ દેખાય છે. ”

આ પ્રમાણે પરસ્પર વાત થતાં સર્વને હસવું આવ્યું અને **સર્વજન** કહેવા લાગ્યા કે–“ લગ્ન અવસર ગશ્કરી કરવાની રીતિ છે તેને અનુસરી કોઇ મશ્કરીખોરે મશ્કરીજ કરી છે. હોય લગ્ન વખતે આવી વાતો વિશેષાનંદદાયક ગણાય છે માટે તેનો ખેદ કરવોજ નહિ. ”

તદનંતર જામાતે સ્વસુર પાસે શીખ માગી જેથી દલથંભને પણુ પુત્રીને વોળાવવા સર્વ રાજરીતિ પ્રમાણે તૈયારી કરી. ઉત્તમ પ્રકારનો દાયજો–પહેરામણી (હાથી ઘોડા રથ પોષાક સુવર્ણ રત્ન દાસ દાસી વગેરે) આપીને બન્નેને યોગ્ય કથન–આશીશ–શીખામણ દઇ શુભ

શુક્રને વેળાવ્યાં. તે સમય બંદીજનો યાચકો ગોર વગેરેને ઉચિત રીત દાન દક્ષણા-દાપું વગેરે આપીને સંતુષ્ટમાન કરી 'વરકન્યાની અમર જોડ રહેજો' વગેરે શુભાશીશ પ્રાપ્ત કરી દંપતિએ માંગલીક મુહૂર્તને વધાવી પ્રયાણુ કર્યું. અને સગાં સંબંધી પણ તેઓને વેળાવી પરસ્પર ભેટી પાછાં વળ્યાં.

જ્યારે માનતુંગ મહારાજાની સ્વારી જે જગોએ યોગિનીનો મુકામ હતો તે વાડી આગળ જઇ પહોંચી ત્યારે રાજેંદ્રને યોગિનીનું સ્મરણ થયું. જેથી તે વાડીમાં યોગિનીનો તપાસ કર્યો; પરંતુ તેનો કશો પણ પતો લાગ્યો નહીં એથી **માળવપતી** મહાન્ ઉદાસ થઇ ગયો અને કલ્પાંત કરવા લાગ્યો કે-" હે ગુણવંતી મારી યોગિની ! તું મને તરછોડી ક્યાં ચાલી ગઇ? હાય ! કોઇ એવો મારો ઉપકારી જન છે કે તે ગુમ થયેલી મનહર યોગિનીને પુનઃ મેળવી આપે ? પુષ્કળ સ્નેહ કરી છેવટ છેહ દઇ ગઈ એ દુઃસાધ્ય દુઃખ હવે કેમ સહન થશે. વલ્લભજનનો વિયોગ અર્ધક્ષણ માત્ર પણ વેઠવો મહા મુસ્કેલ છે. વ્હાલી મનમોહિની! જો તું ક્યાંય છુંપાઇ રહી હોય તો જલ્દી આવીને દર્શન દે. હવે મને ધીરજ રહેતી નથી. તું તરત મારી પાસે આવી મને મધુરી વીણાના ઝણકારા શ્રવણ કરાવ. મને તારી વીણાનો નાદ અને તારો મહાન્ મધુર સાદ પળેપળે યાદ આવે છે. હા ! જે રસ્તે તારી સાથે ગુણીયલ ગોષ્ટી કરતો આવ્યો હતો તે રસ્તે પાછા તુજ વિના આનંદ રહિત જવું મને બિલકુલ રૂચતું નથી. હું હમેશાં તારી તમીજ ઉઠાવતો હતો, આજ્ઞા ઉલ્લંઘન કરતો ન હતો, હું તમને હથેળીના ફોલ્લાની પેઠે સંભારતો હતો, કાંઇ વાતે તમારૂં મન દુભાવતો ન હતો; છતાં પણ હે મારી મન હરણુ યોગેશ્વરી ! કેમ દગો દઇ જતાં રહ્યાં? મને મળ્યા વિનાજ રસ્તો માપ્યો. અરે ! તારી અસહ્ય વિરહથી મારૂં હૃદય પીંપળાના

પત્રવત્ થરથર કાંપે છે, ઉષ્ણ અશ્રુ પડે છે, અન્નપર અરૂચિ થઈ ગઈ છે, નિદ્રાતો નામમાત્ર પણ આવતી નથી, આકુળ વીકુળ થયા કરૂંછું, જરી જંપ વળતો નથી. પાણીથી વિખૂટા પડેલા માછલાની પેઠે તરફડું છું, અને અહોરાત્ર તારીજ રટના કર્યા કરૂંછું છતાં શું આમ છેક નિર્મોહી થઇ ચાલ્યાં ગયાં એ સુજનને છાજતી રીતિ છે? હાય! હવે તારા વિના મારૂં શું થશે. હું કયા પ્રકારે જીવી શકીશ આ પ્રમદહેલાને પ્રેમી પાત્ર વિના કેમ ચેન પડશે તમે આવાં મનનાં મલીન છો એ તો મને અત્યારેજ જણાયું છે. કે દોસ્ત થઇ દુશ્મનની ગરજ સારી છે. હે જગત્‌નિયંતા! તેં મારી શી વલે કરવી ધારી છે!!"

આ પ્રમાણે વિલાપ કરતો અને વાડીમાં વૃક્ષો લતાઓને પૂછતો હતો કે—"હે વૃક્ષો-લતાઓ! તમારામાંથી કોઇએ મારી વ્હાલી અવધૂતાણીને જતાં જોઇ છે? જો ખબર હોય તો કહો કે કઇ વાટે તે વિચરી છે?" આ પ્રશ્નના ઉત્તરમાં જ્યારે પવન સંચારથી તે વૃક્ષ-લતા ડોલતાં હતાં ત્યારે રાજા વિરહવશ જાણતો હતો કે એઓ મને માથું ધૂણાવી 'અમોએ તેને દીઠી નથી' એમ કહે છે એવું જાણી કલ્પાંત કરતો આગળ વિચરતો હતો. અહા! વિરહની જંજાળ પણ વિષમ છે!!

રાજા તો આ પ્રમાણે વિકળતા યુક્ત જેને તેને યોગિણીના ખબર પૂછતો પૂછતો વાડીમાંજ દીવાનાની પેઠે ડોલ્યા કરતો હતો. તેને અન્ય કશું ભાન નહતું માત્ર પ્યારી જટીલાણીનીજ તાલાવેલી લાગેલી હતી. આવી દશા નીરખી પોતાના હિતચિંતકોએ તેના મનનું સાંતવન કરવા વિનીત વચન કહ્યાં કે—"હે પ્રભો! આટલી બધી યોગિણીના વિયોગ માટે ચિંતા કરવી યોગ્ય નથી. શું એના જવાથી કંઇ ગાંઠેથી આસ છૂટી ગયો છે? આપ જો ક્ષેમ પૂર્વક છો

તેર એવી યોગિની બહુએ પ્રાપ્ત થશે. આ પ્રમાણે કેવળ વીરહી બ-નીને કલ્પાંત કરવો યોગ્ય નથી. શું આમ વિલાપ કરવાથી નિર્મોહી યોગિની કંઇ આવી મળે તેમ છે? ગઇ વસ્તુંનો શોચ કરવો એ ડાહ્યા પુરૂષોનો ધર્મ નથી. આપ હવે આમ ટળવળો છો, પણ બિચારી યોગિણીનોએ વાંક શો કાઢીએ? આપ પણ છ મહિના લગી અહિં રહ્યા અને એની બીલકુલ ખબર લીધીજ નહિ તેમ તેને યાદ પણ કરી નહી તો પછી એ યોગી કક્કડ ફકત માયાનાજ ભૂખ્યા તેને આપણી એવી રીતિ થતાં શી તમા હતી? કે તે આપણને મળવાની વિચારણા રાખે. અન્યોન્ય એક સરખી પ્રીતિની રીતી હોય તોજ રંગ જામ્યો રહે, પણ એકાંગી જ્યાં પ્રીતી થઇ ત્યાં પછી આનંદ કાયમ કેવી રીતે રહે? કહ્યું છે કેઃ—

ચંદકોં ચાહી ચકોર મરે નિશિ દીપક દેખિ જલેહૈ પતંગા,
મોર મરે ઘનઘોરકે શોરસેં મીન મરે બિછુરે જલસંગી;
સ્વાતિકોં બુંદ બપૈયા ચહે ફુનિ કેતકી કારન ભૌર ભુજંગી.
એક ચાહે અરૂ એક ન ચાહે તો યારો જલો વાકા પ્રીત એકંગી.

આ સંબંધમાં આપજ વિચાર કરી જુઓ કે આપનીજ ભુલ થઇ છે માટે એનો દોષ ન કહાડતાં પોતાનો દોષ જાણી મૌન્ય રહી પંથ પસાર કરી પાટનગરે પહોંચવું જોઇએ છે.”

આ પ્રકારે તેઓનું બોલવું થતાં રાજેન્દ્રે પોતાનીજ ભૂલ થયેલી જાણી થયેલી ભૂલનો પશ્ચાતાપ કરી આગળ ચાલવું શરૂ કર્યું, પણ યોગિની તેને ક્ષણ ભર પણ વિસરતીજ ન હતી. મજલદરમજલ કરતાં જ્યાં અપ્સરાને વર્યા માટે ચરણોદક પીધું હતું ને હૃષભ ઝીંડ ફેરા ફર્યા હતા ત્યાં જઈ પહોંચ્યા એટલે તો યોગિની અને દેવાંગના એ બેનો વિરહ સાલવા લાગ્યો. વિરહીની એક પછી એક અવસ્થાઓ અમલમાં આવવા લાગી, જેથી રાજેંદ્રની શોચનીય દશા

શ્રુ પડી. અંગમાં પ્રસ્વેદ, સાદનું બદલાઇ જવું, નીચેના હોઠનું ફ-રકવું, આંખમાં રકતતા, અશ્રુપાત, દિલના ધબકારાનું વધવું, શિથિ-લતા, સંતાપનું વધવું, અને વારંવાર ઉંડા નિશ્વાસ આદિ પરિતાપનાં ચિન્હો પ્રકટ થયાં.

પ્યારા પાઠકો! પ્રેમીજનોની આવીજ દશા થાય છે. અને આ સ્થળે સમયને અનુસરતુ સાક્ષર વનમાળીદાસ લાધાભાઇ મોદીનું કથન યાદ કરવુ જોઈએ છે, તે એ કે—

(સારૂં સારૂંરે સૂરત શહેર મુંબઈ અલબેલી—એ રાહ.)

સ્નેહ સજીને ચતુર સુજાણ, રે! સુખ છે શાનું?
છે સ્નેહીને સહુ સ્થાન, સંકટ સ્હેવાનું.
સુખ વૈભવ સંસાર તજીને, કેક થયા વૈરાગીરે;
રેખડયા રાય લગોટ સજીને, રાજપાટ સહુ ત્યાગી. સં. ૧
દુઃખદાયક વનવાસ વેઠશે, મ્હોંત માંગશે મ્હોથીરે;
પ્રેમવિયોગી ઝૂરી મરશે, નિજ પ્રેમીને શોધી. સં. ૨
સંકટ સહસ ગમે તે સહશે, જીવ ન રહેશે લ્હેરીરે;
કદાચ ગરદન કાપે હાથે, પ્રેમપાશ છે ઝેરી. સં. ૩
સુખ સ્વપ્નામાં જરી ન મળશે, ટળશે નિંદ્રા શાંતિરે,
તર્ક વિતર્કથી કાયા જળશે, ભીતર ભેદે ભ્રાંતી. સં. ૪
મોટી મુંઝવણ છોટી વાતે, ખોટી ખ્યાલી ઝૂંટીરે;
હણે હિત પોતાનું હાથે, પીડે પિંડ પનોતી. સં. ૫

પ્રકરણ સત્તરમું.

માનતુંગની આધિમાં ઉપાધિનો થયેલો ઉમેરો.

આ આધિ વ્યાધિ અને ઉપાધિમય સંસારમાં કોઇ પુત્ર, મિત્ર,

કળત્ર, ભ્રાત, તાત, માત, પરિજન, પુરજન, આશ્રિત અને સંબંધિ-
ચોની લાગણી કે પ્રાર્થનાને લીધે અનેક પ્રકારની વિટંબનાઓ વેઠે છે
છતાં પણ સંતોષ અને સદ્બોધ વિના ત્રયત્તાપનો સંતાપ શાં-
ત થતો નથી.

મહોપાધ્યાય–ય.

એક આધિનો તો હજુ અંત આવ્યો પણ નથી, એટલામાં તો
બીજી નવીન ઉપાધિ આવીને ખડી થઇ, તે એકે–દલથંભન રાજાનો
પાઠવેલો દૂત માનતુંગ મહીપાળને આવી મળ્યો અને તેણે માળવપ-
તિ પ્રત્યે એવી અરજ કરી કે–" પૃથ્વિપાળક ! આપને આપના સ્વ-
સુરે પાછા તેડી લાવવા મને અહીં મોકલ્યો છે માટે ત્વરાએ મુંગી
પાટણ ભણી સૈન પાછું વાળો. "

માળવેશે કહ્યું–" ભાઇ ! અર્દ્ધમાર્ગ ઓળંગી આવ્યા છીએ છતાં
હવે ફરી પાછા વળવાનું પ્રયોજન શું છે ? કંઇ તમારા રાજાને ત્યાંથી
સોનાનો ડલ્લો ચોરીને નાસી આવ્યા નથી કે પાછા ત્યાં બોલાવે છે."

દૂતે કહ્યું–" ગરીબનિવાજ ! પાછા વળવાનું ખાસ કારણ એ-
જ છે કે–રત્નવતી રાજકન્યાનું પ્રથમ ચંદેરીનગરીના રાજેંદ્ર સાથે
પાણીગ્રહણ કરવાનું નિરધાર્યું હતું: પરંતુ રત્નવતીએ આપ સાથે
પાણીગ્રહણ કરવાજ દૃઢ પ્રતિજ્ઞા કરી એટલે આપ સાથે વરાવી, એ
થી ચંદેરીપતિને માઠું લાગ્યું કે મને રાજકન્યા ન વરાવતાં માળવ-
પતિને વરાવી જેથી મારૂં અપમાન કર્યું છે તે બદલ હું દલથંભનનું
રાજ્ય છીનવી લઇ યોગ્ય શિક્ષા આપું. આવો નિશ્ચય કરી આપ
ના પ્રયાણ કરયા પછી તે ચદેરીપતિ જીતશત્રુ રાજા જબરૂં સૈન્ય એ-
કઠું કરી મુંગી પાટણપર ચડી આવ્યો છે અને રત્નવતીનું માગું ક-
રે છે અર્થાત મારૂં સ્ત્રીરત્ન મને પાછું લાવી આપો–એવી અનુચિત
માગણી કરે છે આથી દલથંભન ડર્યો; કેમકે મહાસૈન્ય સામે પોતે

ટક્કર ઝીલી શકે તેવી સત્તાવાળો નથી, એ તો સિંહે સિંહ સામા અ ડે તોજ પરસ્પર નાદ ઊતરે એ હેતુ માટે આપને બોલાવા મને મોક લ્યો છે હવે આપને જે યોગ્ય કરવું લાગે તે કરો. ”

• માનતુંગે મન સાથે વિચાર કરી સસરાની કુમક કરવા મૂંછે વ ળ ચડાવી તરત મુંગીપાટણ તરફ પાછા ફરવા સેનાને આજ્ઞા કરી અને થોડા રસાલા સહિત રત્નવતીને ઉજ્જયની તરફ વોળાવી પોતે તાકીદે કૂચ કરતો ટુંક વખતમાં મુંગીપાટણે જઇ પહોંચ્યો, નગારે ડંકા દીધા, ગાજીમર્દ ઘોડાઓએ જીતનાં ચિન્હ રૂપ હણહણાટી કરી અને સસરાને નિશ્ચિંત થવા પેગામ દ્વારા તરત ખબર આપી.

ખબર મળતાંજ દલથંભન રાજા મહત્ આનંદ પામ્યો. શરી- રમાં નવીન બળ પ્રાપ્ત થયું. શત્રુનો નાદ ઉતારવાનો સમય સાનુકૂળ જણાયો બન્ને દળનું બમણું જોર એકત્ર થતાં રણરસીઆ સુભટોનો ઉત્સાહ વધી પડયો. પરંતુ જ્યારે બન્ને સૈન્ય એકઠાં થઇ પોતાની સન્મુખ ચડાઈ કરતાં જોઇ જીતશત્રુના પ્રથમથીજ હાંજા ગગડી ગ- યા. કેમકે માનતુંગ મહા રણધીર વીરશિરોમણી હતો જેથી એની સ્હામા ટકી શકાય તેટલું પુરૂષાર્થ પોતાનામાં નહતું એટલે જીતશ- ત્રુ નામ છતાં શત્રુથી જીતાયલોજ માનવા લાગ્યો. અને વિચારવા લાગ્યો કે—યુદ્ધ કરવા આવ્યો છતાં જો હિંમત હારી પાછો ચાલ્યો જાઉં તો ડરપોક ગણાઉં, હાંસીને પાત્ર થાઉં અને ક્ષાત્રયવટને ક- લંકિત કરનારો લેખાઉં. માટે જે પરમાત્માની ઇચ્છા હશે તે થશે પણ પાછી પાની કરવી એ તો હિચકારનુંજ કામ છે. यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः—યત્ન કરતાં છતાં પણ સિદ્ધિ ન થાય તો તેમાં કોનો દોષ ગણાય? કોઇનો નહિ! મોટાથી હારવામાં હરકત નથી. મારે તો બન્ને હાથમાં મોદક છે. જો ઇશ્વરેચ્છાએ કદાચ જી

તીશ તો દિગંત લગી યશ વિસ્તરશે અને જો હારીશ તો પણ હી મ્મતવંત ગણાઇશ કે બહુજ હીમ્મતવંત છે! સિંહની સ્હામે ત્રાપ મારનાર છે! માટે યુદ્ધ કરવામાંજ ઠીક છે મમત્વ કરી ચડાઈ લઇ આવ્યો છું તે હવે શું મ્હોં લઈ પાછો ફરૂં ? શું પાછો ફરી બહોતેર પરીઆં બોળુ ? હીમ્મતે મરદાં તો મદદે માલેક છે. કાયર થવાથી વૈરીને વશ થવું પડે છે. જો દિનમાન પાંસરો છે તો પાશા પો બાર પડશે માટે યાહોમ કરી પડું આગે ફતેહ છે."

આ પ્રમાણે નિશ્ચય કરી સેનાની રચના ગોઠવવા લાગ્યો. સ્હામા પક્ષમાં દક્ષિણપતિ અને માળવપતિ એ બન્નેનાં લશ્કર તૈયાર થયાં. હાથી ઘોડા રથ અને પૈદલ એમ ચતુરંગી સેના પોત પોતાના નિયમ પ્રમાણે સજ્જ થઇ, નગારે ડંકા દીધા. વીરપુરૂષો મહત્ ઉત્સવનો લ્હાવ મળ્યો જાણી રણરંગ માટે કેસરીઆં કરી જય મેળવવાના દ્દઢ નિશ્ચય પર કાયમ થયા. સિંધુડા રાગની શરણાઇઓ ટહુકવા લાગી, ભાટ ચારણો વીર રસનાં કવિતો ગીતો બોલી વીર નરોને વીરત્વતા પ્રકટાવવા લાગ્યા. બન્ને તરફનાં લશ્કર રણભૂમીમાં રોપેલા રણસ્તંભની તરફ ધસી આવતી આષાઢી મેઘઘટાની પેઠે ત્વરાએ જઇ પહોંચ્યાં. સ્હામ સ્હામા સેનાની વ્યૂહરચના ગોઠવાઇ ગઇ અને સેનાપતિની આજ્ઞા મળતાં યુદ્ધ શરૂ થયું. હાથી સાથે હાથી, સ્વારો સ્હામે સ્વારો, ઘોડા સાથે ઘોડે સ્વારો, રથી સાથે રથી અને પૈદલ સાથે પૈદલો ભીડી પડયા. પોત પોતાના અસ્ત્ર શસ્ત્રોનો છૂટથી ઉપયોગ કરવા લાગ્યા. સેનાની પગરવટથી ઉડેલી ધૂળે સૂર્યને છાઈ દીધો. રણરસીયા વીર સુભટો વીરહાક કરી પ્રતિપક્ષોને લલકારી હાથમાં રહેલી કૃતાંત કાલિકા સરખી તલવારને વીરપુરૂષોના રૂધીરથી તૃપ્ત કરવા લાગ્યા. બંદુકો તોપો વડે સેનામાં ભારે ભંગાણ પાડવા લાગ્યા. જમરી કાપા કાપી ચાલતાં હજારો હાથી ઘોડા બળદ મનુષ્ય

ખચ્ચર વગેરે કતલ થઇ ગયાં. કેટલાંક ઘાયલ થયેલાં પ્રાણીઓ દયાજનક સ્થિતિમાં પડયાં તડફડયા કરતાં હતાં. કેટલાક ઘામાં વેદના થવાથી તાત માત ભ્રાત આદિને પોકારતા હતા. કેટલાક તૃષાતુર હોવાને લીધે પાણીની માગણી કરવા છતાં પણ તેમને કોઇ પાણી આપવા ધ્યાન દેતું ન હતું. કંઇકના હાથ, કંઇકના પગ, કંઇકનાં માથાં અને કંઇકનાં ધડ કપાઇ પડતાં રૂધિરની નદિમાં તરતા અવયવો જળજંતુવત્ જણાતા હતા. સમડીઓ, ગીધ, કંકપક્ષી, શીયાળ વગેરે માંસાહારી પ્રાણીઓ શબ ભક્ષણ કરી મસ્ત બનતાં હતાં. વીર ભૂત યોગીનીઓ વીરનાં રૂધિરથી ખપ્પર ભરી પાન કરી નાચતાં મોજ કરતાં હતાં. વીરોના પગ પ્રહારથી ધરતી કંપતી હતી. કાયરોનાં હૃદય કંપતાં હતાં. મસ્તક વગર વીરોનાં ધડ લડી સંહાર કરતાં હતાં અને પોત પોતાના સ્વામીનો વિજય કરવા વીર નરો અડગ પણે કતલ ચલાવી રણઘેલા બન્યા હતા. આ પ્રમાણે તુમુલ યુદ્ધ માત્ર બે ઘડીજ ચાલતાંજ જીતશત્રુની સેનામાં જબરૂ ભંગાણ પડયું, સુભટો પોત પોતાનો જાન બચાવી જેમ જેને ફાવ્યું તેમ રણભૂમીનો ત્યાગ કરી પીઠ બતાવી ભાગવા લાગ્યા. કેટલાક દાંતમાં તરણાં લઇ ગાય બની છૂટવા લાગ્યા. અને કેઇક આજીજી કરી હારી છૂટયા. આમ થવાથી ઉજ્જયનીપતિની જીત થવાથી જીતનિસાણ વાગ્યાં. જીતશત્રુ બચેલા સૈન્ય સાથે જીવ લઇ નાશી છૂટયો અને ફરી પાછુંવાળી જોવા પણ વિચારણા ન કરી.

તદનંતર દત્રથે માળવપતિને વિનતી કરી કે—" આપના પ્રતાપથી શત્રુનો પરાજય થયો, એથી મારી સર્વ પ્રકારે આબરૂ રહી છે. આપ પરભારા ઉજ્જયની તરફ કૂચ કરવા ચાહોછો, પણ તેમ ન કરતાં માત્ર એક દિવસજ મારે ત્યાં પધારો અને મારૂં મન રાખો."

સસરાનો અત્યાગ્રહ જોણી માળવેશ મુંગીપાટણમાં પ્રવેશ કરી રંગમહે-

લમાં ઉતારો કર્યો. યુક્તિથી ભોજન જમ્યા, વિશ્રાંતિ લઇ શ્રમને દૂર કર્યો. અને બીજે દિવસે પ્રયાણ કરવાનો સમય નિરધારવા વિચારને આગળ ચલાવ્યો; પરંતુ મનના વિચારો મનમાંજ રહ્યા. કેમકે રાત્રીના સમય મોરની ગતિને મોહિત કરે તેવી મેઘઘટા ચડી આવતાં ચોતરફ વાદળથી આકાશ ઘેરાઇ ગયું, વીજળી ચમકવા લાગી, ચંદ્ર વાદળાંથી આચ્છાદિત થઇ ગયો, કમળ અને જળ મલિન દેખાવા લાગ્યાં, ગર્જના થવા લાગી. અને મુશળધારાવત્ જળવૃષ્ટિ થવા લાગી, તે છેક બીજા દિવસ લગી પણ બંધ પડી નહિ. દેડકાં બોલવા લાગ્યાં, હંસ બગલાં વગેરે પક્ષીઓની હરફર બંધ પડી, મોર મકલાતાં ટહુકડા કરવા લાગ્યાં, કેતકી કદંબ આદિ પ્રફૂલ્લિત જણાયાં, જ્યાં ત્યાં પાણીમય મેદની દેખાવા લાગી, રાજસેના અને વટેમાર્ગુઓનો માર્ગ અટકી પડ્યો, વિરહીજનોને વિરહ વેદના વધી પડી, અને સંયોગીજનોનો આનંદ વૃદ્ધિ પામ્યો.

આ પ્રમાણે વર્ષાઋતુએ પોતાનો પૂરેપૂરો અમલ અમલમાં આણ્યો એટલે માનતુંગને પણ પ્રયાણ કરવામાં મહા આપદા નડી અને છેવટે લહાચારીથી ત્યાંજ ચોમાસું વ્યતીત કરવાના નિશ્ચયપર આવવાની ફરજ પડી. મનુષ્યનું ધાર્યું કશું બનતું નથી. दैवइच्छाबलीयसी. દૈવની ઇચ્છા બલવાન્ છે. એટલે પછી ઉપાય શો? કહ્યું છે કે

મેરે મનમેં ઔરહૈ, કર્ત્તાકે મન ઔર;
ઓધો કહે માધો સુનો, ઝૂંઠી મનકી દૌર.

પ્રકરણ ૧૮ મું.

માનતુંગના મનમાં તરંગ જંગનું શરૂ થવું.

મન માંકડના સમાન ચપળતાવંત છે, દુરારાધ્ય છે, કોઇને વ-

શ્ર્ય નહિ થનારૂં, નપુંસક છતાં મહાન્ મર્દને ગાંજનારૂં, વિચિત્ર વર્ત્તનવાળું અને પોતે જીતાતાં અખિલ જગત્‌ની જીત આપી મોક્ષપદ દેનારૂં છે.

આનંદઘનજી.

વ્હાલા વાંચનાર! તમો પણ મારા જેવાજ વિસ્મૃતિવંત છો. આપણી ચરિત્રનાયકાએ શું કર્યું તે તરફ તો જરા પણ ધ્યાનજ આપતા નથી, જરા મારી સાથે ચાલો અને તેની ખુબી નિહાળો. આપણી વાર્ત્તાની સૂત્રધારિણીએ તો આનંદ સુખ ચેન સહિત ગર્ભસ્થિતી પૂર્ણ કરી અને સુખ સમાધિ પણે સહાયતા વિના પુત્રરત્નને જન્મ આપ્યો. નવ પ્રસૂત બાળકનું રડવું શ્રવણ કરતાં પેહેરેગીરો આશ્ચર્યવંત થયા અને આ સમાચાર પાટરાણીને જઇ તાકીદે રોશન કર્યા. એટલે તો પટરાણી તેમજ અન્ય રાજપત્નિઓ અતિ હર્ષિત થઇ પરસ્પર તાળીઓ લેવા-દેવા લાગી અને સર્વાનુમતે એવા ચોકસ વિચારપર આવી કે ફરી સાંઢણીસ્વાર મારફત આ ખબર વિદિત કરવા તત્પશ્ચાત્ પાટરાણીની સહીથી ઉપરની મતલબનો પત્ર લખાયો અને એક સાંઢણીસ્વારને તે પત્ર સ્વાધીન કરી માળવપતિને પહોંચાડવાની તાકીદી આપી વિદાય કર્યો અને સાંઢણીસ્વાર પણ દરરોજ પંથને કાપનારી કરવત જેવી સાંઢણીદ્વારા બસો કોશનો પંથ કાપતો કેટલેક દિવસે મુંગીપાટણ જઈ પહોંચ્યો, અને પાટરાણીનો આપેલો પત્ર માલવેંદ્રને ભેટી રજુ કર્યો.

માનતુંગ મહીપાળે પત્ર ઉકેલી વાંચી જોયો તો તેમાં " માનવતીએ પુત્ર પ્રસવ્યો છે યા વ્હેલા પધારી આપ તે પુત્રનું મુખ નિહાળી જન્મ સફળ કરો." આવા સમાચાર દૃષ્ટિગોચર થતાં રાજાનાં તન મન શિથિલ થઈ ગયાં અને ચિંતવન કરવા લાગ્યો કે—" માનવતીએ ક્યાં પ્રકારે પુત્રરત્ન પ્રસવ્યું ? ખરેજ આ પણ એક ગજબની

જ વાર્તા છે! હશે જે હશે તે ખરૂં. હવે તો જલદી જઈ તેનો તપાસ કરૂં. કદાચિત્ કુલટાને યોગ્ય નશિયત આપું એણીએ તો એકરત બીજા મ્હેલમાં રહી આડો આંક વાળ્યો છે. !!"

આ પ્રમાણે વિચારી સસરાની પાસેથી શીખ માગી લીધી અને તાકીદે પ્રયાણ કરી માર્ગ ઉલ્લંઘવા લાગ્યો. ઘડી એકમાં યોગિની યાદ આવ્યા કરતી હતી, તો ઘડી એકમાં દેવમહિલાનું સ્મરણ થતું હતું, તો ઘડી એકમાં માનવતી રાજગોરાણી ચિત્તમાં ચડી આવતી હતી અને ઘડી એકમાં અણમાનીતી રાણીએ પુત્ર પ્રસવ્યો તેનો ખ્યાલ હૈયામાં ઘોળાતો હતો. ક્રમશઃ પંથ પસાર કરતાં કેટલેક દિવસે રાજસ્વારી ઉજ્જયનીએ આવી પહોંચી. શહેરમાં ખબર મળતાં સામૈયું કરી આનંદ મંગળ શુકન અને અતિ આડંબર સહ મહારાજાને શહેરમાં પધરાવ્યા. રૂપવંત કુલિન કુમારિકાઓએ મહારાજાને મોતિડેથી વધાવ્યા, બંદીજનોએ ઉત્તમ બિરૂદાવળી ઉચરી, યાચકોએ સુંદર દાન સન્માન મેળવ્યું, કવિઓએ માંગલિક વચનોસહ કાવ્ય કથન કર્યાં, બ્રાહ્મણોએ આશિર્વાદાત્મક મંગલ વચન કહ્યાં. અને પ્રજાજનોએ જયજય શબ્દ કહી ભૂપતિનું માર્કંડાયુષ્ થાઓ એમ ઇચ્છયું. ગીત વાદ્ય નૃત્યાદિના આનંદસહ રાજમંદિરમાં પ્રવેશ કર્યો. પુરજન પરિજન અને સ્વજન સામંતાદિનો યોગ્ય સત્કાર કરી આનંદ આપ્યો અને તેઓ સર્વને છડીદારે વિદાય કરવાની આજ્ઞારૂપ દરબાર બરખાસ્ત કરવાની નકી પુકારી એટલે સભા વિસર્જન થઈ.

તદનંતર મહારાજા ફક્ત એકલાજ અંતઃપુરમાં ગયા અને રત્નવતી આદિ સર્વ પ્રિયાઓના પ્રણામ સ્વીકારી સિંહાસનારૂઢ થયા. રાણીઓ મર્યાદાપૂર્વક સર્વ આગળ ઉભી રહી હતી. તેઓ પ્રત્યે રાજેંદ્રે પૂછયું કે—" માનવતીએ કયા પ્રકારે ગર્ભ ધારણ કર્યો અને કોની સહાયતાથી પુત્રને પ્રસવ્યો ! એ વાર્ત્તા મને કહી સંભળાવો."

આવું રાજેંદ્રનું ભાષણ સાંભળી સર્વ રાણીઓ ખડખડ હસી પડીને કહેવા લાગી–" હે નાથ! એ વાત અમને પણ આશ્ચર્યવંત બનાવે છે મુદ્દે વાત ખરી છે, પણ તેણીએ શું ચરિત્ર કર્યાં તેની કોઇને ખબર પડી નથી એ ગુણવંતી ગૌરી ગભરૂડા બાળકને રમાડે છે, હાલરડાં ગાય છે, અને આનંદ કરે છે. એ દઇવીમાયા વાળીથી એ કાર્ય થાય. અમથી તો પતિ શિવાય પુત્ર પ્રસવતાં આવડે તેમ નથી. આપ ભાગ્યવંત હોવાથી એવી ભાગ્યવંતો ભામિનીની ભેટ થઇ કે જેણે મંત્રબળથી પુત્ર સંપાદન કર્યો. એનો અવતાર ધન્ય ધન્ય છે! એના પુત્રને આપ ગાદીનો વારસો આપજો; કેમકે દેવબળથી ઉત્પન્ન થયલો કુમાર કુળને ઉજવળ કરશે. જરા ત્યાં પધારી પુત્રનું મુખ તો નિહાળો. અહિ સીધા આવ્યા તે કરતાં ત્યાં પરભારા જવું ઉચિત હતું. આપ હાથ આવેલા લાગને કેમ જવા દીધો. પ્રથમ ત્યાં ન જતાં અહિ આવવાથી સતિ ગાનવતી રીસાશે, માટે મહારાજા! ત્યાં તરત પધારો, અમારાથી શરમાઓ નહિ."

આ પ્રમાણે હાસ્યગર્ભિત વ્યંગવચનો શ્રવણ કરી રાજેંદ્રે મુખ્ય પ્રધાનને પોતાની હજૂર બોલાવી તત્સંબંધી પ્રબંધ પૂછ્યો, તો પ્રધાને કહ્યું–"નેકનામદાર! મારા જાણવામાં કશું નહતું, મને પણ અંતઃપુરમાંથીજ ખબર મળ્યા હતા. મેં તે વિષે કશી ખાત્રી કરી નથી. સત્યાસત્યની પરિક્ષા તો ત્યાં જઇ જોવાથીજ થાય તેમ છે માટે ત્યાં પધારવું ઉચિત છે."

આ પ્રકારે પ્રધાનનું બોલવું થતાં અંતઃપુરમાંથી ઉઠી–ઉભા થઇ એકથંભીઆ મહેલ તરફ પ્રધાનસહ ગમન કર્યું જ્યારે એકથંભીઆ મહેલે જઈ પહોંચ્યા અને તાળાં વગેરેની નિશાનીઓ તપાસી જોઇ તો પોતાની રૂબરૂ કરવામાં આવી હતી તે મુજબ કાયમજ હતી, એથી રાજાના મનમાં અતિ વિસ્મતાએ પ્રવેશ કર્યો અર્થાત્ જ્યા

રે નિશાનીઓ શીલ તૂટેલ નથી તો પછી પરપુરૂષ અંદર ગયો શી રીતે? અને જો ન ગયો હોય તો સગર્ભા થઇ શી રીતે? માટે ખચીત આશ્ચર્ય છે?? તાળાં ઉઘાડયાં, મહેલમાં એકદમ દાખલ થયા. માનવતી પોતાના પુત્રને ઝૂલાવતી હતી તેને જોઇ અને માનવતીએ પણ પોતાના પ્રાણપતિને આવેલા દીઠા. કે તુરત ઉઠી પ્રણામ કરી મર્યાદા સહ ઉભી રહી. રાજેંદ્ર પલંગપર બેઠો અને બાળકને જોતાં કૃતાંત કોપ પ્રકટ કરી રાણી પ્રત્યે પૂછયું કે:-

"પનોતાં દેવી! મારા સંયોગ વિના પુત્ર કયા પ્રકારે પ્રાપ્ત થયો એ સર્વ સત્ય હકીકત કહી બતાવો. હું વિદેશ ગયો હતો છતાં આમ બનવાનું કારણ શું? શું કોઈ દેવનું અનુષ્ટાન કરી પતિ વિના પુત્ર રત્ન સંપાદન કર્યું છે? તમે દૃઢ જૈનધર્મી છો, જેથી કદાચ શાસન દેવે સાહ્ય આપી હોય, આખરૂ તો બહુ સારી કહાડી (?) કુળને કલંકિત કર્યું. હું ધન્યવાદને પાત્ર થયો કે તમને વર્યો. તમે તમારા બોલેલા બોલો પાલન કરો પગે તો ન લગાડયો, પણ તમારી જાતને કલંક લગાડયું- માન સહિત મ્હોંડેથી વચન બોલ્યાં હતાં કે બકયાં હતાં? ભલા એ તો કહો કે આ બાળકનો બાપ કોણ છે? જે એનો પિતા હોય તેને તમો જઈને સુંપરદ કરો અને તેના ઘરને તમે શોભાવો. તમારૂં પૂરૂં મારાથી નહિ પડી શકે; કેમકે તમે તો દેવી સ્વરૂપ છો. હું હાર્યો ને તમે જીત્યાં. જો તમે આ કૃત્યને પહોંચશો એમ મારા જાણવામાં હોત તો તમારી સાથે આકરી બાકરી બાંધતજ નહીં. મને લોકમાં નીચું જોવા જેવું કર્યું ધિઃકાર છે! સતકોટી ધિઃકાર છે!! કુળહીણી ફિટકાર છે! નિર્લજ્જે! તું શું મ્હોં લઇ મારા સન્મુખ ઉભી રહી છે હુંજ ભૂલ્યો કે મને જ્યારે યોગિણી મળી ત્યારે તને સોંપી તેની ચેલી ન બનાવી. જો તેમ કર્યું હોતતો સીધી અને રાંડી ટમ થઇ જાત; જો કે ત્યાં પણ તું સખણી તો રહે

તેવી ન હતી. તો પણ મારે ત્યાંથી તો બલા ટળત."

નમ્રતાથી **માનવતી** બોલી–" નાથજી! આમ અવિચાર્યા બો ~~બો~~ બોલો. આપની બલિહારી જાઉં! આવાં વધારે પડતાં વચન ન વદો. આ પુત્ર આપના અંગથીજ ઉત્પન્ન થયેલો છે. એમાં જરા પણ વ્હેમ ન લાવો. આપની હું તો ચરણ ચાંપનારી દાસી છું અને આપ સાથે વિલાસ રમતાંજ આ પુત્રરત્ન પ્રાપ્ત થયું છે. આપણે ક્યાંય બન્ને મળ્યાં હતાં કે નહિ? હે નાથ! તેતો જરા યાદીમાં લાવો. આપજ ભૂલોછો, પ્રભુ! હું મારો ધર્મ ભૂલી નથી. મારામાં કસૂર પણ આવી નથી. જો આપ આ વાત ન માનતા હો તો હું કહો તો નિશાનીઓ પૂરી પાડું. ત્યાર પછી તો સત્ય માનશો કે નહિ?"

ભૂપતિએ કહ્યું–" જો મારી નિશાની કોઇ પણ હોય તો બતાવો તો હું જાણું કે એ વાત ખરી છે."

આટલું વદતાંજ માનવતીએ તરત હાર અને નામાંકિત મુદ્રિકા પતિના અગાડી રજૂ કરી. એટલે તેને જોઇને રાજેંદ્ર બહુજ વિચારમાં પડયો અને વિચારવા લાગ્યો કે–" અરે! આશો ગજબ? ખરેજ આ વાત તો ભેદ ભરેલીજ ભાસે છે!! નિશાનીઓ તો મારી જ છે; પરંતુ એને મેં આપેલી નથી, તો આની પાસે કેવી રીતે આવવા પામી?! ખચિત એણીએ કંઇક પ્રપંચ કર્યો છે. એકસ્તંભીઆ આવાસમા રહીને પણ પાંસરી રહેલી જણાતી નથી. પણ કેવી રીતે ખટપટ ચલાવીને હાર અને વીંટી હાથ કર્યાં એ જાણવું જોઇએ." એમ વિચારી માનવતીને પૃચ્છા કરી–" હે સુંદરી! આ મુદ્રિકાને હાર મેં તને આપેલ નથી છતાં તારી પાસે શી રીતે આવવા પામ્યાં? તારો અને મારો મેળાપ સ્વપ્નમાં પણ થયેલો નથી તો તાજુબ થઇયું કે આ વસ્તુઓ તેં શી યુક્તિએ હાથ કરી! આ તો કૌતુક જેવી વાતો તેં કરી બતા

રી છે માટે મારા અગાડી જે સત્ય હોય તે કહે, તારા સર્વે ગુન્હા માફ છે. ”

માનવતી ઘુંઘટપટથી મુખ ઢાંકી હાથ જોડી વિનયસહ વાણી વદી કે-“ મહારાજ ! શ્રવણ કરો. આ શહેરમાં જે મનહર યોગિણીની આપને ભેટ થઈ હતી કે જેને આપ અતિ ઉત્સાહસહ પગે લાગતા હતા, હે સુગુણ સ્નેહી સાહેબા ! જે અવધૂતણી આપને ડુંઆ મારતી હતી, પગલે પગલે ગાળો દેતી હતી અને આપ તેના વગરદમડે વેચાણ થઇ રહ્યા હતા તે યોગિણી ન હતી, પણ આ આપની દાસીજ યોગિણી રૂપે બની હતી. શિરતાજ ! વળી દક્ષિણ પંથે પરણવા પધાર્યા હતા ત્યારે અર્ધપંથે એક સુંદર સરોવર આવ્યું હતું ત્યા એક વિદ્યાધરી સાથે આપે પાણીગ્રહણ કર્યું હતું અને તેણીના અગાડી આપે ટેક તજી ચરણોદક પીધું હતું અને બળદની પેઠે નાથ ઘાલી, હે નાથ ! ફેરા ફર્યા હતા, તે વિદ્યાધરી દેવી ન હતી, પણ આપના ચરણ ચાંપનારી આ કિંકરીજ હતી. તે પછી રત્નવતીને વરી આનંદિત થયા ત્યાં જે રાજગોરાણીનો મેલાપ થયો હતો કે જેણીએ આપને એઠો કંસાર આરોગાવ્યો હતો, આપને ભોળવી ભરમાવી લલચાવી પ્રેમફંદમાં ફસાવી છ મહિના મુંગીપાટણમાંજ નિવાસ કરાવ્યો હતો અને જેણીને સાથે આપે સ્નેહ જોડી સાંસારિક સુખવિલાસ વિલસ્યો હતો તેથી તેણીને આપના સંયોગથી ગર્ભ રહ્યો હતો અને તેણીને આપે આ નિશાનીઓ આપી હતી તે રાજગોરાણી અન્ય નહિ પણ હુંજ હતી. હવે આપજ ફરમાવો કે આ વાતો સત્ય છે કે અસત્ય ? અને આ નિશાનીઓ આપનીજ આપેલી કે બીજાની તથા આ પુત્રની ઉત્પત્તિ આપના અંગથીજ છે કે બીજાથી ? જો આ વાતો જૂઠી હોય તો મારા ખોળામાં ઘાલો. એજ આપ અને એજ હું છું છતાં આપ છેક આમ વિસરી ગયા એ ખરેજ તા-

જુગ થવા જેવો પ્રકાર છે! મેં મારા બોલેલા બોલો પાળ્યા છે કે નહિ તેનો આપજ વિચાર કરી લ્યો. હજુ પણ જો હોંશ રહી હોય તો ફરમાવો કે અન્ય પણ પ્રતિજ્ઞા પાલન કરી બતાવું. મહારાજ! સ્ત્રીને કોઇ પણ છંછેડવીજ નહિ. આવા ઘરમાં રહ્યા છતાં કેવાં કામો કર્યા તે તરફ દૃષ્ટિ કરો આ રાજકુમારને હે સ્વામી! ખોળામાં લ્યો, રમાડો, પ્યાર કરો. અન્યનો અંગજ છે એમ જરા પણ વ્હેમ ન રાખતાં તેના પ્રત્યે વાત્સલ્યતા પ્રકટ કરો. હું નઠારી વર્ત્તણુંકની છું એ સંદેહને ત્વરાથી ત્યાગી દો. હે મસ્તકમણિ! હું તો આપના પગની મોજડીછું અને આપ તો મારા મસ્તકના મુકુટ છો. હું કાંટાળી બાવળી છું અને આપ કલ્પવૃક્ષ છો, હું દીવટ સરખી છું અને આપ દીપકવત્ કુળદીપક છો. હે નાથ! જે અમારી અવિનય થયો હોય તે સર્વને માટે મને માફી બક્ષો. માત્ર એક વચનને આમળે આપથી આકરી બાકરી બાંધવી પડી એ મારાથી મોટી તકસીર થઇ છે. હું આપ સાહેબની ખાસ ગુન્હેગાર છું કે જે ન કરાવા યોગ્ય આપદ્વારા કાર્ય કરાવ્યું છે માટે હવે આ તકસીરવારને જે દિલચાહે તે શિક્ષા આપો. આપે તો જાણ્યું હતું કે આ કામિની મને કેવી રીતે છેતરશે; પરંતુ સ્ત્રી ચરિત્ર અગાધ છે આ વાતને આપેં ધ્યાનમાં લીધી ન હતી, હશે જે થયું તે થયું હવે મને તો પોતાની દાસી જાણી માફી બક્ષી વામાંગમાં સ્નેહસહ સ્થળ આપી ભાગ્યશાળી બનાવો."

આ પ્રમાણે વલ્લભાનું ભાષણ સાંભળી રાજા તો દિંગ થઇ ગયો અને દાંતોના વચમાં આંગળી દબાવીને માથુ ધુણાવા લાગ્યો અને ચિંતવવા લાગ્યા કે–" અહાહા! ચતુરા ચરિત્ર તો અકળ છે!! મને એણીએ કઠણ કાળજુ કરીને પૂરેપૂરો ધૂત્યો છે, ઠીક ઠગ્યો છે, લલચાવ્યો, ભરમાવ્યો, ભુલાવ્યો વિકળ બનાવ્યો, અક્કલ શૂન્ય ઠરાવ્યો છે!!! હવે હું એને કોઇ વ-

ખત પણ છેડીશ જ નહીં, જો ફરી એની છેડ કરવા જઉં તો વળી કોઇ જૂદીજ ખુબી લડાવી મને ગર્ગમાં ખપાડે. અહા! એણીએ આ-વા વિષમ સ્થળમાં બેઠે બેઠે કેવી કેવી બુદ્ધિ કેળવી મને પગે લગાડયો, પૂરા બોલ પાળ્યા અને સ્હેજમાં સંતાન પણ પ્રાપ્ત કર્યું. ખરે-જ એને સ્વધર્મે સહાયતા આપી છે ”

આવો વિચાર કરી ત્યાંથી રાજેંદ્ર ઉઠી ઉભો થઇ રાજમહેલ તરફ હસતો હસતો રવાના થયો અને અતી આડંબરસહ ચતુરંગી સેના પૂર્વક પ્રધાનને એકસ્તંભીઆ મહેલે મોકલી માન્ય સહિત માનવતી અને રાજકુમારને અંતઃપુરમાં લાવવા હુકમ કર્યો. અને પ્રધાને પણ આજ્ઞાને શીરપર ચડાવી માનવતીને મહા માન અકરામ સાથે અંતઃપુરમાં લઇ આવ્યો કહ્યું છે કે-

કરે કષ્ટમાં પાડવા દુર્જન ક્રોડ ઉપાય, પણ પરમેશ્વર પાંસ રે (તો) વાર ન વાંકો થાય. શોકયોની ધારેલી ધારણા ધૂળમાં મળી ગઈ અને માનવતી માનીતિ થયાનાં પૂર ચિન્હો પ્રદર્શીત થયાં દૈવની ગતિ વિચિત્ર છે. !

પ્રકરણ ઓગણીસમું.

દંપતિમિલન હર્ષ-હાસ્યક્રીડા-રતિવિલાસ.

જીત મેળવવાને માટે મનુષ્યે કોઇ સમય પુષ્કળ હિમ્મત રાખવી જોઇએ છે અને કોઇ સમય ચતુરાઇ પણ વાપરવી જોઇએ છે; વખત અને ધીરજ બન્નેનો ઉપયોગ કરવાથી કાર્ય સિદ્ધિ થાય છે.

નેપોલિયન.

અહા! પુણ્યની બલિહારી છે, જે રાણી અણમાનીતી અને પ્રેમને પાત્ર થવામાં સર્વ સાધનો પ્રતિકૂળ હતાં છતાં તેજ માનવતી માનીતી

થવાનો સમય દૃષ્ટિના વિદ્યમાન દેખાય છે. અત્યંત ઉત્સવ-મહોત્સવ આનંદ રંગ વધામણું માનવતીના મેલાપના હર્ષ વખતે કરવામાં આવ્યાં. અંતઃપુરમાં સુંદર સ્થળ સમર્પવામાં આવ્યું. અને દંપતિ સ્નેહ સહિત ભેટી સ્નેહ વચનનો આનંદ લેવા પરસ્પર હાસ્ય વિનોદ કરવા લાગ્યાં. આથી સજ્જનોને આનંદ અને દુરજનોને કલેશ સંપાદન થયો. **માનવતી**એ હાસ્યમાં પ્રાણનાથને કહ્યું-" નાથ ! મને સ્પર્શ કરતા નહિ, અળગા રહેજો. મારા મનમોહન વ્હાલાજી ! મને વતલાવશો નહિ. હું હાથ જોડીને અરજ કરૂં છું કે મને પરણાનેજ પરહરિ હતી માટે હવે શીદ મલાવડાં કરો છો. મને એકસ્તભિયા મ્હેલનાં દુઃખો ભાલાની પેઠે સાલે છે, મારી શોકયમંડળમાં ફજેતી કરી, જેમ ઘીમાં પડેલી મક્ષિકાને ફેંકી દે તેમ મને તજી દીધી હતી અને મારે માથે દુઃખ વરસાવવામાં કંઇ પણ મણા રાખી નથી. મારે માથે દુઃખનાં ઝાડ ઉગ્યા હોત તો નિશાની રહેત ! યૌવનવયમાં નાથ વિના એકલી નારિના દિવસો કયા પ્રકારે વ્યતીત થતા હશે તે તરફ જરાપણ લક્ષ ન આપતાં પુષ્કળ વિરહ વન્હિનો સંતાપ સહન કરાવ્યો. દયાળુ પતિ ! જરા પણ મુજ અબળા માટે આપના દિલમાં દયાના અંકુરોજ સ્ફુરાયમાન થયા નહિ ? ! નમેરા નાથ ! હાથ ઝાલી આમ તરછોડી મેલવી શું ઘટિત હતી ? નગીના નવલસ્નેહી ! શું કીડી ઉપર કટક અને ચીભડાના ચોરને મોથશેના મારનો ઉપયોગ કરવો મુનાસિબ હતો ? રસિકપણા રસિયા હજું પણ જો એવી રીતિ રાખવી હોય તો મને મોહ બતાવી તિરસ્કાર કરતા નહીં. મારા મન માન્યા મહરાજ ! હું તો બહુ હોંશ ભર આપની ભેટ લઇ ભાગ્યશાળી બનવા આતુર હતી; પરંતુ આપે તો તેવો સમય હાથજ આવવા દીધો નહિ. મેં તો કાળજાની કોર, નેત્રની પૂતળી, હૈયાના હાર, ને માથાના મુકુટ સમાન ગણ્યા છતાં આપે પ્રથમ સમાગમથીજ કબ્જાડાનો વેશ

મુજરવો શરૂ કર્યો, એથી નિરાશાને સ્વાધીન થઇ અને વિરહીની અવસ્થાઓનો ઉપયોગ કરતી, જેમ તેમ વળખાં મારતી, વગડાની વાગોળની પેઠે પાછળ પાછળ ભટકતી, દુઃખ વેઠતી નાથને મનાવા ઉદ્યોગ આદર્યો અને પ્રારબ્ધે મહેનતનો બદલો બક્ષ્યો, જેથી આજ ચાર આંખો ભેગી કરી વાત કરવાનો વખત હાથ લાગ્યો છે. પણ મને આપના અંટીલા સ્વભાવથી ભારે ભય રહે છે કે હસતાં હસતાં વળી કંઇ સ્હેજ બોલાઈ જાય તો રસિયાને રીસાઇ જતાં વાર ન લાગે; માટે હમેશાં રંગભર આ રસિલી સાથે રમણ કરવાની પ્રતીતિ આપો તો દાસી સદાને માટે દાસત્વતા સ્વીકારવા હાજર રહે. ફરમાવો કે હવે શી મરજી છે?"

હસીને માનતુંગે કહ્યું-" રસિકરમણિ! તમે તમારાં તંત્ર બળથી તાબેદાર બનાવ્યો છતાં પણ હજુ બડફાં બોલતાં બંધ થતાં નથી અને ઠપકો આપતાં જાઓ છો એ શું યોગ્ય છે? શું હવે પણ હું તમારાથી જૂદો રહી મગરૂરતાને તાબે થઇશ? છટ્ મેં એ વાતને અલગ ફેંકી છે. મન મેળાવો. મારૂં માનનો સઘળું તમે મુકાવીજ દીધું છે, તો હવે હું માનતુંગ નામ છતાં માન તુંગ રાખવા શક્તિમાન થઇ શકનાર નથી. તમો માનવતીએ પોતાના નામનું નીર જાળવી રાખ્યું છે. હવે ગઇ વાતને યાદ ન લાવો, હવે તો રસરંગભર વિહાર કરો, પરસ્પર પાણીગ્રહણના હક્ક પૂરા પાડવા દ્રઢ પ્રતિજ્ઞા કરો, દુર્જનોના કથન તરફ દુર્લક્ષ રાખવો, જે બનવા કાળ હતું તે બની ગયું તેમાં ડાહ્યાનું પણ ડાહાપણ ચાલી શકતું નથી માટે થઇ ગયેલી વાતનો શોચ કરવો વૃથા છે, તમો સમજુ છો એટલે હવે વિશેષ કહેવાની જરૂર સમજતો નથી. આપણ વચ્ચે વિધિએ આ પ્રમાણે વિયોગ સંયોગ નિર્માણ કર્યો હશે એટલે પછી હવે શોચ શો? હવે તો નર જન્મનો લ્હાવ લ્યો આપો અને આનંદમય રહો."

આ પ્રમાણે રસિયાનાં વચન શ્રવણુ કરતાંની સાથે માનવતી પ્રિયતમને પગે પડી, વક્ર કટાક્ષ, મંદહાસ્ય, હાવ ભાવ વડે વ્હાલાને વિહ્‌વલ કરી રતિક્રીડાનો આનંદ આપી વિરહ તાપ સમાવ્યો.

તદનંતર નિરંતર દોગંદુક દેવની પેઠે દંપતિ સાંસારિક સુખ વિલાસનો અનુભવ લેવા લાગ્યાં અને જેમ પુષ્પ સાથે વાસના, શરીર સાથે પરછાયો અને જીવ સાથે માયા સંલગ્ન થઈ રહે તેમ પરસ્પર આનંદ યુક્ત કાળક્રમણ કરવા લાગ્યાં. હોલીથી હોલો, અને સારસડીથી સારસ, જેમ જૂદો ન પડે તેમ જરાવાર પણ દંપતી જૂદાં પડતાં ન હતાં. પુષ્પની સુવાસમાં ભ્રમર લુબ્ધમાન થયા સમાન માનવતી સાથે માનતુંગ લપટાયો રહેતો હતો.

માનવતીના અંગજનું નામ મદનબ્રહ્મ પાડયું હતું. તે પણ પાંચ ધાવથી લાલન પાલન પ્રીણુન પોષણાદિથી વૃદ્ધિંગત થતો અનુક્રમે પાંચ વર્ષનો થયો. કે તેને સુશિક્ષક સમીપે વિદ્યાધ્યયન કરવા શુભ મુહૂર્ત્તે મૂકયો અને હીરાની ખાણુમાં હીરાજ પાકે તેની પેઠે તે પણ માતા પિતાના સમાન ટુંક વખતમાંજ વિદ્યા શીળગુણ સંપન્ન થયો.

આ પ્રમાણે સ્ત્રી પુત્રાદિના સુખ સહ રાજય સુખ ભોગવતાં કેટલાંક વર્ષ વ્યતીત થઇ ગયાં. અઢારે રાણીઓને અતિ સુખ સંતોષ આપી સર્વનો પ્યાર સંપાદન કર્યો અને માનવતી સંગથી રાજેંદ્ર જૈન ધર્મનો પૂર્ણરાગી થયો.

પ્રકરણ વીશમું.

રાજાને ગુરૂ ઉપદેશથી પ્રકટ થયેલી શુદ્ધ વૈરાગ્યદશા.

સદુપદેશથી સંસાર સુધરે છે. અનીતિનો નાશ થાય છે, સુનીતિનો વાસ થાય છે, ભવભ્રમણનો અંત આવે છે. સકળપદાર્થના

તત્વોનું જ્ઞાન થાય છે. મહાન્ પદનો ભોક્તા થાય છે અને જગત્ પૂજ્ય થઈ અક્ષય સુખાનંદી બને છે.

ઉપદેશ રત્નાકર.

મહારાજા માનતુંગ સાર્વભૌમ પદના પૂર્ણ સુખો અનુભવતાં કંઈક તૃપ્તિ પામ્યા હતા, તેવા સમયમાં ભોગની મોહિની કર્માદિની સ્થિતિ પરિપકવ થવાથી ઉજ્જયનીના ઉદ્યાનમાં શ્રી ધર્મઘોષ મુનિરાજનું પધારવું થયું. વનપાળકે તેમના પધારવાની વધામણિ આપી, એટલે રાજેંદ્ર મુનિમહંતને વાંદવા પરિજન પુરજન અને સ્વજનાદિસહ ઉદ્યાનમાં ગયા. ગુરૂરાજનું વિધિપુર્વક પાંચ અભિગમ સાચવી રાજેંદ્રે અને રાણીએ વંદન કર્યું. ગુરૂએ ધર્માશીશ આપી. તદનંતર યોગ સ્થળે બેસી ધર્મોપદેશ સાંભળવા બેઠા. ગુરૂએ પણ યોગ્ય જીવ જાણી જૈનધર્મના રહસ્યનો બોધ કર્યો. કે—" હે ભવ્ય જીવો. મનુષ્ય જન્મ ધારણ કરીને ધર્મ કરણી કરો. પાપથી પંડ ન ભરો. જો આ હિતશિક્ષા હૈયે ધરશો તો ખચિત શિવસુંદરીને વરશો. અસાર સંસારની સર્વે માયા જુઠી છે. માતા પિતા ભ્રાત મિત્ર વગેરે સર્વ સ્વાર્થને લીધેજ સગાઇ રાખનારાં છે. જેમ વાદળની છાયા જોતજોતામાં લય થઇ જાય છે તેમ સંબંધિ અને સંસારનું ક્ષણિક સુખ લય થઇ જાય છે. રાત્રિ પડતાં જેમ એક વૃક્ષ ઉપર પક્ષીઓ એકત્ર મળ્યાં હોય તેમ દરેક જન આવી ભેગાં મળ્યાં છે, પરંતુ પ્રભાત થતાં જેમ એકઠાં મળેલાં પક્ષીઓ ઉડી દશે દિશાએ નિર્વિલંબે જતાં રહે છે તેમ આપણે પણ નહિ જેવા સમયમાં રસ્તો માપનાર છીએ. કોઇ બાપ. કોઇ મા. કોઇ ભાઇ કે કોઇ પતિ વગેરે સગાઇ પ્રદર્શિત કરી આત્માને વ્હેંચી લે છે. ભલે કોઇ આ ક્ષણિક સુખવંત સંસાર કે જે ક્ષણભંગુર છે તેમાં કોઇ પ્રેમ કરો, કોઇ વૈર કરો, કોઇ સત્ય કહો કે કોઇ કુડાં કર્મ કરો; પરંતુ અંતે કર્યા કર્મ ભોગવી કિંવા તેનો સંચય સંગ્રહી મરણને શરણ થવું છે. પ્રાણથી પણ જેને વલ્લભ રાખ-

તા હોઇએ છતાં પણ જ્યારે કાળ આવી પહોંચ્યો કે પુન્ય પાપ કિવા નરક સ્વર્ગના પંથે પડે છે, પણ કોઇ પૂછવા પણ રહેતું નથી. અનંતા ગયા, અનંતા જાય છે અને અનંતા જશે, પણ તેમાં પુણ્યવંત જન ઘણાજ થોડા હોય છે. રાજા અને રાંકની અંતે એકજ ગતિ છે-મરવું બન્નેને સમાનજ છે. માત્ર સાથે પાપ ને પુણ્ય રહે છે. કાચા ઘડાનો ભરોંશો શું કરવો ? ધનનો શો મદ રાખવો ? અને સંધ્યારાગપર મોહ શો ? કેમકે તેનો લય થતાં જરા વાર લાગતી નથી. આ દૃષ્ટાંતે દુર્લભ મનુષ્ય ભવ ભ્રમરાક્ષર ન્યાયે પ્રાપ્ત થાય છે તેમાં દાન, શિયળ, તપ અને ભાવ એઓ અંગીકાર કરી જન્મ સફળ કરવો ઉચિત છે. જો સ્વાર્થના અંગે કોઈ પાપ કર્મ કરવાં પડે તો ડરી ડરીને કરજો કે જેની આલોયણા કરવાથી પાપબંધનથી મુક્ત થવાય. ”

આ પ્રકારે ગુરૂમુખની વાણી શ્રવણ કરી રાજેંદ્ર પ્રતિબોધ પામી હાથ જોડી પૂછવા લાગ્યો “ હે તરણ તારણ ગુરૂરાજ ! મને કૃપા કરી કહો કે, મારી સ્ત્રી માનવતીએ મને કેમ પગમાં નમાવ્યો ? પોતાના બોલો એણીએ મારી સાથે પૂર્ણ પણે પાળ્યા અને મારી તેમાં કશી કારીગિરી ચાલીજ નહીં તેનું હે સ્વામી ! મને કારણ પ્રકાશો ? ”

આવાં માનતુંગ મહીપાળનાં પ્રશ્નો શ્રવણ કરી જ્ઞાની ગુરૂ જ્ઞાનબળ ઉપયોગથી પૂર્વજન્મ, વૃત્તાંત કહી શંકા દૂર કરવા લાગ્યા કે—“ આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં પૃથિવીભૂષણ નગરના વિષે તિલકસેન રાજા રાજ્ય કરતો હતો. એ શહેરમાં એક ધનંદત્તશેઠ રહેતો હતો તેના તમે પુત્ર હતા. એટલેકે મોટા પુત્રનું નામ જિનદત્ત અને ન્હાના પુત્રનું નામ જિનપાળ હતું. તે પૈકી તમારો જીવ જિનદત્ત અને માનવતીનો જીવ જિનપાળ હતો. જિનપાળને સદ્‌ગુરૂનો સંગ થવાથી તેનું

મને ધર્મમાં રંગાણું, તેથી તેણે મૃષાવાદ ન બોલવાનું પચ્ચખાણ લીધું. વ્યાપારમાં કે હાસ્યમાં પણ જૂઠું ન બોલવાનો અડગ નિયમ રાખ્યો. જિનપાળ એમજ જાણતો હતો કે કૂડ ત્યાં ધૂડ (ધૂળ)જ છે. વ્યાપારમાં સત્ય બોલવા માંડયો એથી લાભને બદલે ખોટ જવાનો વખત હાથ લાગ્યો. મનુષ્ય પ્રમાણિક છે, પણ વ્યાપાર પ્રમાણિક નથી એ કહેવતને જિનદાસે ખોટી પાડી હતી; કેમકે પોતે અપ્રમાણિક વ્યાપારને વશ છતાં પોતે કેવળ પ્રમાણિક રહ્યો હતો અર્થાત્ ધંધામાં મનુષ્ય માત્રને જરા પણ પાઠાફેર અપ્રમાણિક વચન બોલવું જ પડે છે પણ જિનપાળ તો તેમ કરતોજ નહિ. થોડો લાભ મળતો અને તે લાભમાં મળેલાં નાણાં સત્કર્મમાં ગુપ્ત પણે વાપરી દેતો હતો એથી લાભને બદલે ખોટ નજરે જણાતી હતી, એક દિવસ જિનદત્તે નામાનો ચોપડો તપાસવા માંડયો તેમાં વકરો થતાં છતાં લાભ જોવામાં આવ્યો નહિ, એથી જિનદત્તે જિનપાળને પૂછ્યું-"ભાઈ! વધારે લાભ પેદા કરવો તો ઘેર ગયો, પણ ઉલટી ખોટ કેમ જણાય છે? આવો વેપલો ડોહળવાથી સોના સાઠ થાય છે. મૂર્ખ! આવો વ્યાપાર તું કયાંથી શીખ્યો? ભારે કમાણી કમાયો! આવી રીતનો વ્યાપાર કરશો તો પેટનું પણ શી રીતે પૂરૂં પાડી શકશો? અથવા તો કોઈ ખોટી ખિસલતમાં-વ્યભિચાર-દુર્વ્યશન વગેરેને છંદે ચડયા છો? જો એમ હશે તો ફકીર થઈ જશો. રળતાં છતાં નુકશાનનું પાસું જણાય એ અજાયબ જેવું છે માટે સાચું કહે કે આવેલા લાભને કયે રસ્તે ઠેકાણે પાડયો?"

જિનપાળે કહ્યું-"મોટા ભાઈ! મેં ખોટે રસ્તે દ્રવ્ય ખરચ્યું જ નથી માટે નાહક માથાકૂટ શિદ કરો છો. જો તમને ધનની બહુજ તૃષ્ણા હોય તો બોહળો વ્યાપાર ખેડો અને સોનાનાં નળીયાં કરો. હું જાણું છું કે તમે તો ધનને સાથે લઈનેજ ચિતામાં સુવાના હશો? બાકી

ધન તો ધરતીમાં ડટાયલુંજ પડયું રહેશે, સાથે તો ફકત પાપ કે પુણ્ય જ આવનારું છે. વાવીએ તેવુંજ લણવાનું છે. ગુણવંતા બન્ધુ! મેં તો તન-મન યૌવન સગાં સંબંધી સર્વ કારમાંજ છે એમ જોયું-જાણ્યું છે, જેથી બીજાને ધૂતી લેવું એ કામ મારાથી કદી પણ બનનાર નથી."

આ પ્રમાણે જિનપાળનું બોલવું સાંભળી જિનદત્તને ગુસ્સો ચડયો. ભાવી મિથ્યા થતું નથી. જિનદત્તે અતિક્રોધના આવેશને લીધે પાસે પડેલી પાંચશેરી ઉપાડીને જિનપાળને મારી અને તે મર્મસ્થાનમાં સખ્ત રીતે વાગવાથી તરત જિનપાળ મરણને શરણ થયો. ત્યાંથી મરીને એક વચમાં ન્હાનો ભવ કરી ત્રીજે ભવે માનવતી થઇ અને પરભવમાં જિનધર્મની વાસના હતી તેથી અહિ પણ ઉત્તમકુળ અને જિનધર્મ વાસના પ્રાપ્ત થયાં.

જિનદત્તના અવિચારી કૃત્યથી માઠું પરિણામ આવતાં તેને બહુ પસ્તાવો થયો અને ભાઇના વિરહથી કેટલેક વખતે મરણ પામી રાજકુળમાં (માનતુંગ) રાજા થયો. ન્હાના ભાઇએ શુભ કૃત્ય કર્યા છતાં મરતી વખત આલોયણા ન લીધી તેથી સ્ત્રીવેદ પ્રાપ્ત થયો અને પાપ કર્યા છતાં જિનદત્તે આલોયણા લીધી તેથી રાજપદ પામ્યો. પૂર્વે જન્મના વૈરવડે કરીને તેં તેને (માનવતીને) દુઃખ દીધું. અને માનવતીએ સત્યવચન વ્રત પાળવાથી અહિ પણ સત્યવચન સહ બોલ્યા બોલ પાળ્યા અને ધરમ પ્રતાપથી ધારેલી ધારણામાં પાર પડી. રાજેંદ્ર! મૃષાવાદ પરિત્યાગનો આવો મહિમા છે!"

આ પ્રકારે સદ્દગુરૂનો ઉપદેશ સાંભળી જાતિસ્મરણ વડે પૂર્વ વૃત્તાંત નિહાળી માનતુંગ પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે—" હે દયાળુ ગુરૂ! મેં તો આટલા દિવસો જૂઠમય ગુજાર્યા અને પાપે પિંડ ભર્યો હવે મારી શી ગતિ થશે!"

ગુરૂએ કહ્યું—" મૃષાવાદના પાંચ ભેદ છે. બારવ્રતમાં તે બી-

જુ વ્રત છે અને તે વ્રતોનું એક એકથી અધિક અધિક ફળ છે. આ બીજા વ્રતના પ્રતાપથી પણ અનેક જનનો ઉદ્ધાર થયો છે અને શિવસુંદરીને વર્યા છે. અને તમો પણ તેવાજ કોઇ વ્રતને અંગીકાર કરો કે જેથી ઉદ્ધાર થઇ જાય. ”

ગુરૂનાં વચન શ્રવણ કરી માનતુંગ રાજાએ વિનતી કરી–“ઉપકારી ગુરૂ ! મારો ઉદ્ધાર કરો. ભવસમુદ્રથી ઉગારો. અને શિક્ષા આપી સર્વ પાપની નિવૃત્તિ થવાની શીક્ષા આપો. ”

ગુરૂ બોલ્યા—“ સગાંસંબંધીઓની અનુમતી મળ્યા પછી દીક્ષા દેવાની મર્યાદા છે માટે તેમ થશે તો દીક્ષા દેવામાં કશી અડચણ નથી. ”

વાચકવૃંદ ! આ પ્રમાણે ગુરૂની વાણી સાંભળી રાજા નગરમાં આવી તરત પોતાના પુત્રને રાજ્યનો ભાર સોંપી સત્તર રાણીઓનો પરિત્યાગ કરી દીક્ષા લેવા ઉત્કંઠિત થયો. એટલે માનવતી પણ અસાર સંસારનો મોહ નિવારી પતિ સાથે દીક્ષા લેવા તૈયાર થઈ. ગુરૂએ પણ એ બન્ને ભવ્યજીવોને હળુઆ કર્મી જાણીને દીક્ષા દીધી એટલે તેઓ આગારી મટી અણગારી થયાં. પંચમહાવ્રતધારી થઇ નિરતિચાર પાળતાં વિનયાદિક અભ્યાસ સહ ઉગ્ર વિહાર કરતાં હતાં. રાજર્ષિ માનતુંગ અને સાધ્વી માનવતી દ્વાદશાંગીનાં જ્ઞાતા થયાં. નિર્દોષપણે ચારિત્રપાળી, મિત્ર શત્રુ સમ ગણી, શમ–દમ–ક્ષાંતિ–સંતોષાદિ ગુણોથી પૂર્ણ મહાવ્રતધારીપણે વિચરી જિનઆજ્ઞાને શિરોધાર્ય કરી ભોગવેલાં રાજ્યઋદ્ધિ, સુખાદિનો સ્વપ્નમાં પણ અતિચાર ન લાવતાં સર્પે તજેલી કાંચળીની પેઠે નિર્મોહ નિર્મમ રહી ચાર કષાયનો ત્યાગી કરી જિનકલ્પી વિહાર કરતા અને ભવ્યજીવોને પ્રતિબોધતા અંતે માસની સંલેખણા કરી બન્ને જણ કાળધર્મને પામી સર્વાર્થસિદ્ધ નામના પાંચમા અનુત્તર વિમાનમાં તેત્રીશ સાગરોપમને આયુષે ઉત્પન્ન થ

યાં ત્યાંથી ચવીને મહાવિદેહક્ષેત્રમાં અવતાર ધરી ઉત્તમ કરણી કરી દીક્ષા લઇ સકળ ઘનઘાતી કર્મક્ષય કરી કેવળ પામી શિવપદને પ્રાપ્ત કરશે. આ પ્રમાણે સત્યવચનના પ્રભાવથી માનવતી મંગળમાળ પામી. નીતિ પણ કહે છે કે–

સત્યવચન વદતાં સદા, પામે યશ સુખપૂર;
અસત્યથી અંતે થશે, ભુંડાઇ ભરપૂર.

ઉપસંહાર.

પવિત્ર પ્રિય પાઠક પરિષદ્! આ કથાનક ઉપરથી એટલોજ સાર ગ્રહણ કરવાનો છે કે– જે કંઇ બોલવું તે અવિચારી પણે બોલવું નહિ. નહિતો માનવતિની પેઠે ઉપાધિ અને સંકટમાં ગિરફ્દાર થવાનો સમય સંપાદન થાય છે. **બીજો** સાર એ લેવાનો છે કે પુરૂષે સ્રીનો વિશેષ કેડો લેવો નહિ નહિ તો અંતે માનભંગ થાય છે, રહે તો આપથી અને જાય તો સગા બાપથી. એવો સ્રીઓનો રીવાજ છે માટે સ્નેહ સાંકળથી બંધનમાં રાખી આનંદમય વર્ત્તવું. **ત્રીજો** સાર એ લેવાનો છે કે યુક્તિ પ્રયુક્તિ વડે ગમે તેવી મુશીબત ભરયાં કામો પણ પાર પાડી શકાય છે. **ચોથો** સાર એ ગ્રહણ કરવાનો છે કે પુરૂષોએ કામાંધ થઇ સ્રીના ફંદમાં ન ફસાવું નહિ તો માનહાની જ થાય છે, **પાંચમો** એ સાર લેવાનો છે કે ગાન તાન વાદ્ય કે જે વિશ્વને વિમોહ કરનાર છે તેમાં હદ ઉપરાંત તલ્લીન બનવું નહિ નહિ તો છેવટ, મૃગને શિકારી ગતિ સમર્પે છે તેવી ગતિ થાય છે. **છઠો** એ સાર ગ્રહણ કરવાનો છે કે હમેશાં જેમ બને તેમ સત્ય વચન બોલવાં કે જેથી સુયશ માન મરતબો વૃદ્ધિ પામે છે અને અંતે સદ્ગતિ થાય છે. આ શિવાય પૈસા દેખી પો-

તાની નિમકહલાલીને ન તજવી, તથા જેવો સમય જોવી કલ ચલાવવી, દુઃખ સમય ધીરજતા ધારણ કરવી, સંબંધીએ સંકટ આવી પડતાં તેને યોગ્ય સહાયતા આપવી અને સોક્યોગ ગાઇ શત્રુની ગરજ સરવા સરખીછે વગેરેવગેરે સાર ગ્રહણ કરવા. મનુષ્ય જન્મ પામી શકત્યાનુસાર સુકૃત કરી જન્મ સાર્થક કરવા ખંત રાખવી એ દરેક મનુષ્યની ફરજજ છે માટે તે ફરજ અદા કરવા કહ્યું છે કે-' જેની વાણી રસવાળી છે, જેને પુત્ર સતી સ્ત્રી છે અને જેની દાનવાળી લક્ષ્મી છે, તેનુંજ જીવિત છે. જેને યશ અને કીર્તિ હોય તે પુરૂષ જીવે છે અને જેને અને કીર્તિ નથી તે પુરૂષ જીવતાં છતાં મરેલા જેવો છે.' ધન ચળ છે, ચિત્ત ચંચળ છે, જીવિત ચચળ છે, યૌવન ચંચળ છે ને આ બધુંજ ચળાચળ છે, તેથી જેની સારી કીર્તિ છે તે પુ જીવે છે.' માટે સત્યને વળગી રહી અમર નામ રહે તે કાર્યો જીવન સાફલ્ય કરવું એજ આ વાર્ત્તાનો ઉદ્દેશ અને ઉપદેશ છે પણ સર્વ મળી એજ ઇચ્છો કે સદૈવ જૈનબંધુઓનો વિજય ઓ, જિનવાણીનો દિગંત લગી ફેલાવો થાઓ. અહિંસા ધર્મ ર્વે સ્થળે વિજય ધ્વજ ફરકો અને સર્વ જૈનો સત્ય પંથે પરત્વ રંતર મનવાંછિત સાફલ્ય કરો.

તથાસ્તુ !

સમાપ્ત

